# કલ્યાણ




વર્ષ ૧૮ : અંક ૮
આસો : ૨૦૧૭

માનદ સંપાદક : કીરચંદ જે. શેઠ

ઑકટોબર–'૬૧
વીર સં. ૨૪૮૭

# વિષય દર્શન


| લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|
| ઉઘડતે પાને : | સં. | ૫૬૯ |
| કાળને પલટાવવો હોય તો : | વૈદ્ય મો. ચુ. ધામી | ૫૭૧ |
| રામાયણની રત્નપ્રભા : | શ્રી પ્રિયદર્શન | ૫૭૩ |
| પશ્ચાત્તાપના આંસુ : | શ્રી પ્રિયદર્શન | ૫૭૮ |
| મહામંગલ શ્રી નવકાર : | સંપા. મૃદુલ | ૫૮૧ |
| સાધર્મિક ભક્તિનો સાચો આદર્શ : | પૂ. આ. વિજય રામચંદ્રસૂરીજી મ. | ૫૮૯ |
| મધપૂડો : | શ્રી મધુકર | ૫૯૭ |
| સૌરાષ્ટ્ર અને કચ્છને લાગુ કરવામાં આવેલો મુંબઈ પબ્લીક ટ્રસ્ટ એકટ : | પં. શ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખ | ૬૦૩ |
| નવનીત : | શ્રી પ્રિયમિત્ર | ૬૦૫ |
| સાચા બાન્ધવ કેવા હોય ? | પૂ. મુ. શ્રી મહાપ્રભ વિ. મ. | ૬૧૦ |
| ગળું અને સ્વરનાડી : | વૈદ શ્રી કાંતિલાલ દેવચંદ શાહ | ૬૧૩ |
| વીતરાગ શાસન પામેલાઓ પ્રત્યે : | શ્રી સુંદરલાલ ચુ. કાપડીઆ | ૬૧૮ |
| સાભાર સ્વીકાર : | સં. | ૬૨૨ |
| ધાર્મિક અને સખાવતી ટ્રસ્ટોની આવક પર લદાયેલો વેરો : | | ૬૨૯ |
| સમાચાર સાર : | સંકલિત | ૬૩૧ |


## કલ્યાણનું નવું સરનામું નોંધી લેશો

'કલ્યાણ'ને અંગે જે કાંઈ વ્યવહાર કરવો હોય, લવાજમ મોકલવા, અંક ન મળ્યાની ફરિયાદ, લેખો મોકલવા, સાભાર-સ્વીકાર માટે પુસ્તકો-પ્રકાશનો મોકલવા, જાહેરાતો મોકલવી. પરિવર્તનાર્થે અઠવાડીકો, પાક્ષિકો, માસિકો મોકલવા ઇત્યાદિ 'કલ્યાણ'ને અંગેનો સઘળો વ્યવહાર હવેથી નીચેના સીરનામે કરવા વિનંતી છે.


શ્રી કલ્યાણ પ્રકાશન મંદિર

ઠે. શીયાણીપોળ રોડ

મુ. વઢવાણ શહેર :: (સૌરાષ્ટ્ર)

# ઉ...ઘ...ડ...તે પા...ને

## વાચકો, લેખકો તથા શુભેચ્છકોને :

પર્વાધિરાજ શ્રી પર્યુષણાપર્વના મહામંગલકારી પ્રસંગે સમાજની સેવામાં ખાસ વિશેષાંક પ્રગટ કરીને 'કલ્યાણે' સમાજના સાહિત્યરસિકોને અપૂર્વ સાહિત્યની રસલ્હાણ કરી છે, કલ્યાણ'માં નિત નવું, આકર્ષક તથા જૈનદર્શનના મૌલિક તત્વોનો પ્રચાર કરતું વિશ્વમંગલની ઉદાત્તભાવનાને પ્રેરણા આપતું સાહિત્ય નિયમિત વિવિધ વિષયસ્પર્શી, હળવું ને તાત્વિક સત્ત્વપ્રધાન પ્રસિધ્ધ થતું રહેશે એની સર્વ કોઈને અમારા તરફથી સ્પષ્ટતા કરવાની જરૂર નથી.

ચાતુર્માસના મંગલ દિવસો એક પછી એક પૂર્ણ થવા આવ્યા : આરાધનાના પવિત્રતમ પ્રસંગોની ફૂલગૂંથણી સમા ચાતુર્માસનો છેલ્લો મહિનો ચાલુ છે, ને આ અંક સર્વ કોઈ વાચકોનાં કરકમળમાં મૂકાશે. જૈનશાસનમાં શ્રી નવપદનાં ધ્યાન, સેવા ઉપાસના, ભક્તિ જેવું પરમ આલંબન અન્ય છે નહિ, આવા પરમ અનન્ય આલંબનરૂપ શ્રી નવપદજીની આરાધનામાં આ અવસરે સર્વ કોઇ ધર્મશીલવર્ગ કરવા, કરાવવા તથા અનુમોદવા દ્વારા જોડાયેલ હશે ? અમારી તે સર્વ કોઇ આરાધક આત્માઓના આરાધકભાવને આજે આ પ્રસંગે ભૂરિ ભૂરિ વંદના છે.

વર્તમાનકાલે દુનિયાનું વાતાવરણ ખળભળેલું છે. આજની દુનિયાનો કોઈપણ દેશ, પ્રદેશ કે ભાગ આજે અસંતોષ, સંક્ષુબ્ધતા કે ભય, વિદ્રોહ, વૈર વૈમનસ્યના ઝંઝાવાતોથી પર નથી. વિ૦ નું ૨૦૧૭મું વર્ષ વીતવા આવ્યું, ભ. શ્રી મહાવીરદેવના નિર્વાણને ૨૪૮૭ વર્ષ પૂર્ણ થવા આવ્યા : વીતેલા વર્ષનું વિહંગાવલોકન કરતાં એ હકીકત સ્પષ્ટપણે જણાઈ આવે છે કે, આજે માનવ અરે તેમાંયે સભ્ય, સુશિક્ષિત કે સુસંસ્કૃત તરીકે પોતાની જાતને માનતો ને આગળ વધેલાનો ફાંકો રાખતો માનવી કેવળ દેવ બનવાને બદલે દાનવતાની સાથે હોડ કરી રહ્યો છે, દાનવતાની સાથે દોટ મૂકી રહ્યો છે, વધુ ને વધુ જંગલી બની રહ્યો છે, એને જીવવું છે. પણ બીજા કોઈને જીવાડીને નહિ, પણ મારીને. આ છે આજની વૈજ્ઞાનિક સભ્યતા; એને સુખ જોઈએ છે, પણ અન્ય સર્વનાં સુખમાં આગ ચાંપીને; આવા વૈજ્ઞાનિક જંગલી માનવોનો શયતાન આત્મા આજે દુનિયાની ચોમેર રણે ચઢયો છે.

આ પરિસ્થિતિમાં પૂર્વની ભારતીય સંસ્કૃતિએ સંસારસમસ્તની પ્રજાને સંયમ, ત્યાગ, સહિષ્ણુતા, તપ, તથા નિર્ભયતા અને સાત્વિકતાનો મંગલ સંદેશ આપવાને હજારો-લાખ્ખો વર્ષથી પ્રયત્ન ચાલુ રાખ્યો છે; આપણા શ્રી તીર્થંકરદેવ ભગવંતો એ મંગલવાણીને જીવનમાં જીવીને જગતને સુણાવી ગયા છે: ત્યારબાદ તેમનાં પગલે પગલે પૂ સાધુભગવંતો એ મહામંગલકારી વાણીને જીવીને જગત સમક્ષ પ્રબોધી રહ્યા છે. આ જ એક મહામાનવતાના પરમહિતકારી મંગલ સંદેશનો પ્રચાર કરવા કાજે 'કલ્યાણ' પોતાની શક્તિ, સામગ્રી તથા સામર્થ્યથી સજ્જ બની રહ્યું છે.

'કલ્યાણ' ૧૨૫ નકલથી શરૂ થયું, ને આજે ૩૫૦૦ થી ૩૬૦૦ નકલો સુધી પહોંચ્યું છે; પર્યુષણા અંકની ૩૭૫૦ નકલો પ્રસિદ્ધ કરેલ: આજે ૩૬૦૦ નકલો પ્રસિદ્ધ થાય છે, કલ્યાણ આજે સમાજમાં ૩૬ હજાર હાથોમાં પ્રચાર પામ્યું છે; તેમાં મુખ્યત્વે તેના પ્રેરક તથા માર્ગદર્શન આપનાર પૂ. ધર્મધુરંધર આચાર્યદેવાદિ પરમોપકારી પૂજ્યપાદ મુનિવરોનો તથા 'કલ્યાણ' પ્રત્યે વિષેશપણે આત્મીયભાવ ધરાવનાર શુભેચ્છકોનો મહત્ત્વનો હિસ્સો છે: એમના સહકાર, લાગણી તથા શુભેચ્છાના બળે અમારી એ મહત્ત્વાકાંક્ષા છે કે, આ વર્ષ પૂરૂં થતાં સુધીમાં–'કલ્યાણ'નું ૧૮ મું વર્ષ પૂરૂં થતાં સુધીમાં 'કલ્યાણ'ની ૪૦૦૦ નકલો પ્રસિધ્ધ થાય એ રીતે 'કલ્યાણ'નો વિકાસ કરવો. આ માટે 'કલ્યાણ'ના સર્વ કોઈ શુભેચ્છકોને સહકાર આપવા વ્યક્તિગત પત્રો લખાઇ ગયા છતાં તેઓને આ અવસરે ફરી અમારી વિનંતિ છે કે, 'કલ્યાણ'નો વધુ વિકાસ થાય, ને તેનો પ્રચાર વધુ ને વધુ થાય તે માટે આપ આપના સ્નેહી, સ્વજન તથા સંબંધીવર્ગમાં 'કલ્યાણ'ના ગ્રાહકો કરવા જરૂર શકય કરશો. એક શુભેચ્છક અમારા પર ઓછામાં ઓછા ૫ નવા ગ્રાહકો નોંધીને અમને નામો મોકલે. 'કલ્યાણ' આપની પાસે લાગણીપૂર્વક આટલું માગે છે. જરૂર આપ સર્વ 'કલ્યાણ'ની માગણીનો યોગ્ય પ્રત્યુત્તર વાળશો!

**આફ્રિકા**ના ગ્રાહક તથા શુભેચ્છકોને વિનંતિ છે કે, ભારતથી દૂરસુદૂર બેઠે આપને સમસ્ત જૈનસમાજ સાથે તેમજ તેના પ્રશ્નો સાથે સાંકળનાર 'કલ્યાણ'ના આપ ગ્રાહક છો, શુભેચ્છક છો, તો તે રીતે ચાલુ રહેશો ને 'કલ્યાણ'નું લવાજમ પુરૂં થયું હોય તો આફ્રિકાના કલ્યાણના શુભેચ્છકોનાં જે સીરનામાં છપાય છે; તેઓને ત્યાં આપ આપનું લવાજમ ભરી અમને જણાવશો 'કલ્યાણ' કેવળ પરમાર્થભાવે ચાલતી સંસ્થા છે, તેને તેના વિકાસમાં, પ્રગતિમાં સહાય કરવી ને સગવડતા કરી આપવી એ આપ સહુની ફરજ છે. તો અવશ્ય આપ અમને સહાયક બનશો: ને શુભેચ્છક રહી, 'કલ્યાણ' પ્રત્યે અથાગ આત્મીયતા ધરાવી તેના વિકાસમાં અમને જરૂર સાથ આપશો.

કેવલ વિશ્વમંગલના ઉદ્દેશને અનુકૂલ બની સાહિત્ય સામગ્રીને જનસમાજ સમક્ષ રજૂ કરતા 'કલ્યાણ' દ્વારા સર્વ કોઇનું કલ્યાણ થાવ એજ અમારી એક અભિલાષા છે: ને તે અભિલાષાના મૂર્તરૂપ 'કલ્યાણ'માં શ્રી જિનશાસનના સનાતન સત્યોનો પ્રચાર કરતાં શ્રી જિનાજ્ઞા વિરૂદ્ધ જે કાંઈ અમારી અજાણદશામાં પ્રસિદ્ધ થયું હોય તે સર્વનો વિવિધયોગે મિચ્છામિ દુક્કડમ્ દેવા દ્વારા, આપ સર્વના સહકાર, માર્ગદર્શન તથા સહાયની અપેક્ષા રાખતા અમે વિરમીએ છીએ. **સં.**

**'કલ્યાણ'ને અંગેનો સઘળો વ્યવહાર કરવા માટે આ સીરનામું નોંધી લો.**

**શ્રી કલ્યાણ પ્રકાશન મંદિર: મુ. વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)**

વર્ષ : ૧૮ ⊙ અંક : ૮

# કલ્યાણ

આસો ⊙ ૨૦૧૭

## કાળને પલટાવવો હોય તો....!

શ્રી વૈદ્ય મોહનલાલ ચુ. ધામી

માનવીની શક્તિ અપાર છે. ભવબંધનની સમગ્ર બેડીઓ તોડી ફોડીને જન્મ-મૃત્યુ પર વિજય પ્રાપ્ત કરી શકાય એવી મહાન તાકાત માનવી સિવાય અન્ય કોઈમાં નથી.

જ્ઞાન-વિજ્ઞાનના આરે ઉભા રહીને મંથન કરવાની તાકાત પણ માનવીમાં જ છે.

મેળવવાની, મેળવેલું આપી દેવાની, અશકયને શકય બનાવવાની, શકયને અશકયતામાં પલટાવી નાખવાની એવી અનેકવિધ શક્તિ માનવીમાં રહેલી છે.

આવો શકિતની જીવંત પ્રતિમા સમો માનવ એક વાતમાં સાવ કંગાલ છે શક્તિહીન છે અને બિચારો છે.

માનવી પોતાના દોષને જોતાં અચકાતો હોય છે....કોઇ વીરલ પુરૂષ જ પોતાના દોષ નિહાળીને પાછો વળી શકે છે....બાકી વિજ્ઞાનના અશ્વ પર ગગનમાં ઉડી રહેલા કે વિરાટ યંત્રોની છાતી પર હસી રહેલા સમર્થ ગણાતા માણસો પોતાના દોષ જોઈ શકતા નથી; કારણ કે અન્યના દોષ જોવા ટેવાયેલું હૈયું પોતાના દોષ ને પણ ગુણરૂપે જોતું હોય છે.

આજની વિષમ પરિસ્થિતિથી લોકો હાયકારો નાંખી ગયા છે, એ એક સત્ય છે. આજના વિલાસી યુગથી જનતાનાં ચારિત્ર્યનો અને સંયમનો અગ્નિ સાવ ઠરવા માંડયો છે, એમાં પણ કોઈ શક નથી.

ઉગીને ઉભા થતાં બાળકો પ્રેમની પાગલ દુનિયામાં અંધ બનીને પોતાના યૌવનનું છડે ચોક લીલામ કરતાં હોય છે.

કલાના બુરખા પાછળ વ્યભિચારની પૂજા કરવામાં ગૌરવ લેવાતુ હોય છે!

એક સ્થળે અભાવ અને વિપત્તિની જવાળાઓ ચગતી હોય છે, તો બીજે સ્થળે સમૃદ્ધિ અને સુખના ધોધ વહેતા હોય છે!

એક સ્થળે રાજકીય આંદોલન ખાતર ત્રાગાં થતાં હોય છે તો બીજી તરફ સત્તાને ટકાવી રાખવા ખાતર લુચ્ચાઇની અંતિમકળાના પ્રદર્શન થતાં હોય છે!

કોઇ પરિવાર પાસે પહેરવાનાં વસ્ત્રો, ખાવાનું અનાજ અને રહેવાના ઝૂંપડાની મોટામાં મોટી વેદના હોય છે તો બીજા કોઇ પરિવાર પાસે વધુમાં વધુ મકાનો, ઢગલા બંધ વસ્ત્રો અને ફેંકી દેવા જેટલું અનાજ પડયું હોય છે!

અને આ બધી વિષમ પરિસ્થિતિનો જ્યારે વિચાર કરવાનો હોય છે ત્યારે કર્મનાફળને કોઇ જોતું નથી....

કોઇ રાષ્ટ્રના અર્થતંત્રનો દોષ કાઢે છે.

કોઇ સરકારની નીતિનો વાંક કાઢે છે.

કોઇને સમાજરચનામાં જ ગોટાળો જણાય છે.

કોઇ પ્રધાનોની છાસવારે ફરતી નીતિને જવાબદાર ગણે છે.

કોઇ નોકરશાહીના તાંડવ પર આ પરિસ્થિતિનો ટોપલો મૂકે છે.

આમ લોકો વિવિધ રીતે આજની પરિસ્થિતિનો વિચાર કરતા હોય છે અને મોટા ભાગના લોકો એમજ માને છે કે આ તો કાળનો પ્રભાવ છે....માનવી કાળ પાસે લાચાર છે....

આમ દુઃખ, સંતાપ, વેદના અને વિનાશની જવાબદારી ગમે તે પ્રકારે લોકો અન્ય પર નાખવા મથે છે.

કારણ કે તેઓના હૈયામાં પોતાના દોષ નિહાળવા જેટલું બળ રહ્યું નથી.

જો એ બળ રહ્યું હોત તો લોકો એમજ કહેત કે કાળ તો એક પંગુ છે....એ કોઇ ગેબી દુનિયામાં આવતો મહાપુરુષ નથી પણ માનવીએ જ સર્જેલું એક બળ છે. માનવી કાળને પલટાવી શકે છે! કાળને મુઠ્ઠીમાં બાંધી શકે છે! કાળને પોતાને અનુરૂપ બનાવી શકે છે!

શ્રી જિનેશ્વર ભગવંતોએ કાળને જ પલટો આપ્યો હતો....

જે કાળે ઘોર હિંસામાં મુક્તિ અને સ્વર્ગનાં ગીત ગવાતાં હતાં તે કાળે જ્ઞાતપુત્ર ભગવાન મહાવીરે જ કાળને થપાટ મારીને અહિંસા એજ મુક્તિ અને સ્વર્ગનું સાધન છે એ વાત સમજાવી હતી. કાળને પોતાની મુઠ્ઠીમાં લઇને લોકોને સાચા માર્ગનાં દર્શન કરાવ્યાં હતાં.

કારણકે પોતાના દોષ જોવાની મહાન શક્તિ તેમણે પ્રથમ પ્રાપ્ત કરી હતી.

બીજાના દોષમાં રાચનારાઓ અને પોતાની ભૂલોને પણ બીજાના મસ્તકે મુકનાર જંતુઓ કોઈકાળે યુગને પલટાવી શકતા નથી.

યુગને પલટાવવો હોય, કાળને નાથવો હોય, જીવનને સમૃધ્ધ બનાવનારાં આધ્યાત્મિક તત્ત્વોને જીવંત રાખવા હોય તો લોકોએ પોતાના દોષને જોવાનું મહાનબળ પ્રાપ્ત કરવું જ પડશે અને એ બળ મળશે એટલે રાષ્ટ્રની, જીવનની કે સમાજની લાખ લાખ વિષમતાઓ આપોઆપ અદૃશ્ય થશે.

ચિકિત્સક જ્યાં સુધી રોગના મૂળને ન પકડતાં કેવળ લક્ષણોથી જ ચિકિત્સા કરતો હોય છે ત્યાં સુધી રોગનો નાશ થતો જ નથી.

આજે રોગના મૂળને પકડવાની જરૂર છે.

અને એ ત્યારે જ શકય છે, જ્યારે માનવી પોતાના દોષ જોવાનું અને જોઇને પાછા વળવાનું બળ પ્રાપ્ત કરે!

# રામાયણની રત્નપ્રભા

શ્રી પ્રિયદર્શન

## [ 'કલ્યાણ' માટે ખાસ ]

**પૂર્વ પરિચય :** નિત્યાલોક નગરની રત્નવતીને પરણવાને વિમાન માર્ગે ગમન કરતાં રાવણે અષ્ટાપદપર ધ્યાનમાં રહેલા મહાત્મા વાલીમહર્ષિપર પોતાનો ગુસ્સો ઠાલવ્યો ને છેવટે તેને પોતાની ભૂલ જણાતાં તે ક્ષમા યાચે છે, ને શ્રી અષ્ટાપદ તીર્થપર જિનાલયમાં પ્રભુભક્તિ અદ્ભુત ભાવથી કરે છે, રાવણની ભક્તિ જોઈ ધરણેંદ્ર પણ પ્રસન્ન થઇ રાવણની અનિચ્છા છતાં તેને બે વિદ્યાઓ આપે છે. રાવણ પોતાનું કાર્ય સાધી નગરભણી પાછો વળે છે. ને ભાઇઓ સાથે વિચાર વિનિમય કરી વિશ્વવિજય માટે પ્રયાણ આરંભે છે. **હવે વાંચો આગળ :**

### ૧૧ : રેવાના તટે

વૈતાઢયના પર્વતો તરફ લક્ષ કેન્દ્રિત કરી રાવણે વેગથી પ્રયાણ આરંભ્યું. વચ્ચે જે કોઇ નહિ જીતાયેલો દેશ-પ્રદેશ આવે તેને જીતતા-જીતતા આગે બઢવાનું હતું, પરંતુ એ વચગાળાનું કામ તો ઇન્દ્રજીત અને મેઘવાહનની ક્રીડાકેલી માટેનું હતું! તેમાં રાવણ કે કુંભકર્ણ-વિભીષણને જોવાનું ન હતું.

પ્રયાણ આગળ આગળ વધતું જ જતું હતું. રાવણની દૃષ્ટિ સૃષ્ટિના સૌન્દર્યનું અમીપાન કરી રહી હતી.

ત્યાં તેણે વિન્ધ્યાચલ પરથી ઉતરતી 'રેવા' નદીને જોઈ.

વિશાળ પટ... ઉંડા ઉંડા કાળાં પાણી...ધસમસતો પ્રવાહ....ઉછળતા તોફાની છતાંય નયનરમ્ય તરંગો...ઉંચા ઉંચા તટ પર મનોહર મોરલાઓની કતારો....પક્ષીઓની મધુર સૂરાવલી..

રાવણ આકર્ષાયો.

તેણે અહીં પ્રથમ પડાવ નાંખવાનો નિશ્ચય કર્યો.

સુગ્રીવ વગેરેને રેવાના વિશાળ તટ પર પડાવ નાંખવાની આજ્ઞા ફરમાવી.

જોતજોતામાં રેવાના તટ પર કરોડોનું સૈન્ય પથરાઇ ગયું. લાખો અશ્વો...હાથીઓ...રથોના મહાન કોલાહલથી રેવાનો તટ ધમધમી ઉઠયો.

કિનારા પરના એક સોહામણાં સ્થાને રાવણની છાવણી નાંખવામાં આવી હતી. બાજુમાં જ કુંભકર્ણ-બિભીષણ, ઇન્દ્રજીત-મેઘવાહન તથા સુગ્રીવ-ખર વગેરે મહાન પરાક્રમીઓની છાવણીઓ પડી હતી.

રાવણની જિનપૂજા હજુ બાકી હતી.

રાવણ હમેશાં જિનેશ્વરદેવનું પૂજન કરતો હતો. નગરમાં ય પૂજન કરતો અને જંગલમાં પણ કરતો! તીર્થયાત્રામાં ય કરતો અને યુદ્ધયાત્રામાં ય કરતો. એક પણ દિવસ પૂજા વિના જાય નહિ.

આ વિશ્વવિજયની યાત્રામાં પણ તેણે જિનેશ્વરદેવની રત્નમય પ્રતિમા સાથે રાખી હતી.

રાવણે સ્નાન કર્યું, સુંદર શ્વેત વસ્ત્રો પહેર્યાં.

એક રમણીય વૃક્ષની નીચે, ભૂમિને સુગંધિજલથી પવિત્ર કરી, મણિમઢેલાં નાનકડાં મનોહર સિંહાસન પર નાજુક રત્નમય પ્રતિમા પધરાવ્યાં; અને પૂજન શરૂ કર્યું.

રેવાનાં નિર્મળ નીરથી પ્રતિમા પર અભિષેક કર્યા.

રેવાના તટ પરનાં ખીલેલાં પંકજ-પુષ્પોથી પરમાત્માનાં અંગ સજ્યાં.

રાવણનાં તન અને મન પરમાત્મામાં પરોવાઇ ગયાં...

પરંતુ અચાનક રેવાનાં પાણી ઉછળ્યાં...ખૂબ ઉંચાં ઉછળવા માંડયાં... ગાંડાતૂર બનીને ઉછળવા માંડયાં... કિનારાની તોતીંગ ભેખડો ધસવા માંડી... વિરાટકાય વૃક્ષો તૂટીતૂટીને રેવાના પ્રલયકારી પૂરમાં તણાવા લાગ્યાં. ઉંચા ઉંચા કિનારાઓ પર પણ પાણી રેલાવા માંડ્યાં. મોટા મોટા મગરમચ્છો પાણીનાં મોજાંઓની સાથે ઉછળવા માંડયા...

ત્યાં એક ધસમસતો મલિન પાણીનો પ્રવાહ રાવણની આસપાસ ફરી વળ્યો. પરમાત્મા શ્રી જિનેન્દ્રદેવની પ્રતિમા પર પણ એ મલિન જલે આક્રમણ કર્યું. રાવણે ભાવભક્તિથી કરેલી પૂજા જોતજોતામાં નષ્ટભ્રષ્ટ થઇ ગઇ.

પ્રશાન્ત સમાધિસ્થ રાવણ, આમ અચાનક આવી પડેલા આફતથી ધમધમી ઉઠયો. પરમાત્માની પૂજાનો નાશ એને માથું કપાવાથી પણ અધિક લાગ્યો. છંછેડાયેલા કેસરી સિંહની જેમ રાવણે ત્રાડ પાડી.

'કોણ એ દુષ્ટ દુશ્મન પાકયો છે? કોણે આ અરિહંતદેવની પૂજામાં ભંગાણ પાડી મોતનો ખોફ વહોર્યો છે?...'

બહાર અચાનક ધાંધલ મચી ગયેલી જોઇ અને એમાંય રાવણનો ધ્રુજારીભર્યો અવાજ સાંભળી કુંભકર્ણ, બિભીષણ વગેરે દોડતા રાવણની પાસે આવી ઉભા.

રાવણે રૌદ્રસ્વરુપ ધારણ કર્યું,

'કયો એ મિથ્યાતી રાજા છે? કયો પાપી વિદ્યાધર... અસુર કે સુર પાકયો છે?' કોણ જવાબ આપે? બધા અંદરને અંદર સમસમી રહ્યા.

ત્યાં એક વિદ્યાધર સુભટ બોલ્યો :

"દેવ! અહીંથી કેટલાક ગાઉ છેટે 'માહિષ્મતી' નામની નગરી છે. તે નગરીમાં સહસ્રકિરણ નામનો પરાક્રમી અને પ્રસિદ્ધ રાજા છે. હજારો રાજાએ એની સેવા કરે છે. અત્યારે તે નગરીમાં જલક્રિડામહોત્સવ ચાલી રહ્યો છે. રાજાએ જલક્રિડા કરવા માટે રેવાનાં પાણી સેતુબંધ કરીને આવર્યાં છે. એમાં પોતાની એક હજાર રાણીઓની સાથે તે સ્વેચ્છિત ક્રીડા કરી રહ્યો છે. બંને બાજુના કિનારે લાખ લાખ રક્ષક સુભટો શસ્ત્રસજ્જ બનીને સહસ્રકિરણની સંભાળ રાખી રહ્યાં છે. જલક્રીડા કરતાં કરતાં પાણી ઉભરાય છે... ખૂબ પાણી ભેગું થતાં બંધને છોડી દે છે. હે સ્વામી! આ પુર જે આવ્યું છે તેમાં આ જ કારણ છે! એ જ જલક્રીડાથી મલિન થયેલાં પાણી અહીં ધસી આવ્યાં છે અને જિનપૂજામાં ભંગાણ પાડયું છે.

જુઓ, રેવાના તીર પર, સહસ્રકિરણની રાણીઓના અંગ પરથી ઉતરેલાં પુષ્પો...વિલેપનો...વગેરે નિર્માલ્ય દેખાઇ રહેલ છે."

વિદ્યાધર સુભટની વાત સાચી હતી. પાણી શરીરના મેલથી ડહોળાયેલું અને હજારો ઉતરે પુષ્પમાળાઓથી યુક્ત દેખાતું હતું.

સુભટની વાત સાંભળી રાવણ ઉશ્કેરાયો.

અગ્નિમાં આહુતિ અપાઇ!

"અહો, કેવી એ સહસ્રકિરણની ધૃષ્ટતા? મલિન પાણીથી એણે આ જિનપૂજાનો ભંગ કર્યો... જાઓ, એ અભિમાની રાજાને બરાબર બાંધીને મારી સમક્ષ ખડો કરો...'

રાવણની આજ્ઞા થતાં લાખો રાક્ષસ સુભટો રેવાના કિનારે કિનારે દોડયા. માહિષ્મતીની નજીક આવ્યા. દૂરથી તેમણે સહસ્રકિરણના લાખો સૈનિકોને શસ્ત્રોથી સજ્જ થઇને ઉભેલા જોયા.

રેવાનો રમણીય ક્રીડાતટ જોતજોતામાં યુદ્ધમેદાનમાં પલટાઇ ગયો.

રાક્ષસવીરો અને સહસ્રકિરણના સુભટો વચ્ચે ખૂનખાર જંગ જામ્યો. રાક્ષસવીરોએ આકાશમાં રહીને તીરોનો મારો ચલાવ્યો. વિદ્યાશક્તિથી અનેક સુભટોને મુંઝવી દીધા.

જલક્રીડા કરતા સહસ્રકિરણે પોતાના સૈન્યની કદર્થના થતી જોઇ જલક્રીડા ત્યજી દીધી. રાણીઓને છોડી તે રણમેદાનમાં આવ્યો.

સુરસિન્ધુમાંથી જાણે ઐરાવણ બહાર આવ્યો!

હાથમાં લીધાં ધનુષ્ય અને બાણ.

મધ્યાહ્નનો સૂર્ય જેમ અસંખ્ય તારાને ઢાંકી દે,

તેમ સહસ્ત્રકિરણની સખત અને સતત તીરવૃષ્ટિમાં રાક્ષસ સુભટો છવાઇ ગયા... ઢંકાઇ ગયા.

....સહસ્ત્રકિરણનું પરાક્રમ એટલે અજોડ.

સહસ્ત્રકિરણનું બાહુબળ એટલે અજેય.

સહસ્ત્રકિરણની તીરવર્ષા એટલે અંગારવર્ષા!

પોતાના સુભટોને રાડ પાડતા અને ભાગતા જોઇ રાવણ મેદાને પડયો. ક્રોધથી ધમધમતા રાવણે સહસ્ત્રકિરણ પર અસંખ્ય તીરોની વર્ષા વરસાવી. પરંતુ સહસ્ત્રકિરણે રાવણના એકેએક તીરનો સામનો કરી રાવણને હંફાવવા માંડયો.

રાવણે તીર મૂકીને મુદ્દગર ઉપાડયું. સહસ્ત્રકિરણે પણ મુદ્દગર લીધું. રાવણ થાકયો. ગદા લીધી. સહસ્ત્રકિરણે ગદાથી સામનો કર્યો. રાવણને ગદા પણ મૂકી દેવી પડી..

એકપછી એક શસ્ત્રોમાં રાવણ નિષ્ફળ નિવડવા લાગ્યો; સહસ્ત્રકિરણનું અપૂર્વ પૌરુષ જોઇ રાવણ દિંગ થઇ ગયો. એણે જોયું કે શસ્ત્રોથી આ પરાક્રમી પરાજિત કરી શકાશે નહિ. તેણે વિદ્યાશક્તિનો આશરો લીધો.

વિદ્યાશક્તિના પ્રભાવથી સહસ્ત્રકિરણ પરવશ પડી ગયો.

સહસ્ત્રકિરણ પકડાયો.

પણ રાવણના મુખ પર વિજયનો આનંદ નહોતો. તેનું હૃદય કહી રહ્યું હતું—

"વિજય તો ખરેખર સહસ્ત્રકિરણનો છે.'

તેણે સહસ્ત્રકિરણની પીઠ થાબડી.

'હે પરાક્રમી? ખરેખર આજે વિજય તમારો છે....તમારું અદ્ભુત અને અજેય પરાક્રમ જોઇ મારો બળમદ ઓગળી ગયો છે....

માનપૂર્વક સહસ્ત્રકિરણને લઇને રાવણ પોતાની છાવણીમાં આવ્યો. પોતાના સિંહાસન પર પોતાની સાથે જ સહસ્ત્રકિરણને બેસાડી લાખો સુભટોની સમક્ષ રાવણે સહસ્ત્રકિરણની વીરતાને ભાવભરી અંજલિ આપી.

રાવણની કેવી અનુમોદનીય ગુણદૃષ્ટિ!

રાવણની કેવી પ્રશંસનીય ગુણસૃષ્ટિ!

સહસ્ત્રકિરણના ગુનાને, સહસ્ત્રકિરણના વીરતા-ગુણને જોઇ, જાણે રાવણ ભૂલી ગયો! એટલું જ નહિ પણ સહસ્ત્રકિરણ પ્રત્યે એક વીરને છાજે તેવું વર્તન રાખ્યું!

અનેક વીરોથી વીંટળાઇને રાવણ રાજસભામાં બેઠો છે ત્યાં તો આકાશમાર્ગે એક તપોમૂર્તિ મહર્ષિ સભામાં પ્રવેશ્યા.

રાવણ ઝડપથી....હર્ષ અને ઉમંગને અનુભવતાં સિંહાસન પરથી ઉભો થઇ ગયો. પગમાંથી મણિમય પાદુકાને કાઢી નાંખી, મસ્તકે અંજલિ જોડી તે મહામુનિની સન્મુખ ગયો.... ચરણકમલમાં મસ્તકનો સ્પર્શ કરી ખૂબ ખૂબ ખુશી અનુભવતો મહામુનિને સાક્ષાત્ જાણે ગણધર ભગવંત સમજવા લાગ્યો.

મહામુનિને એક સ્વચ્છ કાષ્ટાસન પર બિરાજમાન કરી, પોતે રાવણ પૃથ્વી પર હાથ જોડીને વિનયપૂર્વક બેઠો.

મહામુનિ તો જાણે સમસ્ત વિશ્વના હિતની સાક્ષાત્ મૂર્તિ જ જોઇ લ્યો! તેઓશ્રીના મુખ પર સંસારના ભાવો પ્રત્યેની ઔદાસિન્યતા....જ્ઞાન તેજનો પ્રકાશ....સંયમસાધનાની શૂરતા.... વિશ્વહિતની પરમ કરુણા સ્પષ્ટ તરવરી રહેલાં હતાં.

રાવણને તેઓશ્રીએ 'ધર્મલાભ'ની આશિષ સમર્પી.

'ધર્મલાભ'ની આશિષ એટલે કલ્યાણમાતા!

જેને 'ધર્મલાભ'ની આશિષ પ્રાપ્ત થઇ તેને કલ્યાણની જનેતા પ્રાપ્ત થઇ!

બસ, એ માતા પાસેથી તેને કલ્યાણ....કલ્યાણ ....અને કલ્યાણ જ મળ્યા કરવાનું!

જેની પાસે આ કલ્યાણ જનેતા 'ધર્મલાભ'ની આશિષ છે તેને જગતનાં અનિષ્ટો...દુઃખો...સતાવી ના શકે. 'ધર્મલાભ'ની આશિષ જેને પ્રાપ્ત થાય છે. તેને જગતની સર્વશ્રેષ્ઠ સંપત્તિઓ પ્રાપ્ત થાય છે.

રાવણે પ્રેમ અને ભક્તિભર્યાં વિનમ્ર શબ્દોમાં પૂછયું—

'પ્રભુ! આપને જોઇને નિરવધિ આનંદ થયો છે. હે કરુણાનિધિ! અત્રે પધારવાનું કારણ કહી સેવકને પ્રસન્ન કરશો?'

શેરડીના રસ જેવી મીઠી મધુરી વાણીમાં મહર્ષિ બોલ્યા:

'રાજન્! મહિષ્મતી નગરીમાં હું રાજા હતો.

મારું નામ હતું શતબાહુ.

ભવની ભીષણતાનું એક દિ' ભાન થયું.

ભવનાં દુઃખો કરતાંય ભવનાં સુખોની દારુણતા સમજાણી.

રાજ્ય અને સારા ય સંસારપરથી મારું મન ઉઠી ગયુ.

રાજ્યસિંહાસન મને કાંટાનું બિછાનું લાગ્યું.

માદક રસપ્રચૂર ખાદ્યપદાર્થો ઝેરના કોળીયા ભાસ્યા.

રાજરમણીઓમાં મને ભયંકર સાપણોનું દર્શન થયું.

મેં મારો મનોરથ.....સંસારત્યાગનો મનોરથ... મંત્રીવર્ગને કહ્યો. મારા પુત્ર સહસ્ત્રકિરણને રાજ્યગાદી પર બેસાડી મેં ચારિત્રજીવન સ્વીકાર્યું....'

'હેં? શું પરાક્રમી સહસ્ત્રકિરણ આપ પૂજ્યશ્રીનું પુત્રરત્ન છે? આશ્ચર્ય અને આવેગમાં રાવણે વચ્ચે જ પ્રશ્ન કર્યો.

'હા.' મુનીન્દ્રે કહ્યું.

'હું દિગ્‌વિજય માટે લંકાથી નીકળ્યો છું. આ રમણીય પ્રદેશ જોઇ અહીં પડાવ નાંખી પરમાત્મા જિનેશ્વરદેવના પૂજનમાં હું તલ્લીન બનેલો. ત્યાં સહસ્ત્રકિરણે જલક્રીડા કરી મલિન પાણીને છૂટું મૂક્યું....રેવાનાં પાણી ઉછળ્યાં....મારી જિનપૂજા ધોવાઇ ગઇ...હું આવેશમાં આવ્યો....અને મારે સહસ્ત્રકિરણને પકડવો પડ્યો....

પરંતુ, મને લાગે છે કે એણે ખ્યાલ બહાર જ આ કાર્ય કર્યું છે....આપનો આ મહાન પુત્ર શું જિનેશ્વરદેવની આશાતના કરે ખરા?'

આમ કહીને રાવણ અંદરના વિભાગમાં જઇ સહસ્ત્રકિરણને નમન કરી પ્રેમપૂર્વક હાથ પકડી બહાર લઇ આવ્યો.

લજ્જા અને મર્યાદાથી નમ્ર બનેલા સહસ્ત્રકિરણે મુનિપિતાના ચરણોમાં મસ્તક નમાવ્યું. મહામુનિએ 'ધર્મલાભ'ની આશિષ આપી.

રાવણ તો આવા ગણધરસમા ગુરુદેવ અને મહાપરાક્રમી સહસ્ત્રકિરણ-પિતા-પુત્રને જોઇને ગદ્‌ગદ્ બની ગયો. એની આંખો હર્ષનાં આંસુથી ઉભરાઇ ગઇ. સહસ્ત્રકિરણના હાથને પોતાના હાથમાં લઈ રાવણ બોલ્યો :

'પરાક્રમી! તું આજથી મારો ભાઇ અને આ મહામુનિ જેમ તારા પિતા તેમ મારા પણ પિતા. તમને બંનેને જોઈ મારા હૈયામાં જે હર્ષ ઉભરાઇ રહ્યો છે, તે હું કેવી રીતે બતાવું? જાઓ, ખુશીથી રાજ્ય કરો. અને આ ભાઇની ભેટ તરીકે બીજી પણ પૃથ્વીને સ્વીકારો. અમે ત્રણ ભાઇ છીએ, આજથી અમે ચાર ભાઈ થયા!'

સહસ્ત્રકિરણની દૃષ્ટિ ભૂત અને ભાવિના પડદા ચીરીને ખૂબ દૂર....દૂર દોડી રહી છે...સંસારની આ બધી ગડમથલમાંથી તે જીવનનું પરમસત્ય શોધી રહ્યો છે....પારમાર્થિક અને અનંત સુખમય આત્મત્વના ઉદ્ધારની કોઇ સર્વાંગીણ વિચારણાનું ચિત્ર તે દોરી રહ્યો છે.

તેના મુખપર પ્રૌઢ ગંભીરતા છવાઈ ગઇ.

'દશમુખ! હવે મારે રાજ્યનું પ્રયોજન નથી.'

'હેં?' રાવણ વિહ્‌વળ બની ગયો.

'હા, દેહનું પણ પ્રયોજન નથી....'

'એટલે?'

'હું પરમકલ્યાણી પિતાના શરણે જઇશ. હું પિતાનાં મહાવ્રતો લઈશ.'

રાવણના મુખ પર ગ્લાનિ છવાઈ ગઈ. સભામાં નિસ્તબ્ધતા છવાઇ ગઇ. સહસ્ત્રકિરણનો આ નિર્ણય પ્રત્યેક રાક્ષસવીરને આશ્ચર્યની સાથે મહાન ગ્લાનિ જન્માવનાર હતો. સહસ્ત્રકિરણના ઉચ્ચત્તમ વ્યક્તિત્વથી કોણ નહોતું આકર્ષાયું? સહસ્ત્રકિરણના અજેય પરાક્રમથી કોણ નહોતું અંજાયું? એ સહસ્ત્રકિરણ બસ....સર્વસ્વનો ત્યાગ કરી ચાલ્યો જશે? સંયમની કઠોર સાધનાઓ કરશે?

રેવાનાં પૂર ઓસરી ગયાં. પંખીઓના અવાજ બંધ થઇ ગયાં

'મને બરોબર સમજાય છે....નિર્વાણનો આ જ એક મહામાર્ગ છે.'

દેહના માળખામાં પૂરાયેલા આત્મત્વના આવિર્ભાવનો આ જ એક પરમ ઉપાય છે....' સહસ્ત્રકિરણનો નિર્ણય અધિક સ્પષ્ટ થતો ગયો.

રાવણની આંખમાંથી આંસુ સરવા લાગ્યાં... આંસુઓથી ધરતી ભીંજાવા લાગી. નતમસ્તકે મૂંગા મોઢે રાવણ સહસ્ત્રકિરણના અતિ ભવ્ય ત્યાગને સમજવા મથી રહ્યો.

'સહસ્ત્રકિરણ આ શું કરી રહ્યો છે? એનો આ નિર્ણય જ્યારે એની એક હજાર પ્રિયતમાઓ.. માહિષ્મતીના લાખો પ્રજાજનો...જાણશે ત્યારે કેવું કરુણ આક્રંદન કરશે? કેવા ઉંડા શોકના સમુદ્રમાં ડૂબી જશે?...' રાવણનું મનોમંથન લાંબુ ચાલે ત્યાં તો સહસ્ત્રકિરણે રાવણના ખભે હાથ મૂકયો; બંનેની દૃષ્ટિ મળી... રાવણે સહસ્ત્રકિરણને બાથમાં લઇ લીધો અને ગરમ ગરમ આંસુથી અભિષેક કર્યો.

સહસ્ત્રકિરણે પોતાનો નાનો પુત્ર રાવણને સોંપ્યો.

અને, ત્યાં જ એ ચરમદેહી નરેશ્વરે મુનિ પિતાના ચરણોમાં જીવન સમર્પણ કર્યું... સંસારવાસને ત્યજી સંયમનાં દુષ્કર વ્રતોને ધારણ કર્યાં.

રેવાનો તટ ત્યારે માહિષ્મતીનાં લાખો પ્રજાજનોના ચોધાર આંસુઓથી ભીંજાઈ રહ્યો હતો. હજારો રાણીઓના હૃદયફાટ આક્રંદથી દ્રવી ઉઠયો હતો...

ત્યાં અચાનક સહસ્ત્રકિરણ રાજર્ષિને એક સ્મરણ થયું.

એક દૂતને બોલાવ્યો, અને કહ્યું:

"તમે અયોધ્યા જાઓ અને અયોધ્યાપતિ 'અનરણ્ય'ને સમાચાર આપો કે તમારા મિત્ર સહસ્ત્રકિરણે આજે સંયમ સ્વીકાર્યું છે."

વાત એમ હતી:

અયોધ્યાપતિ અનરણ્ય અને સહસ્ત્રકિરણને પરમ મૈત્રી હતી. બંને મિત્રોએ નિર્ણય કર્યો હતો કે બંનેએ સાથે સંયમ સ્વીકારવું! જ્યાં એક દીક્ષા લે ત્યારે બીજાને સમાચાર આપવા અને બીજાએ પણ દીક્ષા લેવી.'

દૂત ઝડપથી અયોધ્યા આવી પહોંચ્યો. સીધો જ રાજમહેલમાં પહોંચી ગયો.

અનરણ્ય રાજાને પ્રણામ કરી ઉભો રહ્યો.

"કયાંથી અને શા માટે આવવાનું થયું છે?' અનરણ્ય રાજાએ પ્રશ્ન કર્યો.

"હું રેવાના તટ પરથી આવું છું અને માહિષ્મતીના રાજા સહસ્ત્રકિરણનો સંદેશો આપવા માટે આવ્યો છું.'

સહસ્ત્રકિરણનું નામ સાંભળતાં જ અનરણ્ય રાજા સિંહાસન પરથી ઉભો થઈ ગયો... દૂતનો હાથ પકડી ખૂબ પ્રેમથી અને આતુરતાથી પૂછે છે:

'કહો, મારા એ પ્રિય મિત્રને કુશળતા છે ને?'

દૂતની આંખમાં ઝળઝળીયાં આવી ગયાં. અનરણ્ય રાજાની આતુરતા વધી ગઇ...દૂતનો ચહેરો જોતાં કંઇ અમંગળની આશંકાઓ થવા લાગી ત્યાં દૂતે તોતડાતી જબાને કહ્યું:

'મહારાજા સહસ્ત્રકિરણે સંસાર ત્યાગ કર્યો.... આજે...'

'એમ?' ખૂબ જ ગંભીર બની અનરણ્ય રાજા ઉંડા ચિંતનમાં ડૂબી ગયા.

તેમની સામે ભૂતકાળ તરવરવા માંડયો.

એ સમી સાંજનો સમય...સહસ્ત્રકિરણની સાથે થયેલી જીવનના મૂલ્ય અંગેની માર્મિક અને રસભરપૂર વિચારણા... બંનેનો નિર્ણય કરવો કે 'બંનેએ સાથે સંસારત્યાગ કરવો...'

પોતાની પ્રતિજ્ઞાનું અનરણ્યને ભાન થયું. સસ્ત્રહકિરણની ધર્મમૈત્રીએ તેને પ્રતિજ્ઞાના પાલન માટે ઉભો કરી દીધો.

અનરણ્યે પોતાના પુત્ર દશરથને રાજ્ય સોંપ્યું અને ચારિત્રના મહામાર્ગે ચાલી નીકળ્યો.

આ બાજુ રાવણે શતબાહુ મહર્ષિ અને સહસ્ત્રકિરણ મહર્ષિને ભાવપૂર્વક વંદ્યા.

માહિષ્મતિના રાજ્યસિંહાસને રાવણે પોતે સહસ્ત્રકિરણના પુત્રનો રાજ્યાભિષેક કર્યો અને આકાશ માર્ગે પ્રયાણ આગળ લંબાવ્યું.

# પશ્ચાત્તાપના આંસુ :

**શ્રી પ્રિયદર્શન**

[ 'કલ્યાણ' માટે ટૂંકી વાર્તા ]

ભગવાન શ્રી મહાવીરદેવનાં કાલમાં ભગવાનનો જ પોતાનો શિષ્ય ને તેમની પાસેથી જ ભણી-ગણી વિદ્યાઓ પ્રાપ્ત કરનાર ગોશાલો, ભગવાનને સંતાપવામાં પાછળથી કાંઇ બાકી રાખતો નથી, પણ એવા મહાપાપી ગોશાલનાં જીવનની અંતિમ ઘડિઓ દુનિયા ન માને તેવા પરિવર્તનવાલી બને છે. મૃત્યુ-શય્યાપર પોઢેલો ગોશાલો જીવનની છેલ્લી ક્ષણોમાં પોતનાં જીવનને કઇ રીતે પ્રશ્ચાત્તાપના આંસુ-ઓથી પવિત્ર બનાવી જાય છે, એ હૃદયંગમ પ્રસંગ અહિં સુપ્રસિદ્ધ કથા લેખક, પોતાની આગવી-શૈલીમાં આલેખે છે. જે એક વખત તમે હાથમાં લેશો એટલે પૂરૂં વાંચ્યા વિના તમે ઝંપી નહિ શકો !

⊙

ત્યારે ગોશાલક પર હજારો ધિક્કાર.... ક્રોડ ક્રોડ તિરસ્કાર....અગણિત અપમાનોની અગ્નિવર્ષા થઇ રહી હતી.

દેવો અને દાનવો રોષથી સળગી ઉઠ્યા હતા.

ક્રોડ ક્રોડ માનવો ચોધાર આંસુએથી રડી રહ્યા હતા.

પરમાત્મા મહાવીરદેવનાં દેહની કાંતિ ઝંખવાઇ.... 'તેજોલેશ્યા'ની ગરમીથી જ્યારે ત્રિલોકનાથને અશાતા ઉદ્ભવી, ત્યારે એ પાપી કૃત્ય કરનાર ગોશાલક પર ગાળોના અસંખ્ય ગોળા ઝીકાવા માંડ્યા હતા.

પણ....ગોશાલક ત્યારે મૃત્યુશૈયામાં છેલ્લા શ્વાસ લઇ રહ્યો હતો. એની ચોમેર નિયતિ-વાદી સેંકડો ભક્તો આંખમાંથી આંસુ સારી રહ્યા હતા.

ગોશાલકનાં ચિત્તમાંથી સેંકડો વિચારો પસાર થઇ રહ્યા હતા....અને એ વિચારોમાં એના છ દિવસ વ્યતીત થઇ ગયા હતા.

આજે સાતમો દિવસ છે.

આજે એના વિચારોનો પ્રવાહ સ્વચ્છ છે....શુદ્ધ છે....છતાં શીતળ નથી....ગરમ ગરમ છે. એની બિડાયેલી ચક્ષુઓ એના ભૂંડા ભૂત-કાળને જોઇ રહી....પણ વધુ સમય ન જોઇ શકી....વીતેલો ભૂતકાળ એક બિહામણું ભૂતાવળ ભાસ્યું....સૂતેલો ગોશાલક એક કારમી ચીસ પાડી ઉઠ્યો.... આંખોમાં આંસુઓનાં પૂર ઉમટ્યાં....

'શું થયું પ્રભુ? શું થયું દેવ?....' ભક્તોનાં હૈયાં ફફડી ઉઠ્યાં....ગોશાલકનાં મસ્તક પર સેંકડો કોમળ હાથ ફરી રહ્યાં....

'શું કહું મારા અંતરતમની વેદના?' ગોશાલકનો કંઠ ગદ્ગદ્ બની ગયો, હૈયું વેદનાના ભારથી ભગ્ન બની રહ્યું.

એ કંઇ બોલી શકતો નથી....છતાં બધું જ સમજી રહ્યો છે. સારાયે જીવનમાં આજે જ એને સાચું જ્ઞાન લાધ્યું છે....ગાઢ અંધકારમાં આજે જ દિવો સળગી ઉઠ્યો છે....પણ ત્યારે એ દિવાનો પ્રકાશ એના માટે આંસુ પાડવા સિવાય બીજા કોઇ જ ઉપયોગનો નથી રહ્યો.

ભક્તો કંઇ જ સમજી શકતા નથી....અને એ જ એમના માટે અકથનીય વેદના બની ગઈ. પરંતુ થોડીક ક્ષણોની નીરવ શાંતિ બાદ ગોશાલકે ભીંતના ટેકે બેસવા પ્રયત્ન કર્યો....

'હું મહાપાપી છું....' આંસુની ધારા સાથે ગોશાલક ડ્રુસકાં લેતો રડી પડ્યો.

'પ્રભુ! આપ મહાપાપી? આપે તો અમારા જેવા લાખોને તાર્યા છે...' શ્રાવસ્તિના અયંપૂલ શ્રાવકે કહ્યું.

'ના ના....મેં તમને તાર્યા નથી શ્રાવકો....!

મેં તમને ઉંડા ભવકૂપમાં ઉતાર્યા છે....' સજળ-નયને ગોશાલકે પોતાની આસપાસ વીંટળાઇ વળેલા ભક્તો સામે જોયું.

'દેવ! આપ સાચા જિન છે.... રાગ-દ્વેશના વિજેતા છો.... આપ અમને ભવકૂપમાં કોઇ કાળેય ન ઉતારો....' અયંપૂલ શ્રાવકે ગોશાલકમાં વિશ્વાસ વ્યક્ત કર્યો.

'હું જિન નથી, હું રાગદ્વેષનો વિજેતા નથી અયંપૂલ !....'

'હેં ?'

'હા, સાચેસાચ હું જિન નથી....મેં તમને છેતર્યા છે.... મેં તમને મારી માયાજાળમાં ફસાવ્યા છે....' ગોશાલકનું ગંભીર આત્મમંથન શબ્દો દ્વારા બહાર પડવા માંડયું.

'માની શકાય તેવી વાત નથી....પ્રભુ !'

'કારણ કે મેં તમને આંજી નાંખ્યા છે.... તમે મારા પર અનન્ય દૃષ્ટિરાગ ધરાવો છો !....'

'નાથ....કંઇ સમજાતું નથી....'

'સાચી વાત છે, ન સમજાય તેવી વાત છે. આજ દિન સુધી મેં તમારા કાનમાં ઠોકી ઠોકીને...તર્કથી....બુદ્ધિથી...જ્ઞાનથી એવું ઠસાવી દીધું છે કે 'આજની મારી વાત તમને પહેલ-વહેલી ન જ સમજાય !'

'એટલે ?'

'એટલે એ જ કે સાચા જિન....સાચા તીર્થંકર શ્રીમદ્ મહાવીર વર્ધમાન છે....'

'શું ? શું ?' હજારો ભક્તો ફાટી આંખે બોલી ઉઠયા.

'હા, હું તેમનો સૌ પ્રથમ શિષ્ય હતો....'

'સૌ પ્રથમ તો ઇન્દ્રભૂતિ ગૌતમ છે ને ?'

'ના ભાઇઓ હું તો ત્યારનો શિષ્ય છું કે જયારે શ્રી વર્ધમાનને કેવળજ્ઞાન નહોતું પ્રગટયું...'

'સાચું ?'

'તદ્દન સાચું. હું શું કહું ભાઇઓ ? જ્યારે એ પરમગુરુ વર્ધમાનના ઉપકારોને યાદ કરૂં છું ત્યારે મારૂં કાળજું કંપી ઉઠે છે....જે તેજોલેશ્યા વીરવર્ધમાન પર મેં મૂકી તે તેજો-લેશ્યા મને શિખવી હતી એ જ કૃપાનિધિ વર્ધમાને....'

સૌ સ્તબ્ધ બની ગયા.

ગોશાલકે પડખું ફેરવ્યું.

પરિચારકે પાણી આપ્યું.

અત્યંત વેદનાને અનુભવતો ગોશાલક ક્ષણભર આંખો બંધ કરી પુનઃ ભક્તોને સંબો-ધવા લાગ્યો. આજે એને પોતાનાં સઘળાં પાતકોને પ્રગટ કરી આત્માને હળવો કરી દેવો છે....આજે એને પોતાના લાખો અનુ-યાયીઓની ભ્રમણાને ભાંગી નાંખવી છે. આજે એને પોતાની કમજાતને એના મૂળસ્વરૂપે પ્રગટ કરી દેવી છે.

'જગદ્‌ગુરુની ઘોર આશાતના, દારુણ અવગણના કરીને મેં મારું બોધિબીજ બાળી મૂકયું છે. એટલું જ નહિ પણ તમારાં બોધિ-બીજ પણ સળગાવી દીધાં છે.'

'ત્યારે શું આપનો નિયતિવાદ સત્યપર નિર્ભર નથી ?'

'બિલકુલ નહિ. મારો નિયતિવાદ એકાંત દૃષ્ટિ પર રચાયેલો છે. માટે તે મિથ્યા છે. શ્રી વીર વર્ધમાનનો અનેકાંતવાદ જ સાચો છે.'

'તો પછી વીરવર્ધમાન કરતાં આપના અનુયાયીઓ વધુ કેમ ?'

'કષ્ટ વગરનો ધર્મ ઘણાને ગમે ! કષ્ટમય ધર્મ ઓછાને રુચે ! મેં તમને એવો વાદ સમજાવ્યો કે જેમાં તમને કષ્ટ ઓછું પડે ....સહન ન કરવું પડે અને તમે ધાર્મિક તરીકે

કહેવાઓ ! અને આ તો નવો પંથ કાઢવાની તરકીબ છે! મેં વિચાર્યું કે મહાવીરનો ધર્મ તપ–ત્યાગ અને સંયમના મહાન કષ્ટોથી સાધ્ય છે; જો હું તપ–ત્યાગ અને સંયમનાં ઉગ્ર કષ્ટો વિનાનો ધર્મ દુનિયાને બતાવીશ તો જ લોકો મારા અનુયાયીઓ બનશે!'

જાદુગર પોતાના જાદુનો ભેદ ખોલે અને તે જેટલો રોમાંચક હોય તેટલો જ રોમાંચક ગોશાલકનો આ વૃત્તાંત બની રહ્યો.

ગોશાલકનો દેહ તેજોલેશ્યાની તીવ્ર વેદના અનુભવે છે.

ગોશાલકનો અંતરાત્મા મહાવીરની આશાતનાનો ઉગ્ર સંતાપ અનુભવે છે.

'મેં કેવળ આ ભવનો જ વિચાર કર્યો ....પરલોકનો મેં જરાય વિચાર ન કર્યો....મને ભારે ખેદ એ છે કે હું મહાપાપી હજુ કેમ જીવું છું?' ગોશાલક બે પગ વચ્ચે માથું દબાવી હીબકી હીબકીને રડવા લાગ્યો.

ત્યાં એક ભક્ત આશ્વાસન આપવા લાગ્યો :

'મહારાજ, જે બનવાકાળ હતું તે બની ગયું...હવે વધુ ખેદ કરવાથી શું?'

'કોણ છે એ? એવાં પોકળ આશ્વાસનો આપી મને મારા પાપ–પશ્ચાત્તાપથી પાછો ન પાડો. બનવાકાળ નથી બન્યું, મારી અવળચંડાઇએ બનાવ્યું છે....મારા પાપપ્રિય જીવે મહાન અધમતા કરી છે....'

રૂદન અને રોષથી ગોશાલકે ભક્તને ઝાટકયો.

હવે તેનો કંઠ રૂંધાવા માંડયો. તેની વેદનાએ માઝા મૂકી. તે બેસી ન શકયો. સંથારામાં લાંબો થઇ ગયો....પણ હજુ તેને ઘણું કહેવું હતું....હજુ તેને ઘણી આંતરવ્યથા ઠાલવવી હતી.

પા કલાક....અડધો કલાક....મૌન પથરાયું.

'હવે મારી તમને એક જ આજ્ઞા છે....'

'જરૂર ફરમાવો....' એકી સાથે સર્વે બોલી ઉઠયા.

'મારા મૃત્યુ પછી....મારા ડાબા પગને દોરડાથી બાંધજો....શ્રાવસ્તિની ગલીએ ગલીએ મારા મડદાને ઢસેડજો....મારા મોંઢા પર થૂંકજો' ....આંસુથી સંથારો ભીંજાઇ ગયો....ત્યારે ત્યાં રહેલા કોની આંખમાંથી આંસુ નહિ પડયાં હોય?

સાચાં હૈયે પાપનું આલોચન કરનાર પથ્થર દિલને પણ પીંગળાવી દે છે.

'ત્રણ વાર ફેરવજો....અને કહેજો–આ મંખલિપુત્ર ગોશાળો છે....આ જિન નથી.... પણ જિનેશ્વરનો વૈરી છે....ગુરુનો અવર્ણવાદી છે....શ્રમણોનો ઘાતક છે....સર્વદોષોનો દરિયો છે....'

બોલતાં બોલતાં થાક લાગે છે.

બોલતાં બોલતાં હૈયું ભરાઇ આવે છે....

'કહેજો–સાચા જિન....સાચા તીર્થંકર.... ખરેખર કેવળજ્ઞાની....સત્યવાદી....પરમ કરુણાનિધાન....ધર્મનાદેશક...ભગવંત મહાવીર છે....'

ગોશાલકથી સ્મૃતિમાં ભદંત મહાવીરની કરુણામૂર્તિ અંકિત થઈ. એણે મનોમન મહાવીરદેવને ભાવપૂર્વક વંદના કરી....મહાવીરદેવનાં ચરણે પોતાના પાપાત્માનાં ગરમગરમ આંસુઓથી પૂજન કર્યું

સાતમા દિવસની સંધ્યાના ટાણે ગોશાલક આ દુનિયાને છોડી ગયો.

દુનિયા તો ત્યારે ય ગાળોની ગાજવીજથી ગાજી રહી હતી. પણ ત્યારે ભગવંત મહાવીરે 'ગોશાલકને મોક્ષપ્રાપ્તિ થશે.' એવું પરમ સત્ય પ્રકાશ્યું.

# ⊙ મહામંગલ શ્રી નવકાર ⊙

સંપા૦ શ્રી મૃદુલ

'કલ્યાણ'માં એકાંતરે પ્રગટ થતાં આ વિભાગ પ્રત્યે સર્વ કોઇને આકર્ષણ છે.' મહામંગલ પ્રગટપ્રભાવી મહિમાવંતા શ્રી નવકાર મંત્ર પ્રત્યે ભક્તિ શ્રદ્ધા, નિષ્ઠા તથા અનન્ય આત્મપ્રેમ પ્રગટે તે દૃષ્ટિયે તાત્વિક તથા સાત્વિક રોચક અને સરલ તથા ભાવવાહી સાહિત્ય આ વિભાગમાં રજૂ થાય તે માટે અમે પ્રયત્નશીલ છીએ! આ વિભાગ હવેથી દર અંકે નિયમિત પ્રસિદ્ધ કરવાનો અમે નિર્ણય કર્યો છે. શ્રી નવકાર મહામંત્ર પ્રત્યે શ્રદ્ધા ધરાવનાર ધર્મશીલ લેખકો, શ્રી નવકાર મંત્ર અંગેનું ઉપયોગી હળવું તથા ભાવવાહી જીવનોપયોગી સાહિત્ય અમારા પર મોકલતા રહે તે અપેક્ષા અમે જરૂર રાખીએ!

## નવકારમાં પ્રથમપદે બિરાજમાન શ્રી અરિહંતદેવ:

પૂ. પંન્યાસજી મહારાજ શ્રી કનકવિજયજી ગણિવર

⊙

સંસારમાં અબ્જોપતિ, કોટ્યાધિપતિ, અને લાખોપતિ પણ અશરણ છે. શરણ હોય તો એક અરિહંતદેવ જ છે.

**અરિહંત**નું ધ્યાન, સેવા, ઉપાસના, એ જ આ સંસારમાં શરણભૂત છે. અનંતાનંત અરિહંતોની સ્થાપના એક અરિહંતપદમાં છે. નમો અરિહંતાણં પદની એ મહત્તા છે કે ત્રણે કાળમાં વિસર્જન થાય નહિ, એવું શાશ્વતપદ એ છે.

'**નમો** અરિહંતાણં' પદરૂપી પ્રતિમાને, સ્થાપનાને અનંતાનંત અરિહંતોએ સ્થાપેલી છે, માનેલી છે, પૂજેલી છે, સત્કારી છે, સન્માની છે. એટલું નહિં, પણ એ દ્વારા પોતે પણ તદ્રૂપ બની ગયા છે.

**શબ્દો**ની શક્તિ ઓળખાવનાર અરિહંત જ છે. નમો શબ્દ આદિમાં મુકયો છે તેમાં ગૂઢ રહસ્ય છે. નમો એટલે મોટો શબ્દ. એટલે 'ણમો' શબ્દમાં અણિમા સિદ્ધિ....સમાયેલી છે.

**અરિહંત**પદ ન હોય તો બાકીના પદો નકામા છે. સંસારી જીવોના પ્રથમ નંબરના માર્ગદર્શક અરિહંત ભગવંત છે. અરિહંત એટલે....સ્વ-પરનો ભેદ આપણામાંથી ભૂલાઈ ગયો છે તેને બતાવનાર, ઓળખાવનાર.

**અરિહંતો** જગતને અભય આપે છે. અરિહંતનું ધ્યાન, સેવા, ઉપાસના, સિદ્ધ થવા માટે છે.

જગતમાં લોકોત્તર શરણ અરિહંત છે. જગતના જીવોને આશ્રયભૂત છે. શરણભૂત છે.

અરહિંત ભગવંતનો વર્ણ શ્વેત-સફેદ છે.

તેમનો શ્વેતવર્ણ ક્ષમાનો પાઠ શીખવાડે છે.

સંસારમાં મને કે કમને, જન્મ મરણનું દુઃખ માનવું પડે છે. અને એ દુઃખને ટાળનાર અરિહંત ભગવંત છે.

અરિહંતનું વ્યક્તિત્વ એ એક અરિહંત પાસે જ છે.

'નમો અરહિંતાણું' આ સાત અક્ષરના ઉચ્ચાર માત્રથી દ્રવ્ય–અને–ભાવથી અનંતાનંત ભૂત ભાવિ અને વર્તમાનના અરિહંતોનેનમસ્કાર થાય છે.

અરિહંતની ભક્તિના યોગે ભક્ત ભગવાન બને છે.

અરિહંતની ભક્તિના યોગે અજ્ઞાની જ્ઞાની બને છે.

અરિહંતની ભક્તિના યોગે સંસારી કર્મોથી મુક્ત બને છે.

અરિહંત અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરી જ્ઞાનદીપક પ્રગટાવે છે.

અરિહંત એટલે ભાવ ચક્ષુના ડોકટર. કારણ! ભાવ અજ્ઞાનને–મિથ્યાત્વપૂંજને કાઢી આત્માને નિર્મલ દૃષ્ટિ આપે છે.

અરિહંત પદનો ઉચ્ચાર કરવો એ ધ્યાન, અને નમો અરિહંતાણું પદનો ઉચ્ચાર કરવો એમાં ધ્યાન, અને ભક્તિ બન્ને છે.

અરિહંતનો જ્ઞાનગુણ પણ ક્ષાયિક હોય છે. દર્શન ગુણ પણ ક્ષાયિક હોય છે. અને ચારિત્રગુણ પણ તેમનો ક્ષાયિક હોય છે.

સંસારમાં ઉત્કૃષ્ટ તપ કોઇનો હોય તો શ્રી અરિહંતોનો જ છે.

જગતમાં છેલ્લી ઘડીએ પણ તારનાર કોઇ હોય તો અરિહંત જ છે.

આઠ પ્રકારના કર્મરૂપ શત્રુઓને હણનારા અરિહંતો હોય છે.

દુનિયામાં જેટલું સારૂં છે તે અરિહંતના પ્રભાવથી જ છે.

અરિહંતો નમસ્કારને યોગ્ય કેમ છે?

ભયંકર ભવભ્રમણથી ભય પામેલા પ્રાણીઓને અનુપમ પરમપદરૂપી નગરનો માર્ગ દેખાડવાવાળા હોઇ અરિહંતો નમસ્કારને યોગ્ય છે.

અરિહંત ભગવંતનો જન્મ થાય એટલે, તેમના પુણ્ય પરમાણુઓથી ઇંદ્રનું સિંહાસન ડોલાયમાન થાય છે. તે સમયે અહીંથી નથી કોઇ રોકેટ મોકલતું, નથી કોઇ ઉપગ્રહ મોકલતું, નથી કોઈ વાયરલેસ મોકલતું. ઓટોમેટીક જ તેમના પુણ્યપરમાણુરૂપી વાયરલેસ છેક અસંખ્યાતા યોજન દૂર જઈ ઇંદ્રના સિંહાસનને ડોલાયમાન બનાવે છે. કેટલી અચિંત્ય શક્તિ! વર્તમાનમાં વિજ્ઞાનોની શોધો માટે જે કંઇ સાંભળવામાં આવે છે, તેમાં જરા ય આશ્ચર્ય નથી.

અરિહંતના શરણને સ્વીકાર્યા વિના સિદ્ધ બની શકાતું નથી.

અરિહંતદેવની વાણી એટલે ગંગા–પ્રવાહનો હિમાલય. જે કોઈ ભવ્યજીવ ત્યાં આવે કે વાણી–પ્રવાહમાં સ્નાન કરી પવિત્ર બની જાય.

નમો અરિહંતાણું પદમાં અનંતાનંત અરિહંતોનું પ્રતીક છે.

સંસારમાં ત્રણેકાળમાં કર્મની સત્તાથી દબાયેલા, અને કર્મની પરવશતાથી જકડાયેલા પ્રાણીઓ બિચારા છે. પણ અરિહંતના શરણે રહેલા કદિ બિચારા નથી.

ગણુધરભગવંતની ભક્તિ એટલે અરિહંત ભગવંતની ભક્તિ.

આચાર્યભગવંતની ભક્તિ એટલે અરિહંતની ભક્તિ.

ઉપાધ્યાયની ભક્તિ એટલે અરિહંતની ભક્તિ. અને સાધુની ભક્તિ એટલે પણુ અરિહંતની ભક્તિ. આ અરિહંતનો મહિમા છે.

દુનિયામાં જે કાંઇ સારૂં છે તે અરિહંત-પદની પ્રત્યક્ષ કે પરોક્ષપણે કરેલી આરાધનાનું ફળ છે.

અરિહંતનાં વ્યક્તિત્વનું સ્વરૂપ જેણે જાણ્યું હોય, તે અરિહંતની ઉપાસના કર્યા વગર રહે નહિં.

સંસારમાં જે કંઇ સારૂં છે, સાચું છે, સાત્વિક છે કે તાત્વિક છે તે બધામાં ઉપકાર કોઇનો પણુ હોય તો અરિહંતોનો જ છે.

નવપદના નવે પદોમાં અરિહંત છે.

અરિહંત જ્યાં ન હોય તે આચાર્ય, આચાર્ય નહિં.

અરિહંત જ્યાં ન હોય તે ઉપાધ્યાય, ઉપાધ્યાય નહિં.

અરિહંત જ્યાં ન હોય તે સાધુ, સાધુ-પદમાં નહિં.

અરિહંતમાં સર્વજીવોની કરૂણા રહેલી છે. મોઢામાં કોળીઓ મુકીએ તે પણુ અરિહંતોનો ઉપકાર છે.

સિદ્ધ થનાર આત્મા ગમે ત્યાં જન્મે, પણુ અરિહંત થનાર આત્મા તો શૌર્ય અને સાત્વિકતાથી વિભૂષિત એવા ઉત્તમ કુલમાં જ જન્મે.

જૈન શાસનમાં મોટામાં મોટો હિસ્સો, જો કોઇનો હોય તો અરિહંતદેવનો જ છે.

નમો અરિહંતાણું એ પદ ભાવપૂર્વક બોલનાર અરિહંતની પૂજા કરે છે, અર્ચન કરે છે સેવા કરે છે. દર્શન કરે છે, નમસ્કાર કરે છે.

અરિહંત ભગવંતમાં એ ચમત્કાર છે કે તેની આરાધનાના પ્રભાવે લૌકિક અને લોકોત્તર સંપત્તિ પ્રાપ્ત થાય છે.

અરહિંતના સ્વરૂપને ઓળખનાર તથા અરિહંતના વ્યક્તિત્વને જાણુનાર માનવી સર્વ-રીતે સુખી બને છે.

જેનાં હૈયામાં અરિહંતદેવ વસેલા છે તેનું સંસારમાં બગાડનાર કોઇ નથી.

અરિહંતનો વર્ણ શ્વેત છે. એ વર્ણ શાંતિનું પ્રતીક છે; જો સફેદ વર્ણ શોકનો હોય તો સાધુઓ સફેદ વસ્ત્ર પહેરે જ નહિં. પણુ સફેદ વર્ણ શાન્તિનું પ્રતીક છે. અશાન્તિના વાતાવરણુમાં શાન્તિનું સ્થાન સ્થાપનાર શ્વેત-વર્ણ છે.

વર્તમાનમાં સાક્ષાત્ ઉપકાર કરનાર આચાર્ય, ઉપાધ્યાય, કે સાધુ છે, પણુ પરંપરાયે તેમાં ઉપકાર અરિહંતદેવનો છે.

અરિહંતદેવ એક પગ આગળ મૂકે ને કમળ આગળ થાય, ચામર વીંઝાય, છત્રધરાય, અરિહંતની સંપત્તિ, અરિહંતનો વૈભવ, અરિહંતનું ઐશ્વર્ય આ બધું લોકોત્તર છે.

અરિહંત ભગવંતની પુન્યપ્રકૃતિ વિશ્વનું વરદાન છે.

(પૂ. મહારાજશ્રીનાં વ્યાખ્યાનમાંથી અવતરણુકાર શ્રી સુધાવર્ષી)

# શ્રી અરિહંત ભગવંત સદા શરણભૂત હો !

શ્રી સુધાવર્ષી

**શ્રી** અરિહંત ભગવંતનું ભવોભવ મને શરણ હો! પ્રભુ? ભવસાગરમાં ડુબતી મારી નૌકાને પાર ઉતારો! અને અનંત અખંડ અક્ષય સુખને અર્પવા મારા પર કૃપાદૃષ્ટિ કરો!

**અ**રિહંત ભગવંતને નમસ્કાર તો અભવ્યના આત્માઓ પણ કરે છે, પરંતુ સર્વમંગલોમાં આ પ્રથમ મંગલ છે. એવી શ્રદ્ધા અભવ્યના જીવોને હોતી નથી માટે એઓ શ્રદ્ધાપૂર્વક અરિહંતના શરણુને પ્રાપ્ત કરી શકતા નથી.

**રિ**પુઓનો એટલે શત્રુઓનો સામનો કરવો હોય તો ક્રોધાદિ અંતરંગ શત્રુઓનો સામનો કરજો કે જેથી અરિહંતના શરણુને પ્રાપ્ત કરી શકાય.

**હં**મેશા મન વચન કાયાની શુદ્ધિપૂર્વક મહામંગલ નમસ્કારનું ત્રિકાળ સ્મરણ જો હૈયામાં પેસી જાય તો આત્માને નિકટમાં જ અરિહંત શરણભૂત બને છે.

**ત**ત્વની દૃષ્ટિ આપણામાં હોય તો સત્વ આવે, શ્રદ્ધા હોય તો સમ્યગ્દર્શન આવે, અને સમ્યગ્દર્શન હોય તો જ આપણા માટે શ્રી અરિહંત પરમાત્માનું શરણ દૂર નથી.

**ભ**વોભવ અનાદિકાળથી ભટકતો આત્મા જો એક અરિહંતભગવંતના શરણે આવી જાય તો તેની સંસારશેરી શું સાંકડી ન થાય? અવશ્ય થાય.

**ગ**ર્વનો ત્યાગ કરી, નમ્રતાને દિલ ધરી, આત્મ આંગણીયે આત્મા, ભાવસંયમની રંગોળી પૂરે તો આત્મઆંગણું કેવું શોભાયમાન બને! અને એ આંગણું શોભાયમાન બને એટલે અરિહંત ભગવંતનું શરણ એ ભવ્ય આંગણામાં પ્રવેશ કર્યા વિના રહે? ન રહે.

**વં**દન હો અનંતીવાર અરિહંત પરમાત્માને! નમસ્કાર હો સિદ્ધ ભગવંતોને કે જેના નમસ્કાર માત્રથી જ મારૂં ભવભ્રમણ નાશ પામે, અને અંતે તેના જ ચરણનાં શરણનો હું ઉપાસક બનું!

**ત**પને દીપાવનાર ક્ષમા છે. અને ક્ષમા એ આત્માનો ગુણ છે. તે ગુણને મેળવવા માત્ર અરિહંતનું શરણ જ બસ છે.

**સ**ર્વ પ્રકારની રિદ્ધિસિદ્ધિથી ભરપૂર એવા ચક્રવર્તીઓ પણ જ્યારે અરિહંતનાં શરણને હૃદયમાં ધારણ કરે છે, ત્યારે જ તેઓ સ્વર્ગ કે અપવર્ગના સુખોને મેળવે છે. નહિંતર નિયમા નરકના મહેમાન બને.

**દા**ન જેમ લક્ષ્મી નામની ડાકણને છોડવા માટે છે, તેમ અરિહંતનું શરણ સંસારરૂપી કેદખાનાને તોડવા માટે છે.

**શ**મસુખ, સંવેગ, સુપાત્રદાન, સત્સંગ, અને સત્ક્રિયા આ પાંચ સકાર આત્મામાં ત્યારે જ પ્રગટ થાય કે આત્મા જ્યારે અરિહંતની શરણાગતિને સ્વીકારે!

**ર**ગેરગમાં વસી ગયેલી સુપાત્રદાનની ભક્તિ જેમ આત્માને છેક ગુણોની શ્રેણીપર પહોંચાડે છે, તેમ રગેરગમાં વસી ગયેલું અરિહંતનું શરણ પણ આત્માને છેક મુક્તિના મિનારે પહોંચાડે છે.

**ણ**મો શબ્દમાં અચિંત્ય શક્તિ રહેલી છે, નવકારમંત્રનો પ્રથમ અક્ષર 'ન' છે, એ 'ન'

એક જ અક્ષરનું સ્મરણ કરવા માત્રથી સાત–સાગરોપમના પાપો નાશ પામે છે. તો આ અક્ષરનું સ્મરણ કરનારાઓને અરિહંતનું શરણ નિકટ જ હોય ને?

ભૂતકાળમાં થઈ ગયેલા, ભવિષ્યમાં થનારા, અને વર્તમાનમાં વિહરી–રહેલા અનંતાનંત અરિહંતભગવંતોને સમર્પણ બુદ્ધિ દ્વારા મારો અનંતીવાર નમસ્કાર હો! ભવોભવ તેમનું શરણ હો!

તમારા શરણને સ્વીકાર્યા વિના હે અરિહંત પ્રભો! મારૂં ભવભ્રમણ કેટલું વધ્યું? હવે કયારે મારો નિસ્તાર થશે? જરા કૃપાદષ્ટિ કરી પ્રભુ હવે તો નિસ્તારો! શરણ આપો!

હોળી, બળેવ, માહિપૂનમ, આદિ મિથ્યાપર્વોની આરાધના આત્માને સંસારમાં રઝળાવનાર છે, પરંતુ સંસારથી તારનાર તો અરિહંતભગવંતે કહેલી આરાધના જ છે–તેની શરણાગતિ જ છે.

## નમસ્કાર માહાત્મ્ય

સં. ડો. વલ્લભદાસ નેણસીભાઈ–મોરબી.

નમસ્કાર મહામંત્ર છે. ચૌદ પૂર્વનો સાર છે. તેના આરાધનથી–જાપથી સ્મરણથી–અનંત જીવો સંસારનો પાર પામી ગયા છે.

આ નમસ્કારના પાંચ પદોના પાંત્રીશ અક્ષરો તીર્થંકરની વાણીના પાંત્રીસ અતિશયોજ હોય એમ ભાસે છે.

સાત ક્ષેત્રની જેમ સફળ અને સાત ક્ષેત્રની જેવા શાશ્વત આ પ્રથમ પદના સાત અક્ષરો 'નમો અરિહંતાણં' સાત ભયોનો નાશ કરે છે.

ઔદારિકાદિક પાંચ શરીરનો નાશ કરનાર અને મોક્ષરૂપી પાંચમી ગતિને આપનાર આ પાંચ અક્ષરો 'નમો સિદ્ધાણં' પંચત્વ (મરણ) વગેરેના પ્રપંચથી એટલે જન્મ–જરા–મરણાદિ આ સંસારના સ્વભાવથી રક્ષણ કરે છે.

સાત તત્ત્વરૂપી, કમળના વનને વિકસ્વર કરવામાં સૂર્યના કિરણો જેવાં આ ત્રીજા પદના સાત અક્ષરો 'નમો આયરિયાણં' સાત નરક–પૃથ્વીરૂપ દુર્ગતિનો નાશ કરે છે.

સાત રજ્જુ પ્રમાણ ઉર્ધ્વલોકના માર્ગનો પ્રકાશ કરવામાં દીપક સમાન મહાઉજ્જવલ આ ચોથા પદના સાત અક્ષરો 'નમો ઉવજ્ઝાયાણં' સાત વ્યસનોનો નાશ કરે છે.

નયના ભેદ–જીવની રક્ષા એમ મૃતના કુંડની જેવી આકૃતિવાળા આ નવ અક્ષરો 'નમોલોએ સવ્વસાહૂણં' ધર્મને વિષે નવો નવો ભાવ આપે છે.

પંચ નમસ્કાર પદનું શ્રવણ કરવાથી પ્રશમ રસ, દેવગુરુની આજ્ઞાનું પાલન, નિયમ તપ અને જન્મ એ સર્વ સફળ થાય છે.

આ પ્રમાણે પ્રથમ રસના ઉલ્લાસ પૂર્વક મંત્ર નમસ્કારનું શ્રવણ કરી, ક્લિષ્ટ કર્મોનો નાશ કરનારી સદ્ગતિ પ્રાપ્ત થાય છે.

નમસ્કાર મંત્રની ભક્તિ કરનાર પ્રાણી ઉત્તમ દેવપણે ઉત્પન્ન થઈ ત્યાંથી ચ્યવી શ્રેષ્ઠ

કુળમાં મનુષ્ય જન્મ ધારણ કરી આઠ ભવની અંદર સિદ્ધિપદને પામે છે.

ચૌદપૂર્વધર સાધુને ઉત્કૃષ્ટ સ્વાધ્યાય દ્વાદશાંગીરૂપ હોય છે. પછી ઉત્તરોતર હીનતા એ છેવટે તેના સારભૂત નમસ્કાર મંત્ર આવે છે. પરિણામ વિશુદ્ધિરૂપ હોવાથી નમસ્કાર મંત્ર પણ દ્વાદશાંગીના સાર રૂપ જ છે.

તથા પ્રકારના દેશકાળમાં સમગ્ર દ્વાદશાંગી પ્રમુખનું અનુચિંતન ગમે તેવા સમર્થ ચિંતનવાળા સાધુ પણ કરી શકતા નથી, તેવે પ્રસંગે દ્વાદશાંગીના સારરૂપ નમસ્કાર મહામંત્રનું જ સ્મરણ ચિંતવન કરવું યુક્ત છે.

આ મહામંત્ર સર્વ મંગળમાં પ્રધાન મંગલરૂપ છે, તેથી સર્વ ભય ટળી જાય છે. આ મહામંત્ર સર્વ દુઃખને હરે છે. સર્વ સુખને પામે છે, યશ પામે છે–વધારે છે, સંસાર સાગરને શોષવી નાંખે છે, જન્મ–મરણનો અંત આણે છે. ટુંકામાં આ નમસ્કાર મંત્ર આ લોક સંબંધી અને પરલોક સંબંધી સમસ્ત સુખનું મૂળ છે.

સ્વાધ્યાય–ધ્યાન અંતર્ગત નમસ્કાર મહામંત્રનો ચમત્કારિક પ્રભાવ જાણી આત્માર્થી ભાઈ–બ્હેનો હરહંમેશ નિયમસર સ્વાધ્યાય–ધ્યાનનો અભ્યાસ કર્યા કરે અને નમસ્કાર મહામંત્રનો ભાવાર્થ સારી રીતે સમજી એમાં સત્તાગત રહેલા ઉત્તમ ગુણો પ્રગટ કરવા, તેનું નિયમિત રીતે સ્મરણ–ચિંતન–કરવા સ્થિર મનથી પ્રયત્ન કરતાં કોઈ એક લાખ, કોઈ નવ લાખ, અને કોઈ નવક્રોડનો જાપ શરૂ કરી અંતરલક્ષ રાખી, કેવળ આત્મશુદ્ધિ નિમિત્તેજ આ લોક કે પરલોકના ક્ષણિક સુખની લેશ પણ ઈચ્છા રાખ્યા વગર પૂરો કરતાં, રાગ-દ્વેષ–મોહાદિક કર્મમળ દૂર થઈ આત્મા ઉજ્જવલ થવા પામે છે.

આવો ઉત્તમ મહિમા સાંભળી, ગ્રહણ કરી, સહુએ તેના સ્વાધ્યાય–ધ્યાનમાં સારો આદર કરી મહાપુણ્યથી પ્રાપ્ત થયેલી આ માનવ ભવાદિક દુર્લભ સામગ્રી સાર્થક કરી લેવા લેશ પણ પ્રમાદ કરવા જેવું નથી.

ૐ શાંતિ :

રિદ્ધિ સિદ્ધિ માટે....
મહાચમત્કારીક યંત્ર
શ્રી ઘંટાકર્ણ મહાવીર
સર્વસિદ્ધિ મહાયંત્ર
કિંમત રૂ. ૧/- દ્વિરંગી ચિત્ર ૧૧"×૧૪" પોસ્ટેજ ૭૫ ન. પૈ.
નિયમિત પ્રાતઃકાળે ધૂપ દીપ આપી એનો ચમત્કાર જાતેજ અનુભવો
જેમાં વિજયયંત્ર–નવગ્રહ–માણીભદ્રજી–બટુક ભૈરવ સોળ વિદ્યા દેવીઓ–પંચાંગુલી દેવી વગેરેનો સમાવેશ કરવામાં આવેલ છે.
પ્રાપ્તિ માટે
શ્રી મેઘરાજ જૈન પુસ્તક ભંડાર
બુક સેલર્સ અને પબ્લીશર્સ
પીકા સ્ટ્રીટ–ગોડીજી ચાલ–મુંબઈ ૨.

માળા, સાપડા, ઠવણી, બટવા વગેરે
ખાસ પ્રભાવના માટે
રેડીયમ તથા પ્લાસ્ટીકના
પ્લાસ્ટીકનો સેટ જેમાં સ્થાપનાચાર્ય, સાપડી, માળા, બોકસમાં તૈયાર મળશે. મૂલ્ય રૂા. એક. વધુ માટે મળો અગર લખો :–
મુનલાઇટ પ્રોડકટસ
૫૯/૬૭ મીરઝા સ્ટ્રીટ—મુંબઈ–૩

કલ્યાણ માસિકના આજેજ ગ્રાહક બનો.
વાર્ષિક લવાજમ રૂા. ૫–૫૦.

# સાધર્મિક ભક્તિનો સાચો આદર્શ:

**પૂ. પાદ આચાર્ય દેવ શ્રીમદ્ વિજય સમચંદ્રસૂરીશ્વરજી મહારાજ**

જૈન સમાજમાં વારંવાર એ પ્રચાર વધી રહ્યો છે કે 'જૈનો માટે કાંઇ કરવું જોઇએ! સાધર્મિકભાઇઓને સહાય કરવી જોઈએ, તેમનું વાતસલ્ય કરવું જોઈએ.' આ બધી વાતો કરનારને આ લેખમાં સ્પષ્ટ બોધપાઠ મલી રહે છે. જૈન શાસનમાં સાધર્મિકભાઇઓ પ્રત્યે કેવી ઉદારતાપૂર્વકની ભક્તિ હોવી જોઈએ. તેમજ સાધર્મિક માટે સાધર્મિકનું હૈયું કેટ-કેટલું ઉચ્ચતમ ગંભીર અને વાતસલ્ય ભાવભર્યું હોવું જોઈએ? એ હકીકત, ભગવાન શ્રી મહાવીર દેવના કાલમાં થઇ ગયેલી ઈતિહાસના પાનાંઓ પર સુવર્ણાક્ષરે નોંધાયેલી આ કથા કહી જાય છે, પૂ. પાદ આચાર્ય મહારાજશ્રીની શૈલી સરલ, ભાવવાહી તથા સચોટ છે; સાંભળનારનાં હૈયાને સ્પર્શીને વહેતી તેઓશ્રીની વાણી દ્વારા સાધર્મિક ભક્તિનો સાચો અને શાસ્ત્રીય આદર્શ અહિં રજૂ થાય છે. 'કલ્યાણ'ના વાચકો રસપૂર્વક આ મનનીય પ્રવચનને વાંચે તથા વિચારે. જૈન પ્રવચનમાંથી અક્ષરશઃ ઉદ્ધૃત કરીને મૂકેલ આ પ્રવચન તેઓશ્રીના તથા પ્રવચન કાર્યાલયના આભાર સ્વીકારપૂર્વક અહિં ઉદ્ધૃત થાય છે.

ભગવાન શ્રી જિનેશ્વરદેવના શાસનને પામેલા પુણ્યાત્માઓને, ભગવાન શ્રી જિનેશ્વરદેવના શાસનને પામેલા પુણ્યાત્માઓ ઉપર કેટલો બધો વિશ્વાસ હોય છે, અને ભગવાન શ્રી જિનેશ્વરદેવના શાસનને પામેલાઓ પોતાના સાધર્મિક બન્ધુઓની આર્થિક પરિસ્થિતિ વિષે પણ કેવી કાળજી રાખનાર હોય છે, એનું સુન્દર સૂચન જેમ આ પ્રસંગમાંથી પ્રાપ્ત થાય છે, તેમ સુશ્રાવક દોષ કરે અગર તો સુશ્રાવકથી દોષ થઇ પણ જાય, તોય તે દોષ સુશ્રાવકોને પોતાને કેટલો બધો ડંખે છે, તેનું પણ સુન્દર સૂચન આ પ્રસંગમાંથી પ્રાપ્ત થાય છે.

એમ કહેવાય છે કે, ભગવાન શ્રી મહાવીર પરમાત્મા કેવલજ્ઞાન ઉપાર્જીને અને તીર્થની સ્થાપના કરીને જે સમયે આ ભરતભૂમિના પૃથ્વીતલને પોતાના પાદવિહારથી પાવન કરી રહ્યા હતા, તે સમયમાં બનેલો આ એક બનાવ છે.

સાંતનુ નામના એક સુશ્રાવકને 'કુંજીદેવી' નામની સુશ્રાવિકા ધર્મપત્ની હતી. સાંતનુનો જન્મ ધનાઢ્ય ઘરમાં થયો હતો. સાંતનુના પિતા જ મહા ધનવાન હતા એમ નહિ, પણ પેઢી દરપેઢીથી એ ઘરમાં શ્રીમન્તાઈ ચાલી આવતી હતી. એથી એ ઘરમાં ભોગોપભોગોમાં પણ સોના-ચાંદીનાં વાસણો વપરાતાં હતાં. સાંતનુ સોનાના પ્યાલે દૂધ પીતો અને ચાંદીના રમકડે રમતો ઉછર્યો; પણ એના જન્મ પછી એ ઘરની શ્રીમન્તાઇને ધીરે ધીરે ઘસારો લાગ્યે જતો હતો. અને જ્યારે સાંતનુ ઉમ્મરલાયક થયો અને તેનાં માતા-પિતા સ્વર્ગવાસી બન્યાં, ત્યારે તો એ ઘરની શ્રીમન્તાઇ સારી રીતે ઘસાઈ જવા પામી હતી.

આમાં આશ્ચર્ય પામવા જેવું કાંઇ નથી. આવું તો આ જગતમાં ઘણું બને છે. પુણ્ય-પાપને આધીન એ વસ્તુ છે. પુણ્યોદયના યોગ વિના સંપત્તિ મળે નહિ. મળેલી સંપત્તિ પણ ટકે તેની પાસે કે જેનો પુણ્યોદય જીવન્ત હોય. પુણ્યોદય ગયો ને પાપોદય આવ્યો, એટલે વિપુલ પણ સંપત્તિને વહી જતાં વાર લાગે નહિ. એટલા માટે જ ઉપકારી મહાપુરુષો ફરમાવે છે કે, 'જ્યારે સમ્પત્તિ વિદ્યમાન હોય, ત્યારે તેના સંગ્રહમાં અને તે દ્વારા ભોગોપભોગમાં રાચવાને બદલે, થાય તેટલો સમ્પત્તિનો સદ્વ્યય કરી લો!'

સંપત્તિશાલી જેમ પાપોદય આવતાં દરિદ્ર, અકિંચન બની જાય છે, તેમ દરિદ્ર, અને અકિંચન એવા પણ માણસો તેમનો પુણ્યોદય થતાં વિપુલ સંપત્તિવાળાં બની જાય છે. તેઓએ પણ વિચાર

કરવો જોઇએ કે, 'અમે સંપત્તિ પામ્યા એ વાસ્તવિક રીતે અમારી આવડત વગેરેનો પ્રભાવ નથી, પરન્તુ પૂર્વકાળમાં અમે જે પુણ્ય આચર્યું હશે તે પુણ્ય ઉદયમાં આવ્યું તેનો આ પ્રતાપ છે. અને એથી, જ્યાં સુધી પુણ્યની યારી છે, ત્યાં સુધીમાં અમારે પુણ્યથી મળેલી આ સંપત્તિનો વધુમાં વધુ સદ્‌વ્યય કરી લેવો જોઇએ.'

સંતનુ એના જોરદાર પાપોદયના પ્રતાપે સંપત્તિહીન તો બની ગયો, પણ ધીરે ધીરે એ એવી અવસ્થાને પામ્યો કે, 'ખાવું શું અને પહેરવું શું?' એની પણ એને મોટી ચિન્તા થઇ પડી. જેમ જેમ એ પ્રયત્ન કરતો ગયો, તેમ તેમ એ પાછો પડતો ગયો. અને તેની મુસીબતમાં વધારો થતો ગયો.

તેણે નવેસરથી વ્યાપાર કરવાનો વિચાર કર્યો, પણ વ્યાપાર શરૂ કરવા માટેય ધન જોઇએ અને અલ્પ પણ ધન તેની પાસે રહેવા પામ્યું નહોતું. આથી તે ખૂબ જ વ્યગ્ર ચિત્તવાળો બની ગયો. તેને લાગ્યું કે, 'હવે જો જીવવું હોય તો ચોરીનો જ આશ્રય લેવો પડશે. ચોરી કરવા સિવાય બીજો કોઇ એવો ઉપાય મને જણાતો નથી કે જે ઉપાયને આદરીને હું અમો બન્નેનાં પેટ ભરાય અને અંગ ઢંકાય એટલું પણ ધન પ્રમાણિકપણે ઉપાર્જી શકું!'

ઘરની આવી સ્થિતિ સાંતનુની ધર્મપત્ની સુશ્રાવિકા કુંજીદેવીને પણ મૂંઝવી રહી હતી. બાઈ સમજુ હતી, શાણી હતી, ગમે તેવા દુઃખમાંય પતિને આશ્વાસન આપે એવી હતી અને થોડામાં થોડું મળે તોય ચલાવી લે એવી હતી; કેમ કે, એ ધર્મનિષ્ઠ હતી! પરન્તુ થોડુંકેય મળે નહિ ત્યારે કરવું શું? એની એને મન પણ પાકી મૂંઝવણ હતી.

આમ સુશ્રાવક-સુશ્રાવિકા પતિ-પત્ની મૂંઝવણમાં દિવસો પસાર કરતાં હતાં. એવામાં પ્રસંગ પામીને સાંતનુએ કુંજીદેવીને કહ્યું કે, હવે તો ચોરી કરીને દ્રવ્ય મેળવવા સિવાય કોઈ આરો નથી. ચોરી કરવાથી પણ જો થોડુંકેય દ્રવ્ય મળી જાય તો વ્યાપાર થઇ શકે અને વ્યાપારમાંથી જો દ્રવ્યોપાર્જન થાય તો જ આપણાથી નભી શકાય.'

આ વાત સાંભળીને કુંજીદેવી પણ ચિન્તામાં પડી ગઇ. ચિન્તા કરતે, કરતે તેણીને પણ લાગ્યું કે, 'ખરેખર, ચોરી કર્યા વિના આરો નથી.' કેમ કે, કોઇ પાસે માંગવાને હાથ લંબાવી શકવા જોગી તો તેમની સ્થિતિ નહોતી. માંગવા કરતાં તો મરવું સારૂં, એવું એમનું દિલ હતું. જે રીતે એ ઉછરેલાં હતાં, તેનો વિચાર કરતાં તો ઝેર ઘોળી પીએ પણ માંગવાને હાથ ધરે નહિ, એવી એમની મનોવૃત્તિ હતી. અને ચોરી કરવા પાછળ તો એ વિચાર હતો કે, કમાતાંની સાથે જ પાછું પહોંચાડી દઇશું! એ સમજતી હતી કે, 'મારા સ્વામીને વ્યાપાર સિવાય કાંઇ આવડતું નથી અને વ્યાપાર માટે તો ધન જોઇએ. તે ધન હવે ચોરી સિવાય મેળવી શકાય તેમ નથી.'

આમ કુંજીદેવીએ પણ પતિના ચોરી કરવાના નિર્ણયને સમ્મતિ આપી; પણ પાછો વિચાર થયો કે, 'ચોરી કરવી કોની? અને ચોરી કરવી શી રીતે?' બહુ વિચારને અન્તે કુંજીદેવીએ સાંતનુને કહ્યું કે, ચોરી કરો. તો આપણા કોઇ સારા સાધર્મિકની જ વસ્તુ ચોરજો!'

આ વિચાર પાછળ શું તત્ત્વ છે, એ સમજો છો? એક તો ચોરી કરવી અને તેય પાછી સાધર્મિકની વસ્તુની જ ચોરી કરવી? સાધર્મિક પ્રત્યે તો કેવો ભાવ હોવો જોઈએ? સાધર્મિકનું તો વાત્સલ્ય કરવાનું જ મન હોવું જોઈએ ને? સાધર્મિકને તો દેવાનું જ હોય ને? એનું ચોરાય તો નહિ પણ કોઈ જો એનું ચોરતો હોય તો ચોરનારને ચોરી કરતાં અટકાવવો એ સાધર્મિકનું કામ છે ને? એને બદલે, સાધર્મિકની જ વસ્તુ ચોરવાનો વિચાર અને નિર્ણય, એ શું કહેવાય? પણ અહીં તમારે એ જોવું જોઇએ કે, કેવળ વખાના માર્યા આ લોકોને ચોરી કરવાનો નિર્ણય કરવો પડયો છે અને ચોરી જેવું પાપ કરવા છતાં પણ પોતાનું ઉત્તમ કુળ નિન્દાય નહિ, ધર્મ નિન્દાય નહિ, સાધર્મિકો નિન્દાય નહિ, એની ચિન્તા મનમાં રહેલી છે. પારકું લેવું પણ પડે તોય સાધર્મિકનું લેવું, એવો પણ મનોભાવ હોઈ શકે. દુનિયામાં કહેવાય છે કે- 'જેવું અન્ન, તેવો ઓડકાર.' ગમે તેવું દ્રવ્ય ઘરમાં આવે અને તે મનના ભાવોને

બગાડી મારે તો શું થાય, એવી પણ ચિન્તા શ્રાવક શ્રાવિકાને હોઇ શકે ને ? દેવ, ગુરુ અને ધર્મ પ્રત્યેના અમારા ભાવમાં કોઇ વિપરીતતા પ્રવેશી જાય નહિ અન્ય કોઈના દ્રવ્યથી, એવો વિચારેય શ્રાવક-શ્રાવિકાને આવે ને ?

બન્નેએ નિર્ણય કરી લીધો કે, 'ચોરી કરવા સિવાય આરો નથી અને ચોરી સાધર્મિકની વસ્તુની જ કરવી.' આ નિર્ણય મનમાં રાખીને સાંતનુ, સન્ધ્યાકાળે પ્રતિક્રમણ કરવાના અવસરે ઉપાશ્રયે ગયો.

(૨)

'સંપત્તિશાલી સુશ્રાવકો શ્રી જિનમન્દિરે અને ઉપાશ્રયે ધર્મક્રિયા કરવાને માટે જાય, તે કેવી રીતે જાય ? પોતપોતાના વિભવાનુસાર ઠાઠ-માઠથી જાય. વસ્ત્રાલંકારથી સુસજ્જ બનીને જાય. એમાં પણ શ્રી જિનશાસનની પ્રભાવના છે. આવાઓ પણ આ મંદિરે અને આ ઉપાશ્રયે ધર્મક્રિયા કરવાને જાય છે.' આવો વિચાર જોનારને આવે અને જો તે યોગ્ય હોય તો એનાં હૈયામાં શ્રી જિનના ધર્મ પ્રત્યે આદર-ભાવ પ્રગટે; તેમ જ એને પણ આવાં ધર્માનુષ્ઠાન આચરવાનું મન થાય.

ઉત્તમ વસ્ત્રાલંકારોથી સુસજ્જ બનીને ઉપાશ્રયે ગયેલ સુશ્રાવકો જ્યારે સામાયિકાદિ ક્રિયા કરે, ત્યારે વિધિમાં જરૂરી વસ્ત્રો સિવાયનાં વસ્ત્રો અને અલંકારો ઉતારીને બેસે. અલંકારોને ઉતારીને સામાયિક-પ્રતિક્રમણમાં બેસવાનો વિધિ પૂર્વકાળમાં પ્રચલિત હતો.

સાંતનુ જેમ ઉપાશ્રયે આવ્યો, તેમ ઘણા સુશ્રાવકો પ્રતિક્રમણ કરવાને માટે ઉપાશ્રયે આવ્યા હતા. એમાં એક શ્રી જિનદાસ નામના શેઠ પણ આવેલા.. એમણે પોતાનાં કપડાં સાથે પોતાના ગળામાં પહેરેલો મોતીનો હાર પણ ઉતાર્યો અને તે પોતાનાં કપડાં ભેગો મૂકયો.

સાંતનુએ આ જોયું અને એને લાગ્યું કે, 'પોતાના નિર્ણયનો અમલ કરવાની આ એક સારી તક છે.' આથી તે શ્રી જિનદાસ શેઠની પાસે જ બેસી ગયો.

પ્રતિક્રમણની ક્રિયા ચાલુ હતી અને રાત્રિનો અન્ધકાર વ્યાપી ગયો. સાંતનુએ એ અન્ધકારમાં શ્રી જિનદાસ શેઠનો મોતીનો કિંમતી હાર ઉઠાવી લીધો. સાંતનુને ચોરી કરવી જ હતી, એટલે એણે પ્રતિક્રમણ કરવાનો દેખાવ કર્યો હશે પણ સામાયિક નહિ ઉચ્ચર્યું હોય અથવા તો પછી પોતે પ્રતિક્રમણ ઝડપથી કરી લીધું હશે.

હવે જ, શું બને છે એ ખરેખર જોવા-જાણવા જેવું છે; અને બોધપાઠેય એમાંથી લેવા જેવો છે.

શ્રી જિનદાસ શેઠે સકળ સંઘ સાથે પ્રતિક્રમણ કર્યું અને સૌની સાથે સામાયિક પાળ્યું એ પછી પોતાનાં વસ્ત્રાલંકાર પહેરવા જતાં તેમને પોતાનો હાર ગુમ થયેલો જણાયો.

તેમને ખ્યાલ આવ્યો કે, 'પોતાની પાસે સાંતનુ બેઠો હતો. બીજું કોઇ એટલું પાસે બેઠું નહોતું. અને તેમણે જોયું કે, 'સાંતનુ આજે પ્રતિક્રમણમાંથી વહેલો ઉઠીને ચાલ્યો ગયો હતો.'

આથી શ્રી જિનદાસ શેઠ સમજી ગયા કે, 'મારો હાર સાંતનુએ જ લીધો હોવો જોઇએ.' અને સાંતનુએ હારની ચોરી કર્યાની કલ્પના આવતાંની સાથે જ શ્રી જિનદાસ શેઠ કમ્પી ઉઠયા. પોતાનો હાર ચોરાયો એથી નહિ, પણ આ ચોરી એ મારી જ ભૂલનું પરિણામ છે, એવા વિચારથી એ કંપી ઉઠયા.

કોઇપણ વાતમાં સુશ્રાવકો પોતાની ભૂલ પહેલી તપાસે ને ? કોઇ પણ નહિ ઇચ્છવાજોગ બનાવ જો બને, તો એમાં મારી ભૂલ છે કે નહિ અને છે તો તે કેટલી છે તથા છે તો એ ભૂલ કેમ સુધરે, એનો વિચાર સુશ્રાવકને તો હોય ને ? જે પારકી ભૂલ જ જોયા કરે અને પોતાની ભૂલ જુએ નહિ, તે પોતાનાં જૈનપણાને શોભાવે કે શરમાવે ? સમજુ તે કે જે પોતાની ભૂલને પહેલી જુએ અને પોતાની નાની પણ ભૂલને મોટી બનાવીને જુએ તથા પારકી ભૂલ મોટી હોય તોય તેને નાની બનાવીને જુએ તથા પારકી ભૂલ જોવામાં પણ એનાં હૈયે પારકાનાં હિતની ચિન્તા ન હોય એ બને નહિ ! ગમે તેવી ભૂલ કરનારનું પણ ભૂંડું તો ઇચ્છાય જ નહિ. તેમાંય સાધર્મિકની ભૂલ તો જૈનને સારી રીતે ગળી ખાતાં આવડે. કેમ કે, સાધર્મિક હલકો દેખાય, એમા તો હું જ હલકો દેખાઉં એવું જૈનને મન હોય ને ?

શ્રી જિનદાસ શેઠ વિચારે છે કે, 'આ સાંતનુની આટલી બધી અવદશા થઇ ગઇ? એના બાપદાદા મહા ધનવાન હોવા સાથે શ્રી સંઘના અગ્રણી પણ હતા. દાનથી અને પરોપકારથી તેમણે શ્રીસંઘની આગેવાનીને સારી રીતે દીપાવી હતી. આવા બાપ-દાદાના સંતાન સાંતનુને આવી રીતે ચોરી કરવાનો અવસર આવી લાગ્યો? મહા મુસીબતમાં મૂકાઇ ગયા વિના સાંતનુ ચોરી કરે એ બને નહિ, એટલે અત્યારે તે ખૂબ જ વિષમ સ્થિતિને પામેલો હોવો જોઇએ. એનાં માતા-પિતા મરી ગયા પછી મારે જ એની સારસંભાળ રાખવી જોઇતી હતી અને એને સારી રીતે સહાય કરવી જોઈતી હતી. પણ હું મારાં એ કર્તવ્યને ચૂકયો અને એનું જ આ પરિણામ છે. સાંતનુએ ચોરી કરી એ ખરેખર તો મારી જ ભૂલ છે, કેમ કે, મેં જો મારૂં કર્તવ્ય અદા કર્યું હોત, તો એને ચોરી કરવાનો વખત આવત નહિ'

પોતાનો કીંમતી હાર ચોરાયો છે એ જાણ્યા પછી, આવો વિચાર આવે? આ બાબત દરેકે પોતે પોતાનાં અન્તઃકરણને પૂછવાની છે. 'હાર કેટલો બધો કીંમતી? એની ચોરી પણ ધર્મસ્થાનમાંથીજ? અને તેય ધર્મક્રિયા કરવાના બહાને! ધર્મસ્થાનમાં ધર્મક્રિયા કરવાને બહાને આવેલો ચોરી કરે, એનામાં વળી શ્રાવકપણું શાનું? એવા નામના શ્રાવકોની તો બરાબર ખબર લઇ નાંખવી જ જોઇએ!' આવા આવા વિચાર આવવા એ સહેલું? કે, શ્રી જિનદાસને જેવો વિચાર આવ્યો એવો વિચાર આવવો એ સહેલું? કેટલી ધીરજ હોય, કર્તવ્ય પ્રત્યે કેટલી નિષ્ઠા હોય અને સાધર્મિકની થઇ જવા પામેલી અવદશાનો કેટલો દુઃખ લાગે એવું હૈયું હોય ત્યારે શ્રી જિનદાસને જેવો વિચાર આવ્યો તેવો વિચાર આવે?

આજે 'ખબર લઇ નાંખવી જોઇએ.' એવી વૃત્તિ વધતી જાય છે અને તે સાથે અનિચ્છનીય બનાવો પણ વધતા જાય છે. હવે તો, જો કોઇ મહા ધર્મી પણ સાંતનુએ જેવું કર્યું તેવું કરવા જાય તો એ માર ખાય, એનું કુટુમ્બ વગોવાય અને સાથે સાથે ધર્મ તથા ધર્મસ્થાનોની પણ ભારે અપભ્રાજના થવા પામે!

એટલા ખાતર પણ, કોઈ દુઃખીમાં દુઃખી બની ગયેલા પણ સુશ્રાવકે, સાંતનુએ જેવું કર્યું તેવું કરવાની ભૂલ કરવા જેવી નથી. એ વાત પણ સમજવી જોઇએ કે, 'આવા પ્રસંગો સાંભળીને કદી પણ સાંતનુએ કર્યું તેવું કરવાનો વિચાર નહિ આવવો જોઇએ, પણ શ્રી જિનદાસે જે કર્યું તેવું કરવાનો જ વિચાર થવો જોઈએ.' સુશ્રાવક પોતે દુઃખમાં આવી પડે ત્યારે શું કરે-એ સમજાવવાને માટે આ પ્રસંગ વર્ણવાતો નથી, પણ પોતાના સાધર્મિક ભાઇને દુઃખી બનેલો જોઇને, દુઃખનો માર્યો અનાચરણ આચરતો જોઇને, સુશ્રાવકે શું કરવું જોઇએ, એ સમજાવવાને માટે આ પ્રસંગ વર્ણવાય છે. આ વાત દરેક ધ્યાનમાં રાખવી જોઇએ અને નક્કી કરવું જોઇએ કે, 'હું ગમે તેટલો દુઃખી થઇ જાઉં તોય મારે સાંતનુની જેમ ચોરી કરવાનો વિચાર કરવો એ મારાં જૈનપણાને શોભે નહિ!

અહિં તો એક સુશ્રાવકની ભૂલ બીજા સુશ્રાવકે કેવી રીતિ સુધારી લીધી એ પૂરતી આ વાત છે અને તે પણ તમને તમારા સાધર્મિકો પ્રત્યેના તમારા કર્ત્તવ્યનો ખ્યાલ આવે એ માટે જ અત્રે વર્ણવાય છે.

શ્રી જિનદાસ શેઠને તો, બીજો કોઇ જ વિચાર આવવાને બદલે, પોતાનાં કર્ત્તવ્યનો અને પોતાની ભૂલનો વિચાર આવ્યો. અને એટલે જ એમણે પોતાના ગૂમ થયેલા હાર વિષે કોઇને કાંઇ કહ્યું નહિ. એમના મનમાં તો હવે એ બાબતની ગડમથલ ચાલતી હતી કે, 'સાંતનુને એની મુસીબતમાંથી કેમ ઉગારી લેવો!'

**(૩)**

સાંતનુ પણ હાર ઉઠાવી લઇને સીધો પોતાનાં ઘેર ગયો હતો, અને તે હાર તેણે પોતાની ધર્મપત્ની કુંજીદેવીને સોંપ્યો હતો. સાંતનુના કહેવાથી કુંજીદેવીએ જાણ્યું હતું કે, આ હાર ધર્માત્મા શ્રી જિનદાસ શેઠનો છે; એટલે બીજે દિવસે જ તેણીએ પોતાના પતિને કહ્યું કે, 'આપ આ હાર લઇને એ જ ધર્માત્મા શેઠની પાસે જાઓ. તેમનો આ હાર અપજો અને હાર એમના હાથમાં મૂકતાં કહેજો, 'આ હારના

આધારે મને અમુક ધીરો! એ રકમ આપે તે તમે લઇ આવો અને એમાંથી વ્યાપાર કરો!'

આ સાંભળીને, સાંતનુ મૂંઝાયો. તરત જ એણે કુંજીદેવીને પૂછ્યું કે, 'એ શેઠ શું પોતાના હારને ઓળખશે નહિ? અને પોતાના હારને ઓળખીને એ શેઠ ચોર તરીકે મને કોટવાલ પાસે પકડાવી દેશે નહિ?'

કુંજીદેવીએ કહ્યું કે, 'આપ ખાતરી રાખો કે એવું કાંઇ જ નહિ બને. ચોક્કસ એ શેઠ મહાશ્રાવક છે. એટલે એ તમને પકડાવશે તો નહિ, પણ ખુશીથી તમને જોઇતી રકમ આપશે.'

સાંતનુ પૂછે છે કે, 'શ્રાવકો પોતાના અપરાધીને પણ દંડ આપે-અપાવે નહિ?'

તોય કુંજીદેવી કહે છે કે, 'એ શેઠ મહા શ્રાવક છે. એમના વિષે તમે આવી શંકા પણ કરો નહિ. જો એ મહા શ્રાવક ન હોત તો એમણે ક્યારનીય તમને પકડાવવાની તજવીજ કરી હોત, અને આપણો ફજેતો થઇ ગયો હોત. એમનો હાર ચોરાઇ ગયો અને તમારા ઉપર શંકા આવે એવું હોવા છતાં પણ એમણે હારની ચોરીની વાત જરાય બહાર પાવા દીધી નથી. મને તો લાગે છે કે, 'એ શેઠ તમારા દુઃખે દુઃખી થતા હશે! મેં જો મદદ કરી હોત, સંભાળ રાખી હોત, તો તમારો આવો વખત આવત નહિ,' એમ તમારે માટે એમને લાગતું હશે. જો એમનાથી કાંઇ ખરાબ થવાનું હોત તો અત્યાર સુધીમાં થઇ ગયું હોત, પણ હાર ચોરાયાની વાત ગણે-હણે પણે ક્યાંય સંભળાતી નથી એટલા ઉપરથી અને હું તેમને ઓળખું છું તે ઉપરથી આપને ખાતરીથી કહું છું કે-એ શેઠ તમને પકડાવશે તો નહિ, પણ તમને મદદ કર્યા વિના પણ રહેશે નહિ. માટે આપ કશી પણ શંકા મનમાં રાખ્યા વિના આ હાર લઇને એ શેઠની પાસે જાઓ, આ હાર એ શેઠને આપો અને આ હારના આધારે ઉછીના પૈસાની માગણી કરો!'

સાંતનુને પોતાની ધર્મપત્ની કુંજીદેવીની બુદ્ધિમાં અને ધર્મ ભાવનામાં વિશ્વાસ હતો. અને એની પણ શ્રી જિનદાસ શેઠનો હાર પચાવી પાડવાની દાનત નહોતી. એને ચોરી કરવી પડી હતી, પણ એનું હૈયું ચોર નહોતું. આથી તેણે કુંજીદેવીની વાત કબૂલ કરી અને પોતે ચોરેલો હાર લઇને તે શ્રી જિનદાસ શેઠની પેઢીએ પહોંચ્યો. શ્રી જિનદાસને પગે લાગીને બેઠો.

એને આવેલો જોઇને શ્રી જિનદાસને પણ આનન્દ થયો. પોતાનાં મનમાં જે ગડમથલ ચાલતી હતી, તેનો ઉકેલ આવશે એમ શ્રી જિનદાસને લાગ્યું. શ્રી જિનદાસ સાધર્મિકનું પ્રસંગાનુરૂપ વાત્સલ્ય કરવાને ઇચ્છતા હતા અને એ તક એમને મળી ગઇ.

શ્રી જિનદાસે સાંતનુને તરત જ કુશળ સમાચાર પૂછ્યા અને તેય આદર સાથે પૂછ્યા. એથી સાંતનુમાં બોલવાની હિંમત આવી. એણે પોતાના ગજવામાંથી હાર કાઢીને શ્રી જિનદાસના હાથમાં મૂકયો અને કહ્યું કે, 'પાંચ હજારની જરૂર છે માટે આ હાર લઇને આપની પાસે આવ્યો છું. આપ આ હાર આપની પાસે રાખો અને મને આના ઉપર પાંચ હજાર ધીરો!'

શ્રી જિનદાસ શેઠ તો હાર હાથમાં આવતાં જ હાર પોતાનો છે એ સમજી ગયા, પણ એ વખતે એમનો પુત્રય પેઢી ઉપર હાજર હતો અને તેણે પણ એ હારને પોતાના હાર તરીકે ઓળખી કાઢયો. શ્રી જિનદાસ સમજી ગયા એટલે પુત્ર કાંઇ અજુગતું બોલી નાંખવાની ભૂલ કરે તે પહેલાં તો તેમણે પુત્રને આજ્ઞા કરી કે, 'આ હાર તીજોરીમાં મૂકી રાખો અને આ શેઠને પાંચ હજાર હમણાં જ ગણી આપો.'

શ્રી જિનદાસ શેઠનો પુત્ર પણ આજ્ઞાંકિત હતો. પિતાની આજ્ઞા સામે પ્રશ્ન ઉઠાવે એવો એ નહોતો. એ સમજતો હતો કે, 'આ હાર આપણો છે એ પિતાજી પણ સમજી શકયા જ હશે, છતાં પણ તેઓ પાંચ હજાર આપવાની આજ્ઞા કરે છે, તો તેની પાછળ કોઇ રહસ્ય હશે.' આથી તરત જ તેણે પાંચ હજાર સાંતનુને ગણી આપ્યા. શ્રી જિનદાસ શેઠે પાંચ હજાર લઇને જતા સાંતનુને કહ્યું કે, 'જુઓ, કોઇ વાતે મૂંઝાશો નહિ, આ તો ઠીક પણ જ્યારે તમને જરૂર પડે ત્યારે તમે વગર સંકોચે મારી પાસે આવજો.'

જોયું સાધર્મિક-વાત્સલ્ય? સાધર્મિક પ્રત્યે કેવો ભાવ હોવો જોઇએ, એ એમાંથી શીખવા જેવું છે.

સાંતનુના ગયા પછીથી શ્રી જિનદાસે પોતાના

પુત્રને સાંતનુની ઓળખ આપી. કેવા ખાનદાન, ધર્મશીલ અને શ્રીમન્ત કુટુમ્બનો આ નબીરો છે એ સમજાવ્યું. મહા મુસીબતમાં મૂકાઇ ગયા વિના આ પૈસા લેવાને આવે એવો નથી એમ સમજાવ્યું. પણ ગઇ કાલે આ આપણો હાર ચોરી ગયો હતો એમ ન કહ્યું. ઊલટું સાધર્મિક પ્રત્યે આપણું શું કર્તવ્ય છે, એ વિષે જ શ્રી જિનદાસે પોતાના પુત્રને કહ્યું.

આમ શ્રી જિનદાસ શેઠે ખૂબ જ ભલી લાગણી સાથે, સાંતનુનું કેમ ભલું થાય અને કેમ એ સુખી થાય એજ ભલી ભાવનાથી પાંચ હજાર અપાવ્યા હતા; અને શ્રી જિનદાસ શેઠની એ ભલી ભાવના સફળ થવા પામી, શ્રી જિનદાસ જેવા પુણ્યવાનનું દ્રવ્ય પણ સાંતનુના પુણ્યના ઉદયનું કારણ બન્યું.

સાંતનુએ ઘેર જઇને, શ્રી જિનદાસ શેઠ પાસેથી આણેલા પાંચ હજારના દ્રવ્યથી વ્યાપાર શરૂ કર્યો. એનું જે લાભાન્તરાય કર્મ ઉદયમાં આવ્યું હતું, તે ભોગવાઇને ક્ષીણ થઇ જવા પામ્યું હતું અને હવે તેના લાભાન્તરાય કર્મનો ક્ષયોપશમ થવા પામ્યો. એથી થોડા જ વખતમાં સાંતનુ વ્યાપારમાં ફાવ્યો અને તેને અઢળક સંપત્તિ પ્રાપ્ત થવા માંડી.

કુંજદેવીએ કહ્યું કે, 'પહેલી તકે તમે શ્રી જિનદાસ શેઠની રકમ વ્યાજ સાથે પાછી આપી આવો.'

હવે તે સાંતનુ ફરીથી શ્રી જિનદાસ શેઠની પેઢીએ પહોંચ્યો. પહેલી વાર લેવા ગયો હતો અને આ વાર દેવા ગયો હતો. તેણે મૂળ રકમ અને તે સાથે તે દિન સુધીના તે રકમની વ્યાજની રકમ પણ શ્રી જિનદાસ શેઠના હાથમાં મૂકી.

શ્રી જિનદાસ શેઠના હર્ષનો પાર રહ્યો નહિ. પોતાની રકમ પાછી આવી—એનો એમને હર્ષ નહોતો, પણ પોતાનો સાધર્મિક દુઃખમાંથી ઉગરી ગયો અને તેનો ઉદ્ધાર થઇ ગયો એનો એ મહાનુભાવને હર્ષ હતો. એમને પોતાનું કર્ત્તવ્ય અદા કર્યાનો સંતોષ હતો અને પોતે કર્ત્તવ્ય અદા કર્યું એનું જે સુંદર ફળ આવ્યું એનો આનન્દ હતો.

સાંતનુને જરા પણ ઓછું ન આવે એ માટે શ્રી જિનદાસ શેઠે પોતાની રકમ વ્યાજ સાથે લઇ લાધી પણ એ જ વખતે તીજોરીમાં મૂકેલો પેલો હાર કાઢીને સાંતનુને આપવા માંડયો.

એ વખતે સાંતનુની આંખોમાંથી આંસુ વહી જતાં હતાં. શરમથી એનું મોઢું લેવાઇ ગયું હતું. એણે શ્રી જિનદાસ શેઠ પાસે પોતાની ભૂલ કબૂલ કરી, એ માટે ક્ષમા માંગી અને હાર સંબંધી વધુ કાંઈ કહીને પોતાને નહિ શરમાવવાની શ્રી જિનદાસ શેઠને વિનંતિ કરી.

આ પ્રસંગ જ એવો હતો કે, 'શ્રી જિનદાસ જેવા પુણ્યવાનની આંખોમાં પણ આંસુ આવી ગયા વિના રહે નહિ. સાંતનુને એ કહે છે કે, 'ભૂલ તમે નથી કરી, પણ ખરેખર તો ભૂલ મેં જ કરી હતી. તમે તો મારી આંખો ઉઘાડી નાંખી. હું મારૂં સાધર્મિક પ્રત્યેનું કર્તવ્ય ભૂલી ગયો હતો, તે તમે મને જાગ્રત કર્યો. હું તો એ માટે તમારો ઉપકાર માનું છું.'

સાંતનુએ કહ્યું કે, 'આપના મહાશ્રાવકપણાનો આ પ્રતાપ છે. આપને ઠેકાણે કોઇ બીજો હોત તો મારી ગતિ કયી થાત? આપે તો મારો ઉદ્ધાર કર્યો છે. આપે મારા ઉપર કેવળ ધર્મબુદ્ધિએ જે ઉપકાર કર્યો છે, તેને હું કદી પણ વિસરી શકીશ નહિ. આપ મને મારી ભૂલ માટે ક્ષમા કરો!'

શ્રી જિનદાસ કહે છે કે, નહિ ભાઇ! મેં જે તમારા જેવા મારા સાધર્મિક ભાઇની સારસંભાળ ન રાખી અને એથી મારા સાધર્મિક ભાઈ એવા તમને જે આવું કાર્ય કરવાની ફરજ પડી, તે માટે હું જ તમારો ગુનેગાર છું; અને તમે મને એ માટે ક્ષમા કરો, એ જ મારી તમારી પાસે માગણી છે.'

બન્ને ક્ષમાપનાના શુદ્ધ ભાવમાં રમતા છૂટા પડે છે, તે પછી એ નગરમાં ભગવાન શ્રી મહાવીર પરમાત્મા પધારે છે. સૌની સાથે આ બન્ને સુશ્રાવકો પણ ભગવાનનાં દર્શને જાય છે. ત્યાં ભગવાનના શ્રીમુખે ધર્મદેશનાનું શ્રવણ કર્યા બાદ, એ બન્નેય પોતપોતાની ભૂલ માટે ભગવાન પાસે પ્રાયશ્ચિત્ત માંગે છે.

આવા આત્માઓ મોટે ભાગે તો પોતાના પરિતાપથી જ શુદ્ધિ સાધી લે ને? ભગવાનની દેશના સાંભળવાને મળેલા લોકો તો આ બન્નેની વાત સાંભળીને આશ્ચર્યમુગ્ધ બની ગયા.

(જૈન પ્રવચન)

# મધપૂડો

શ્રી મધુકર

અન્યાન્ય પુસ્તકો, સામયિકો ઇત્યાદિમાંથી ચૂંટીને હળવું, ઉપયોગી જાણવા જેવું સાહિત્ય 'કલ્યાણ'ના વિશાળ વાચકોની સમક્ષ આ વિભાગમાં રજૂ થતું રહે છે; જેને અંગે વાચકોને સારૂં આકર્ષણ રહ્યું છે, તે આ વિભાગ દર અંકે નિયમિત પ્રસિદ્ધ થાય તે માટે શક્ય કરવા વિચારીએ છીએ.

⊙

## સુભાષિત સૂક્ત:

**मूर्खैरपक्वबोधैश्च, विवादो पि चतुष्फलः,**
**वार्चा व्ययो मनस्तापो, विरोधो वैर वर्धनम् ॥**

મૂર્ખ અને જેનામાં લાંબી સમજણ નથી એવા જડ આગ્રહી માણસો સાથે વાદવિવાદ કરવામાં ચાર અનર્થો ફલરૂપે પ્રાપ્ત થાય છે. એક વાણીનો ખોટો વ્યય, ૨ મનનો ખેદ, ૩ વિરોધ ને ૪ વૈરની વૃદ્ધિ: આ રીતે જડ માણસોની સાથે વાદ કરવામાં અનર્થો છે, માટે ડાહ્યા માણસોએ વિવાદ કરવાનું ત્યજી દેવું જોઈએ!

⊙

## વિચાર મધુ:

**પરમાત્માની શક્તિ:** તમે ઇલેકટ્રીક જોઇ છે? તેને જે વાયરીંગ હોય છે, તેમાં તાર હોય છે, અને તારમાં વિજળીનો પ્રવાહ વહે છે. વિજળીનો પ્રવાહ એટલે શક્તિ. આ જુદી જુદી રીતે પ્રગટ થાય છે. પણ તારમાં જે પ્રવાહ છે, તે તમને દેખાતો નથી, પરમાત્માની શક્તિ વિષે પણ આવું જ સમજવું, તારમાં જે પ્રવાહ છે, તેની સાથે તમે બીજો તાર જોડશો તો એ તારમાં પણ શક્તિ વહેવા લાગશે. સર્વ શક્તિમાન પરમાત્મા સાથે પણ આવી રીતે મન જોડી દેવાથી પરમાત્માની શક્તિ તથા તેની ભક્તિનો ખ્યાલ આવે છે. ને આપણને એમાંથી ઘણું મળે છે.

**કોઇ**પણ વ્યક્તિનું ખરાબ કરતાં પહેલાં એ વિચારી જો જો કે એની જગ્યાયે તમે હો તો તમારી શી સ્થિતિ હોય?

**સેં**કડો મૂર્ખ મિત્રો કરતાં એક ડાહ્યો દુશ્મન હજાર દરજ્જે સારો છે.

**વ્યવ**સ્થા એ ઘરની શોભા છે. સંપ એ ઘરનું સુખ છે. આતિથ્ય એ ઘરનો વૈભવ છે. શીલ તથા સૌજન્ય એ ઘરનો અલંકાર છે. પરસ્પર સહાનુભૂતિ એ ઘરની પ્રતિષ્ઠા છે.

**મો**ટાઇનું માપ હૃદયની વિશાલતાથી મપાય છે. ઉદારતા તથા સજ્જનતાથી મપાય છે, વૈભવ કે વયથી હરગીજ નહિ.

**મો**ટાઓની ઇર્ષ્યા કરશો નહિ, નાનાઓનું અપમાન કરશો નહિ, ને સરખાઓ સાથે સ્પર્ધા–હરિફાઇ કરશો નહિ.

**સુ**ખનાં ગાણાં ને દુઃખનાં રોદણાંઓથી દૂર રહેજો! એકમાં હૃદયનું છીછરાપણું પ્રગટ થાય છે, ને બીજામાં દીનતા જણાઇ આવે છે.

**આ** વ્હેમી દુનિયામાં શંકા ઘણા રાખે છે. વિશ્વાસ રાખનારા બહુ ઓછા છે.

**જો**વા માટે આંખો જોઈએ, ને ઓળખવા માટે હૈયું જોઈએ.

**ત**મારે તમારી જાતને મહાન બનાવવી હોય તો હંમેશા તમે તમારા નાના દોષોને મોટા માનજો! ને સામાના મોટા દોષોને નાના માનજો!

**સ**ત્તા અને સૌંદર્ય જ્યારે પુરબહારમાં હોય છે, ત્યારે જ તે મોહક લાગે છે. ઉતરી ગયા પછી એની સામે કોઇ જોતું **નથી.** માટે એનો સદુપયોગ કરી લેજો.

**સૌં**દર્યનો સદુપયોગ, શીલ, તથા સંયમ છે. સત્તાનો સદુપયોગ નમ્રતા તથા ક્ષમા છે.

**સો**નાની કસોટી અગ્નિમાં થાય છે; અને માનવમનની તથા ધીરજની કસોટી **વિપત્તિમાં** થાય છે.

**જે**ઓએ પોતાની જાત પર સૌથી **વિશેષ** આધાર રાખ્યો છે, તેઓ જ આગળ આવી શકયા છે.

**કો**ઇને પાડી નાંખવામાં બહાદુરી **નથી,** પણ પડી ગયેલાને ઉભો કરવામાં સાચું શૌર્ય છે.

**આં**બાના ઝાડને પથ્થર મારશો તો યે તમને તે મીઠું ફળ આપશે. વૃક્ષ જેવી નમ્રતા તમારાં જીવનને તારશે!

સંગ્રા. **પૂ. મુનિરાજશ્રી મહિમાવિજયજી મ.**

## ઉપયોગી

**ન બોલ્યામાં નવ ગુણ : ૧ પશ્ચાત્તાપ** થાય નહિ. ૨ મર્યાદા જળવાઈ રહે. ૩ વાદ-વિવાદમાં ઉતરવું પડે નહિ. ૪ વૈર-વિરોધ થાય નહિ. ૫ જુઠું બોલાય નહિ. ૬ ડહાપણ તથા સમજણની છાપ પડે. ૭ સામાને ક્રોધ થાય નહિ. ૮ કલેશ કે વૈરની પરંપરા વધે **નહિ.** ૯ કર્મનો બંધ વધતો અટકી જાય. (પં. કનકવિજયજી ગણિવરશ્રીનાં વ્યાખ્યાનમાંથી.)

**પ્રીતિ :** માગ્યા સમી જગતમાં ચીજ એક પ્રીતિ, માગ્યે કદિ નવ મળે એજ તેય પ્રીતિ.

**જોબનીયું આજ આવ્યું ને...**

જોબનીયું આજ આવ્યું ને કાલે જાશે,
જોબનીયું કાલ જાતું રહેશે.

એ જોબનીયાને માથાના અંબોડામાં રાખો,
જોબનીયું કાલે જાતું રેશે.

એ જોબનીયાને પાઘડીના અંટામાં રાખો,
એ જોબનીયાને આંખના ઉલાળામાં રાખો,
જોબનીયું કાલ જાતું રેશે.

એ જોબનીયાને હરખના હિલોળામાં રાખો,
એ જોબનીયાને હાથની હથેળીમાં રાખો
જોબનીયું કાલ જાતું રેશે.

એ જોબનીયાને પગની પાનીમાં રાખો,
એ જોબનીયાને સાળુડાની કોરમાં રાખો
જોબનીયું કાલ જાતું રેશે.

**—લોકગીત**

⊙

## ઇતિહાસની આરસી

**પૂ. પં. શ્રી કનકવિજયજી ગણિવર**

**પૂ.** આ. મ. શ્રી જગચ્ચંદ્રસૂરિજી મ. ના કાળમાં પાલણપુર શહેરના પ્રહલાદનપાર્શ્વનાથના જિનાલયમાં દરરોજ ૩૨ મણ ચોખા ભંડારમાં આવતા, ને ૧૬ મણ સોપારી ભંડારમાં આવતી હતી. તે સમયની શ્રાવકોની શ્રદ્ધા તથા શક્તિ અને ભાવના તથા ભક્તિનું માપ આથી નીકળે છે.

**પૂ.** જગદ્ગુરુ આ. મ. શ્રી વિજય હીરસૂરીશ્વરજી મહાજશ્રીના સદુપદેશથી મોગલ

સમ્રાટ દીલ્હીપતિ અકબર બાદશાહે ૧૪ ક્રોડનો દર વર્ષે જીજીયાવેરો જે હિન્દુઓ પાસેથી તીર્થયાત્રાનો લેવાતો હતો તે માફ કર્યો હતો.

**પૂ.** સિદ્ધસેન-દિવાકરસૂરિજીમહારાજના સદુપદેશથી અવંતિપતિ શ્રી વિક્રમ રાજાએ કાઢેલ શ્રી સિદ્ધિગિરિજીના સંઘમાં ૧૬૯ સુવર્ણનાં જિનમંદિરો હતા. ૫૦૦ હાથીદાંત તથા સુખડના જિનાલયો હતા. ને ૫ હજાર પૂ. સિદ્ધસેનસૂરિમહારાજ આદિ આચાર્ય દેવો હતા. ૧૪ રાજાઓ હતા. ૭૦ લાખ શ્રાવકોના કુટુંબો હતા. ૧ ક્રોડ ૧૦ લાખ નવ હજાર ગાડાઓ, ૧૦ લાખ ઘોડાઓ, ૭૬૦૦ હાથીઓ હતા. ખરેખર એ સંઘ એટલે આજના વિજ્ઞાનયુગમાં પણ જે સામગ્રીઓ ન વસાવી શકાય તેવી ઉત્તમ સામગ્રીઓ તેમાં હતી. તે સમયના લોકોની ભાવના તથા ભક્તિને વંદન-કોટિ-કોટિ વંદન કરવાનું દિલ થાય છે.

**આભૂ** સંઘવી જેઓ થરાદના હતા. તેમણે સંઘ કાઢયો હતો, તેમના સંઘમાં ૭૦૦ જિનાલયો સાથે હતા પરમાર્હત કુમારપાલના સંઘમાં ૧૮૭૪ જિનાલયો હતા. માંડવગઢના મહામંત્રી શ્રી પેથડશાહના સંઘમાં ૫૨ જિનાલયો હતા. ને ૭ લાખ મનુષ્યો હતા. તેમણે પૂ. પરમોપકારી આચાર્ય મહારાજ શ્રી ધર્મઘોતસૂરિમહારાજનો નગર પ્રવેશ કરાવ્યો, ત્યારે ભક્તિપૂર્વક ઉદારતાથી ૭૨ હજારના ટંકનો સદ્વ્યય કરી શાસનપ્રભાવના વિસ્તારી હતી.

**પૂ.** જગદ્ગુરુ આચાર્ય મહારાજ શ્રી વિજય હીરસૂરીશ્વરજી મહારાજે ૧૩મા વર્ષે દીક્ષા સ્વીકારી, ૨૭મા વર્ષે સૂરિપદ પ્રાપ્ત કર્યું ને ૫૬ વર્ષ ચારિત્રપર્યાય પાલ્યું. તેઓશ્રીએ પોતાનાં નિષ્કલંક સંયમી જીવનમાં અનેકવિધ શાસન પ્રભાવના પ્રાણુત નિરપેક્ષ રહીને કરી છે; મોગલ સમ્રાટ અકબર બાદશાહ જેવાને કે જે દરરોજ સવાશેર ચકલાની જીભ ખાતો હતો. તેને પણ જીવદયાપ્રેમી બનાવ્યો, ને સૂરિદેવશ્રીની તપશ્ચર્યા પણ અદ્ભુત હતી. જીવનમાં તેઓશ્રીએ ૩૦૦ ઉપવાસ, ૨૨૫ છઠ્ઠ, ૭૨ અઠ્ઠમ, ૨ હજાર આયંબિલ, ને વીસ સ્થાનકની ૨૦ ઓળીઓ આયંબિલોથી કરી. ૨ હજાર નીવિઓ તે સિવાય સૂરિપદની આરાધના માટે તથા ગુરુપદની આરાધના માટે અનેકવિધ તપશ્ચર્યા. દરરોજ ઘી સિવાય પાંચે વિગઇઓનો ત્યાગ. કદિ માથે વીંટીઓ (ઓશીકું) મૂકવાનું નહિ હાથના ઓશીકે સૂઈ રહેવાનું. ધન્ય તપશ્ચર્યા ને ધન્ય સૂરીશ્વરની તેજસ્વી સંયમિતાને!

**તે પૂ.** હીરસૂરીશ્વરજી મ. નો પરિવાર વિશાલ હતો: ૨૫૦૦ સાધુઓ, ૩૦૩ સાધ્વીઓ, ૧૫૦ પંન્યાસો ને ૭ વાચકો-ઉપાધ્યાય આ તેઓનો પરિવાર હતો. તેઓશ્રીની વરદ છત્ર-છાયામાં અનેકવિધ શાસન પ્રભાવનાનાં સત્કાર્યો થયાં હતાં. જેની ટુંક નોંધ આ મુજબ છે-૫૦ અંજનશલાકાઓ થયેલ, ૫૦૦ જિનાલયોની પ્રતિષ્ઠા, ૧૫૦૦ સંઘો તેઓશ્રીના સદુપદેશથી નીકળેલાં જે કાલ અંધાધૂંધી અરાજકતા ને મુસ્લીમ અત્યાચારોનો ગણાતો હતો, તે કાલમાં પણ આટ-આટલી સુંદર શાસન પ્રભાવનાઓ થતી હતી. તે કહી આપે છે કે, તે ઉપદેશક મહાત્માઓનું ચારિત્રબલ, શ્રદ્ધાબલ ને શ્રાવક સમાજની ધર્મ પ્રત્યે દઢતા તથા ઉદારતા કોઈ અલૌકિક હતા.

⊙

## તેજછાયા

**અહિંસા પાળનારનું સામર્થ્ય:**

**લો**કોમાં એવી માન્યતા છે કે જીવદયા

પાળનારમાં સામર્થ્ય કે બલ હોતું નથી. પરમાર્હત કુમારપાલ મહારાજાનું જીવન આ હકીકત ખોટી પાડે છે. તેઓ ૧૮ દેશના રાજા હોવા છતાં પણ જીવદયા ચૂસ્તપણે પાળતા હતા. તેમનાં રાજ્યમાં સૈન્યના હાથી, ઘોડા ઉપરાંત તેઓના પોતાના અંગત ૫ લાખ ઘોડા, ૧ હજાર હાથી, ૮૦ હજાર ગોધન, ૫૦ હજાર ઉંટ, તેમ જ પ્રજાના પશુઓને પાણી ગાળેલું પાવામાં આવતું હતું. સૈન્યના ૧૧ લાખ ઘોડાઓ વગેરેના પલાણો ઉપર પૂંજણીઓ બંધાવવામાં આવતી હતી. તેઓ માનતા હતા કે, નિર્દોષ મૂંગા અનાથ જીવોનું રક્ષણ કરવું એ સર્વ કોઇ સમર્થ માનવની પ્રથમ ફરજ છે. એક વખત ઘોડાનું પલાણ પૂંજીને બેસતા કુમારપાલ મહારાજાને જોઇને તેમના સામંતો હસ્યા; ને મનમાં ગણગણ્યા; કે 'આમ પૂંજણીઓ ફેરવનાર મહારાજા લડાઇમાં શું શકરવાર વાળશે? યુધ્ધના મેદાનમાં આવી કાયરતા કેમ ચાલે?' આ સાંભળવામાં આવતા મહારાજા કુમારપાલે તેજ વખતે એક ઉપર એક એવા સાત લોખંડના તાવડાઓ આકાશમાં મંચ ઉપર ગોઠવાવીને એક જ બાણ ફેંકીને એ સાતે તાવડાઓને એકી સાથે તત્કાલ ભેદીને બતાવી આપ્યું કે, 'જીવદયા પાળનાર બધા કાયર કે નમાલા નથી, તેઓ શૂરવીર હોય છે. પણ યુધ્ધના મેદાનમાં દુશ્મન પર હથિયારો ઉપાડવા એ જુદી વાત છે; છતાં નિર્દોષ તથા અશરણ જીવોનું તો રક્ષણ કરવું એજ બળવાનની સાચી શોભા છે.' આ જોઇ તથા સાંભળીને સામંતો દિગ થઇ ગયા.

## ભીષ્મની વિદાય શિખામણ

મહાભારતનો આ પ્રસંગ છે: યુધિષ્ઠિર આદિ પાંચ પાંડવો પોતાની પ્રતિજ્ઞાના નિર્વાહ માટે સ્વેચ્છાયે વનવાસ જવાને નીકળ્યા છે. હસ્તિનાપુરથી નીકળ્યા છે, ત્યારે તેમને વળાવવા ભીષ્મ, પાંડુ, વિદુર આદિ ઔચિત્ય તથા સ્નેહની ખાતર કેટલેક સુધી ગયા ને પાછા વળતા ભીષ્મ યુધિષ્ઠિરને શિખામણ આપે છે 'ભદ્ર ધર્મરાજા! તું ડાહ્યો છો, પ્રાજ્ઞ છો, મારી અવસ્થા થઇ છે. હું ખર્યું પાન કહેવાઉં આજ છું ને કાલે નથી. તું બાર વર્ષના વનવાસે જાય છે. તને એક શિખામણ આપું છું તે તું કદિ ભૂલીશ નહિ. જો તારે રાજ્યનું નીતિપૂર્વક પાલન કરવું હોય તો આ પાંચ ગુણોને સાચવજે! ૧ દાન, ૨ ઔચિત્ય પાલન, ૩ સુપાત્ર વ્યક્તિઓનો પરિચય, ૪ સત્કર્મ તથા ૫ ન્યાયી રીતે સત્તાનું પાલન. આ સાથે પંદર પ્રકારના દોષોથી તું દૂર રહેજે ૧ કામ, ક્રોધ, મદ, મોહ, માયા ને મત્સરથી દૂર રહેવું. ૭ યોગ્ય એવા અધિકારી વર્ગથી વિમુખ ન રહેવું ૮ યોગ્ય આચારોને ત્યજવા નહિ ૯ નય-નીતિ, ૧૦ ધર્મ તથા ૧૧ પ્રતાપને કદિ મૂકવા નહિ, ૧૨ અજ્ઞાનને દૂર કરવું, ૧૩ જૂઠું નહિ બોલવું, ૧૪ લાંચ ત્યજી દેવી, ૧૫ કોઈપણ વ્યસનને પરાધીન ન રહેવું.' ભીષ્મ પિતામહની આ શિખામણને નમ્રતાપૂર્વક યુધિષ્ઠિરે સ્વીકારી.

## આ છે મહાન ગણિતશાસ્ત્રી

વિશ્વના એક વખતના મહાન વૈજ્ઞાનિક ને ગણિતશાસ્ત્રી આઇન્સ્ટાઈનને જ્યારે હિટલરે બર્લિનમાંથી હદપાર કરેલ, તે સમયની આ વાત છે. એ ટ્રામમાં જતા હશે, ટિકિટ લેવા માટે આઇન્સ્ટાઇને ટ્રામ કન્ડકટરને નોટ આપી. કન્ડકટરે ટિકિટ અને બાકીનું પરચુરણ પાછું આપ્યું. આઇન્સ્ટાઇને પરચુરણ બે-ત્રણ વખત ગણ્યું, પણ એને ખબર ન પડી કે પરચુરણ બરાબર છે કે નહિ? આથી તે મહાન વૈજ્ઞા-

નિકને બાજુમાં ઉભેલા કન્ડકટરે તે પરચુરણ બરાબર ગણી બતાવ્યું અને કહ્યું કે, 'વાહ આટલા મોટા થયા છો તો યે આટલું પરચુરણ ગણતાં શીખ્યા નથી?' એને શું ખબર કે સો મણ તેલે અંધારૂં હશે?

### સહૃદયી ઉદારતા!

ફોટોગ્રાફીના વિષયમાં મોટો ફાળો આપનાર જ્યોર્જ ઇસ્ટમેન ઉદાર દિલ સહૃદય સજ્જન હતો, એણે પોતાના અવસાન સુધીમાં કુલ્લે ૫૦ ક્રોડ રૂા.નું દાન કરેલું, પોતાની પાસેનું લગભગ સર્વસ્વ તેણે દાનમાં આપેલું. ૧૯૨૪માં એણે એક જ દિવસે ૧૪ ક્રોડ રૂા. ની કિંમતના શેરો ચાર કેળવણીની સંસ્થાઓને દાનમાં આપેલા. એ દાનમાં જે કાંઈ આપતો તેમાં શરત એ રાખતો કે એનું નામ કયારેય જાહેરમાં ન આવવું જોઈએ. એણે ઘણી જગ્યાએ દાન ભળતા જ નામે આપેલું. એક ટેકનોલોજી સંસ્થાને તેણે લાખ્ખો રૂા. નું દાન 'મિ. સ્મીથ'ના નામથી આપેલું, છેક ૧૯૨૦માં 'મિ. સ્મિથ એ જ્યોર્જ ઇસ્ટમેન છે,' એમ આખરે બહાર આવેલુ. આજે એક પૈસા જેટલા દાનમાં રૂપિયા જેવડી કીર્તિ મેળવવા ફાંફાં મારનારાઓ આમાંથી કાંઇ બોધ લેશે કે?'

**પં. શ્રી કનકવિજયજી ગણિવર**

## આં દો લ નો

### ધૂની કવિરાજ

ઇટાલીનો વિખ્યાત કવિ ગેબ્રીયલ દ' ભારે ધૂની ને વિચિત્ર વ્હેમી હતો. એકવાર એ ઇંગ્લાંડના પ્રવાસે ગયેલ. ઈંગ્લાંડનું હવામાન એને બિલકુલ પસંદ નહિ, એટલે એ પોતાની સાથે એક-બે નહિ પણ પૂરી ૧૦૦ છત્રીઓ લઇ ગયેલો. જ્યારે કોઈકે એને આ માટેનું કારણ પૂછયું, ત્યારે એણે કહ્યું: 'ઈંગ્લાંડની હવામાં ભેજ પુષ્કળ છે, આ ભેજનો સામનો કરવા આટલી છત્રીઓ તો જોઇએ જ.'

### નકલમાં અકકલ નહિ

એકવાર મહાન અભિનેતા ચાર્લીચેપ્લીન પોતાની વર્ષગાંઠ અંગેના જલસામાં જુદા-જુદા માણસોની નકલ કરીને મહેમાનોને આનંદ પમાડી રહ્યો હતો. એણે પોતાના જાપાનીસ નોકર, મંત્રી તથા શોફરની આબાદ નકલ કરી. છેવટે એણે ઉંચા સ્વરે એક ઇટાલિયન ગીત ગાયું. એટલે એના એક મિત્રે આશ્ચર્ય પામતાં કહ્યું: 'અરે ચાર્લી! તું આટલું સરસ ગાય છે, એની તો મને ખબર નહિ' જવાબમાં ચાર્લીએ કહ્યું; 'મને કયારે ય ગાતા આવડતું નથી. હું તો ફક્ત (વિખ્યાત સંગીતકાર) કુઝોની નકલ કરી રહ્યો છું.'

### અક્ષરો વાંચવામાં હરિફાઈ!

વિખ્યાત લેખક એચ. જી. વેલ્સના અક્ષરો બહુ ગરબડીયા હતા. ઝીણા ઝીણા અક્ષરોવાળાં એનાં લખાણો છેકછાકથી પણ ભરપૂર રહેતાં. એ પોતાનાં અક્ષરોને અંગે કહેતો હતો કે, 'મારા અક્ષરો વાંચવાની હરિફાઇમાં કોઇ પાસ થઈ શકે તેમ નથી. મારા અક્ષરો ફક્ત બેજ જણા વાંચી શકે એમ છે એક હું, અને બીજો મારો મંત્રી!'

## ★ ચ ★ મ ★ કા ★ રા ★

### ઉતાવળ છે:

પૂર ઝડપે મોટર હંકારી જતા ડ્રાઈવરને રસ્તા વચ્ચે રોકીને પોલીસે ધમકાવતાં કહ્યું: 'કેમ આટલી ઝડપે હાંકે છે?' ડ્રાઇવરે જવાબ

આપ્યો; 'વાત તેમ છે કે મારી મોટરમાં બ્રેક કામ કરતી નથી, એટલે કોઇ અકસ્માત થાય તે પહેલાં કામકાજ પતાવીને જલ્દી ઘેર પહોંચવાની ઉતાવળ છે.'

## શિખામણ

**એક** મૂરખ: (બેઠેલા બીજાને) આપણે બેઠા છીએ તે હોડીમાં કાણું પડયું લાગે છે.
બીજો મૂરખ: 'એમાં તું ગભરાય છે શાનો? બીજું એક મોટું કાણું પાડી નાંખી કે જેથી પહેલા કાણામાંથી દાખલ થતું પાણી મોટા કાણામાંથી નીકળી જાય.

## દરેકને શું મળશે?

**શિક્ષકે** વિદ્યાર્થીઓને કલાસમાં પ્રશ્ન પૂછયો; એક માણસ પોતાની પાછળ દસ હજાર રૂા. ની મૂડી મૂકીને મરણ પામે છે. એમાંનો દસમો ભાગ એની પત્નીને મળે છે, બારમો ભાગ એનાં કાકાને મળે છે, ને બાકીનો ભાગ એના એક દૂરના સગાને મળે છે, તો દરેકને શું મળે?

કલાસનો એક સૌથી ચતુરવિદ્યાર્થી હાથ ઉંચો કરીને બોલી ઉઠયો; 'સાહેબ! આનો નિકાલ કરવા દરેકને વકીલ મળે!'

## પિતાની આજ્ઞાનું પાલન

**બ્રિટનના** પાંચમા જ્યોર્જ ભણતા હતા, ત્યારે બહુ ઉડાઉ હતા. એકવાર એમણે પિતા પાસે વધુ નાણાં માંગ્યાં: બ્રિટનના મહારાજાએ પોતાના પુત્રને નાણાં ન મોકલતાં ઠપકો લખ્યો; 'તારી આદત સુધાર, ને વ્યાપારીની જેમ પૈસા ભેગા કરતા શીખ.'

બીજે દિવસે જ્યોર્જે પોતાના પિતાને પત્ર લખ્યો. 'મેં તમારી આજ્ઞાનું પાલન શરૂ કર્યું છે. ને તમારી સહીવાળા પત્રનું લીલામ કરીને ૨૫ પાઉંડ પેદા કર્યા છે.'

## હળવી વ્યાખ્યા

**રાજદ્વારી નેતા** એ એક એવી વ્યક્તિ છે કે જે હોડીને આડી અવળી ઉલાળે અને છતાં એ અંદર બેસનાર માણસોનાં મનમાં એવું ઠસાવે કે દરિયામાં તોફાન છે.

**ભરડવા** : આજે છાપાઓને વળગ્યો છે લખવા, પ્રજાને લાગ્યો છે બોલવા તે નેતાઓને થયો છે. ભરડવા–એટલે તેઓ જેમ તેમ ભરડે જ રાખે છે.

**ભાણાની વાનગી** : જમવામાં જેમ વધારે વાનગી જોઇએ, તેમ કબાટમાં દવાઓની શીશીઓ વધારે જોઇએ.

★

## વિચિત્ર વસ્તુ વિચિત્ર છે!

'મેં જોયેલી વિચિત્રમાં વિચિત્ર વસ્તુ' એ મથાળા પર શિક્ષકે વિદ્યાર્થીને નિબંધ લખવાનું કહ્યું. વર્ગમાં દરેક દરેક વિદ્યાર્થી લખવામાં મશગુલ હતો ત્યારે વર્ગનો આળસુ વિદ્યાર્થી હાથ પર માથુ ટેકવીને આરામથી બેઠો હતો એણે કાંઇ લખ્યું છે કે નહિ તે જોવા શિક્ષક તેની પાસે આવ્યો.

નોટબુકના પાના ઉપર તેણે લખ્યું હતું.

'મેં જોયેલી વિચિત્ર વસ્તુ એવી વિચિત્ર છે કે એને શબ્દોમાં લખવું પણ વિચિત્ર છે.'

## કોઇને દાદ—દેતો નથી

'તમારો બળદ આટલો બધો ગરમ કેમ થઈ ગયો છે? એ એના મનમાં શું માની બેઠો છે.'

'પહેલાં હું વાત કહું તમને; કોંગ્રેસ પક્ષની ચૂંટણીનું પ્રતીક બળદ છે એ વાત જાણ્યા પછી કોઇને દાદ દેતો નથી.'

# સૌરાષ્ટ્ર અને કચ્છને લાગુ કરવામાં આવેલો
## મુંબઇ પબ્લિક ટ્રસ્ટ એક્ટ

**પંડિત શ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખ કલકત્તા**

ગુજરાત સરકારની એક જાહેરાત પ્રમાણે તા. ૧-૧૦-૬૧ થી મુંબઇ પબ્લિક ટ્રસ્ટ એક્ટ સૌરાષ્ટ્ર તથા કચ્છને લાગુ કરવામાં આવનાર છે. ભારત સરકાર કે પ્રાંતીય સરકારના કાયદાઓ દેખાવમાં પ્રજાહિતનાં નામે થાય છે પણ તે ધીરે ધીરે પ્રજાના હિત કે હકક પર, કાયદેસરના પ્રજાના વ્યાજબી અધિકારો પર ખરેખર તે આક્રમણ કરનારા જ હોય છે. આ ટ્રસ્ટ એક્ટ પણ ધાર્મિક મિલકતોને કઇ રીતે નુકશાન કરનાર છે? ને જૈનસમાજની કોઇપણ કે ધાર્મિક સંસ્થાની વારસાગત સ્વતંત્રતા પર કઈ રીતે હસ્તક્ષેપ કરે છે? તે હકીકત જૈનસમાજના ચિંતક તથા પીઢ વિચારક પંડિત શ્રી પ્રભુદાસ પારેખ પોતાની શૈલીમાં ટૂંકમાં અહિં સમજાવે છે, ને જૈન સમાજને તથા આગેવાનોને ચેતવણીનો સૂર સંભળાવે છે.

૧ ત્રણ મહિનાની અંદર સરકારી ફોર્મો ભરીને ધાર્મિક (રીલીજીયન) સંસ્થાઓને અને શિક્ષણ સંસ્થાઓ વગેરે (ચેરીટેબલ) સખાવતી ધર્માદા સંસ્થાઓને આ ખાતાની સરકારી ઓફીસોમાં આ કાયદાથી રજીષ્ટર કરાવવી પડશે.

૨ આ કાયદાની રચના ગર્ભિતરીતે ચેરીટેબલ-ખાતાઓનો પક્ષપાત ધરાવે છે. તેથી તે સંસ્થાઓને તો ફાયદો થવાનો છે.

પરંતુ, ધાર્મિક (રીલીજીયન)નો અપક્ષપાતી એટલે કે તેનો વિરોધી હોવાથી તેને ભવિષ્યમાં કરવાનાં મોટામાં મોટા નુકશાનો કરવાની પૂર્વભૂમિકા રચે છે. તેથી ખૂબ સવેળા ચેતવાની જરૂર છે.

૩ ત્રીજી પંચવર્ષીય યોજનાની ભૂમિકામાં નીચેના શબ્દો સ્પષ્ટ રીતે જ છે કે,

'જૂની પ્રણાલીકાની રચના નષ્ટ કરવી.'

જૂની પ્રણાલીકા નષ્ટ કરવાની વાત નથી. પણ તેની રચના નષ્ટ કરવાની સ્પષ્ટ વાત છે. તેમાં બાંધછોડને સૈદ્ધાંતિક તરીકે લેશમાત્ર અવકાશ નથી.

જૂની પ્રણાલિકાની રચનાનો અર્થ. ધર્મ અર્થ કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થ જ અહિંસક મહાસંસ્કૃતિ જ છે તેની રચના જ નષ્ટ કરવાની વાત ચોકખે ચોકખી છે મોક્ષ તો પરોક્ષ છે. સામાજિક આર્થિક અને રાજ્યકીય એટલે કે અર્થ અને કામ, પુરુષાર્થના કેન્દ્રમાં ધર્મ છે તે ત્રણેયની રચનાનો નાશ ધર્મની રચનાનો નાશ કર્યા વિના થઇ શકે નહિ, અને સંસ્કૃતિના નાશમાં દૂરગામી દષ્ટિથી પ્રજાનો પણ નાશ છૂપાયેલો છે. તેને અહીં જવા દઇએ.

ચાર પુરુષાર્થની રચનાને જ પરદેશીઓ અને તેઓના અનુયાયી આ દેશના વગરે કોંગ્રેસી લોકો જૂની પ્રણાલિકાની રચના ગણે છે.

૪ વર્તમાન નવું બંધારણ અને તેનાં અનુસંધાનમાં થયેલાં થવાના અને થતા કાયદાઓ વગેરે પણ એજ વલણ ધરાવે ધર્મને હાનિ પહોંચાડવાના જ.

૫ જો કે ધર્મ જેવી ભારતની પ્રજાની મૂલ-

ભૂત બાબતમાં હાનિ પહોંચાડવાનું કામ એકાએક ઘણું અઘરું છું. પરંતુ કાળક્રમે ધીમે ધીમે તેની પણ પાછળ યોજના-પૂર્વક લાગવાથી તેમાં પણ કાંઈ અશકયતા નથી.

૬ કેટલીક પેઢીઓથી આ જાતની ગૂઢ કાર્યવાહી તો શરૂ છે જ, કે જેમાં આ કાયદાનો પણ સમાવેશ થાય છે,

૭ આ કાયદો ધાર્મિક મિલકતોની વ્યવસ્થા પણ પોતાની પ્રાગતિક રીતે કરે છે. ભારતીય સાંસ્કૃતિક રીતે નહીં. તે ઉપરાંત તે ધર્મ ઉપર સત્તા સ્થાપિત કરે છે. તથા ધર્મક્ષેત્રમાં ઠેઠ સુધી હસ્તપ્રક્ષેપ પણ કરે છે. તથા ધર્મની મહત્તાને તેના સ્થાનેથી ભ્રષ્ટ કરે છે એ વગેરે ધર્મક્ષેત્ર જેવા પવિત્ર ક્ષેત્ર ઉપર અસાધારણ ફટકા-રૂપ છે.

૮ આપણા સાત ક્ષેત્રાદિકની પવિત્ર ધાર્મિક સંપત્તિઓને માત્ર શ્રી જૈન શાસનની જ સંપત્તિએ ધાર્મિક રૂપે ન રહેવા દેતાં પબ્લીકની જાહેર પ્રજાની મિલ્કત તરીકે ઠરાવવાનો પ્રારંભ કરી પબ્લીક કાર્યોમાં લઇ જવાનો માર્ગ ખુલ્લો કરે છે.

૯ ટ્રસ્ટીઓ વગરે નીમવાની ફરજ, ભાષાનું અજ્ઞાન ધરાવતી પ્રજાની ગેરસમજનો ગેરલાભ ઉઠાવી પાડવામાં આવી છે. તેથી તેને સીધો જ સરકારી ટ્રસ્ટ એકટ લાગુ પડે છે. તેથી ટ્રસ્ટીઓ શ્રી શાસન અને શ્રી સંઘને જવાબદાર રહેવા બંધાયેલા નથી રહેતા. તેના ઉપરથી શ્રી સંઘ, શાસન દેવ, ગુરુ અને શાસ્ત્રોની આજ્ઞાનો અધિકાર ઉઠી જાય છે આ સૂક્ષ્મતા છે.

૧૦ ધાર્મિક મિલ્કતો રૂપ ધર્મના એક મુખ્ય સ્થંભ ઉપર સત્તા અને તેનો હસ્તપ્રેક્ષપ કરવાનો અધિકાર કબુલ રાખવાથી, ધર્મના બીજા ચાર મુખ્ય સ્થંભો ઉપર પાપ સત્તા અને હસ્તપ્રક્ષેપનો અધિકાર કબુલ થઇ જાય છે.

૧ ધર્માચરણ, ૨ ધર્મશાસન ૩ ધર્મસંઘ અને ધર્મશાસ્ત્રો.

૧૧ વ્યાવહારિક દૃષ્ટિથી જુદા જુદા નામે પ્રસિદ્ધ ધર્મો એ વાસ્તવિક રીતે ધર્મ સંસ્થાઓ રૂપે–ધર્મ શાસનો રૂપે પ્રસિદ્ધ છે. તેના ધન અને સંપત્તિઓ ઉપર અંકુશ તે બીજા ચારેય ઉપર અંકુશ રૂપ બની જાય છે.

૧૨ ધાર્મિક અને ચેરીટેબલ જુદા જ કાયદા જોઇએ. કેન્દ્રે એ કાયદા જુદા કર્યા છે. બન્નેને એક કાયદામાં રાખવા એ જ પહેલી નજરે અન્યાય છે. તેમાં ગૂઢ યુક્તિ એ છે કે ધાર્મિક મિલકતોને જેમ બને તેમ સીધી જ બિનધાર્મિક પબ્લીક ચેરીટેબલ ખાતાઓમાં લઈ જઇ શકાય. કેમકે કાયદો એકજ છે ને?

૧૩ ઈંગ્લાંડના સિપ્રેનો સિદ્ધાંત ભારતમાં પણ લાગુ કરી, ચેરીટેબલ ખાતાઓમાં ધાર્મિક મિલ્કતો લઇ જવાની દૂરગામી છૂટ પણ અન્યાયભરી તો ખરી ને?

૧૪ આ સત્તાની સ્થાપના અને હસ્તપ્રક્ષેપ કરવાનું ધોરણ ભવિષ્યમાં હુકમો કરીને ધર્મક્ષેત્રના બીજા સ્થંભોમાં પણ પરિવર્તન કરી નાંખવાનું શકય બનાવવાનો પાસો નાંખવામાં આવે છે.

૧૫ આખા ભારતમાં સકલ સંઘની એક-વાક્યતા છે. તે આ જાતના પ્રાંતવાર કાયદાઓના અમલથી છિન્નભિન્ન થઇ જ જાય.

૧૬ આ કાયદામાં ધાર્મિક વહીવટોના વહીવટદાર નીમવાનું પણ કાંઇક સરકાર હસ્તક અને સરકાર ઠરાવે તે ધોરણ હોવું જોઇએ. એમ વકીલ કેસરીચંદભાઈના દિગ્દર્શનથી કાંઇક સમજાય છે એ પણ અધિકાર શ્રી સંઘનો નહીં.

૧૭ સરકારની દૃષ્ટિથી કાયદો સારો લાગશે પરંતુ જૈન શાસનની દૃષ્ટિથી જગતની અજોડ સંસ્થાને અસાધારણ ફટકા મારનાર છે. તેનો અમલ ધીમો કરવામાં આવે છે. જ્યારે આગળ ઉપર બરાબર અમલ થશે. ત્યારે તે ધર્મ પક્ષે અસાધારણ ફટકા રૂપ હશે.

૧૮ સરકારી અમલદારો રીતસર સાંભળે તેવી સ્થિતિમાં નથી તેથી કોર્ટમાં કેસ કરી મૂળભૂત ચર્ચાઓ હાથ ધરાય. લાખ દોઢ લાખના ખર્ચે પૂરો કેસ ચલાવી લેવો જોઇએ. ન્યાયસંગત કાયદાનો તો આપણે વિરોધ કરવાનો નથી હોતો. પરંતુ આપણા ધર્મ ઉપરના આક્રમણનું રક્ષણ કરવાનું હોય છે. સાચી સલાહ આપે તેવા વકીલો પણ દુર્લભ થતા જાય છે. છતાં સૌરાષ્ટ્ર કચ્છમાંથી કોઈ પરમાત્માના શાસનના બહાદુર ભક્તો નીકળી આવે તો ના ન કહેવાય.

૧૯ પેઢી પાસે આશા રાખવી વધુ પડતી નથી. આ આંસુ સારવા જેવો અસાધારણ દુઃખનો વિષય છે. જૈનશાસન જેવી વસ્તુની બાહ્ય જાહોજલાલી વધી રહી છે, તેમાં શંકા નથી. પરંતુ તેના મૂલમાં સળગતી સુરંગો એક પછી એક ચંપાતી જાય છે. તે તરફ લક્ષ્ય જતું જ નથી.

૨૦ શ્રી નવકાર મંત્રની આરાધના કરનારા મહાનુભાવ તરફ દૃષ્ટિ દોડાવીએ. શાસન સ્થાપનાની વિશિષ્ટતા સિદ્ધભગવંતો કરતાં તીર્થંકર અરિહંત ભગવંતોની છે. તેથી જ શ્રી નવકાર મંત્રમાં અરિહંત ભગવંતોને એ કારણે પહેલો નમસ્કાર છે. છતાં તેમના શાસનની છિન્નભિન્નતાના તત્ત્વો તરફ લક્ષ પણ જતું નથી.

સાશન આદેશથી નવકાર મંત્રની આરાધના શાસનમાં બળ પ્રેરે છે. શાસન નિરપેક્ષ શ્રી નવકાર મંત્રની આરાધના શાસનને ફટકો મારે છે. આ રહસ્ય તરફ શ્રી નવકાર મંત્રના અને શ્રી વર્ધમાન તપ આદિના આરાધકોનું સૂક્ષ્મ લક્ષ્ય જાય તે પણ ઇચ્છનીય છે.

૨૧ એક પૂરી લડત લડી લેવી જોઇએ, જેથી હમ્મેશને માટે વિઘ્નો દૂર થાય.

★

## ગીતાનો અઢારમો અધ્યાય

સંત-'હું આજે જૂઠું બોલનારા પર ભાષણ કરનાર છું તે પહેલાં એક પ્રશ્ન પૂછી લઉં. તમારામાંથી કેટલા વિદ્વાન સાધકોએ ગીતાનો વીસમો અધ્યાય વાંચ્યો છે?

શ્રોતાઓમાંથી લગભગ બધાએ આંગળી ઉંચી કરી.

સંત-'આજ હું તમારા બધા પર જ બોલવાનો છું કેમકે ગીતાના તો અઢાર જ અધ્યાય છે!'

# નવનીત

### શ્રી પ્રિયમિત્ર

વિવિધ વિષયોને સ્પર્શતી સાત્વિક તથા ચિંતન-મનન પ્રધાન હળવી વૈજ્ઞાનિક વિચારધારા લેખક પોતાની સરલ તથા સ્વચ્છ શૈલીમાં અહિં આલેખે છે. જે સર્વ કોઇને પ્રેરક તથા માર્ગદર્શક બનશે એ નિશંક છે.

## ભગવાન મહાવીર દેવ

આ ભૂમિએ ૨૪૮૭ વર્ષો પહેલા એક અનોખી વિભૂતિને પ્રગટાવી હતી! તે જ કરૂણાસિંધુ ભગવાન મહાવીર!! રોમાંચક અને ભવ્ય એ જીવની!!!

આત્મરમણતામાં જ શાંતિને જોનાર તે મહાવિભૂતિએ હૃદયને વજ્ર બનાવી મહાભિનિષ્ક્રમણ કર્યું **अप्पाणमेव जुज्झाहि किं ते जुज्झेण बज्झओ।** આત્માની સાથે જ યુધ્ધ કર, બાહ્ય શત્રુઓ સાથે ઝઝુમવાનું તારે શું (કાંઈ) પ્રયોજન ?' આ અટલ નિશ્ચયે ધ્યેયની સિધ્ધિ કરી, ચિરજીવી શાંતિના સદાવ્રત માંડી આપનાર પરમાત્માની દિવ્યજયોત, ૨૪૮૭ વર્ષો પહેલા ચૈત્રી ત્રયોદશીએ પ્રબુદ્ધ થઇ અને દિવાળીએ નિર્વાણ પામી.

શાંતિના એ સનાતન દૂતને આપણે યાદ કરીયે! એના પનોતાં પગલે શાંતિતરસી દુનીયાને શાંતિના અમૃત પાવા, પ્રભુનું ૨૫૦૦ વર્ષનું નિર્વાણ કલ્યાણક અધિકા ઉમંગથી ઉજવીયે!! સમગ્ર ભારતવર્ષને શાંતિના મધુરનાદથી ગજવીયે!!!

## સત્વ-શુદ્ધિ અને સદાચાર

જ્ઞાન મેળવવું, વિદ્વત્તા સંપાદન કરવી શાસ્ત્રો કંઠસ્થ કરવા વકતા કે લેખક બનવું એ બુધ્ધિનો વિષય છે. બુદ્ધિનો વિકાસ થવા માત્રથી મુકિત મળતી નથી. મુક્તિ માટે તો હૃદયને શુધ્ધ-સાત્વિક અને સદાચારી બનાવવું પડે છે. રાવણ સમર્થજ્ઞાની હતો પણ સત્વ-શુદ્ધિ અને સદાચારથી રહિત હતો. કેવળબુધ્ધિનો વૈભવ કે ચમત્કાર આપણને આકર્ષતો નથી, હૃદયની શુદ્ધિ-સાત્વિકતા અને સદાચાર જ વંદન-પૂજન માટે લલચાવે છે. સત્વ-શુધ્ધિ અને સદાચારની એક જ મુઠી, જ્ઞાનના લાખો મણ કરતાં વધારે કિંમતી છે.

## વૈરાગ્ય

વિવેકી આત્માઓને વસ્તુની વિચિત્રતા જોઇને વૈરાગ્ય જાગે છે. વૈરાગ્ય વધે છે વૈરાગ્ય પુષ્ટ બને છે.

એક રાજાએ વાછરડાને પુષ્ટ થતો જોયો. માતેલ બળદ બનતો જોયો અને ધીમે ધીમે ક્ષીણ થતો પણ જોયો. આખરે વૃદ્ધ બળદને જોઇ રાજા વૈરાગ્યવાસિત બન્યો. જગતના તમામ પદાર્થોનું દર્શન પરિવર્તનશીલતા અને ક્ષણભંગુરતાની દૃષ્ટિએ કર્યું.

એક રાજા લશ્કર સાથે યુધ્ધમાં જતો હતો, રસ્તામાં આંબાનું ઘટાદાર વૃક્ષ જોયું. રાજાએ કુતૂહલથી આંબાની એક મહોર તોડી. સૈનિકોએ તેનું અનુકરણ કર્યું. પરિણામે આખો આંબો બેડોળ બની ગયો. હુંઠો થયો. બે દિવસ પછી પાછા ફરતાં સુંદર-ઘટાદાર વૃક્ષને બેડોળ ઠુંઠામાં પલટાયેલું જોઇને રાજાને વૈરાગ્ય જન્મ્યો. તેણે સંયમ લીધું.

હનુમાનજીને સૂર્યાસ્તનું દૃશ્ય જોઈને સમગ્ર સંસાર અસાર લાગ્યો. મહારાજા દશરથને વયોવૃદ્ધ કંચુકીનું કરચળીવાળું શરીર જોઈને વૈરાગ્ય પ્રગટયો. રાજર્ષિ પ્રસન્નચંદ્રને માથાના સફેદ વાળથી, સંસારની અસારતાનું ભાન થયું. રાજા ભર્તૃહરીને સ્રીચરિત્રે સંસારની ઓળખ કરાવી. આ મહાપુરુષોએ વૈરાગ્યની પારદર્શક દૃષ્ટિથી જગતના તમામ પદાર્થોના—ભોગ—સુખોના આંતરિક સ્વરૂપને જોઇ લીધું. તમામ વસ્તુઓની બાહ્ય ભવ્યતા સાથે આંતરિક ભયાનકતા પારખી.

## વાંક પુરુષોનો અને ગેરલાભ સ્રીઓને

જમશેદપુરનું પોલાદનું વિશાલ કારખાનું જોવાની સ્રીઓને પરવાનગી નથી. એનું કારણ પણ રમુજી છે.

"કામદારો કારખાનું જોવા આવનાર સ્રીઓને જોયા જ કરે છે. અને કામ પર ધ્યાનજ આપતાં નથી."

જોયું? આજે દુનિયાનું સદાચાર અને સુસંસ્કારનું ચિત્ર કેવું બન્યું છે. પવિત્રતાનો નકશો કેટલો પલટાયો છે. આપણી આ મા ભોમમાં મોટા રાજકુલોમાં પણ પૂર્વે કેવી આદર્શ સદાચાર મર્યાદાઓ હતી? રામચંદ્રજી સીતાજીનું કુંડલ—આભૂષણ બતાવી લક્ષ્મણજીને પૂછે છે કે, 'ઓળખો છો ને? આ આભૂષણ? સીતાજીનું જ છે ને?' ત્યારે લક્ષ્મણજી શું કહે છે.

'ભાઈ! સીતાજીના કુંડલ પણ હું જાણતો નથી અને કંકણ પણ ઓળખતો નથી. હંમેશ તેમના ચરણોમાં પ્રણામ કરતો હતો તેથી માત્ર તેમના નૂપૂર-ઝાંઝર હું ઓળખું છું. સીતાજી પરસ્રી, તેમની સામે નજર સરખી નહિ નાખવી એમાં જ સદાચાર મર્યાદાનું અખંડ પાલન! આવા આદર્શ સદાચારથી પવિત્ર આ આર્યભૂમિમાં આજે જ્યાં ત્યાં (એક કારખાનામાં ઉદ્યોગકેન્દ્રમાં પણ) છડેચોક રુપની ચોરીનો જાણે બજાર ભરાય છે.

## કાળચક્કી

એક સન્યાસી તીર્થયાત્રાએ નીકળ્યા, ફરતાં ફરતાં બનારસ પહોંચ્યા. સ્નાન—શૌચાદિ કાર્ય પતાવી શહેરમાં ફરવા નીકળ્યા.

રસ્તે જતાં એક ઘંટી દળાતી જોઇ સંત એકદમ રડવા લાગ્યા. અનાજ દળવાવાળી બાઇ ગભરાઈ ગઇ. એણે પોતાના પતિને વાત કરી. પતિને થયું કે સંત ભૂખ્યા થયા હશે એટલે રડતા હશે. સંતને પૂછયું કેમ રડો છો! ખાવું છે? ચાલો. સંત તો વધારે રડવા લાગ્યા. જેમ જેમ પૂછતાં ગયા તેમ તેમ વધુ રડતા ગયા.

એ અરસામાં ત્યાંથી મહાત્મા કબીર નીકળ્યા. સંન્યાસી—સંતને રડવાનું કારણ પૂછયું. સંતે ઘંટી તરફ આંગળી ચીંધી કંઇક કહ્યું; 'ઘંટી પાછી ફરવા લાગી;' પણ સંત રડતાં બંધ થઈ ગયા અને નાચવા લાગ્યા.

એમના ગયા બાદ લોકોએ મહાત્મા કબીરને પૂછયું કે આમાં શું રહસ્ય હતું?

કબીરે કહ્યું; 'ભાઈ! ઘંટી જોઇને સંતને થયું કે આમાં જેટલા દાણા નંખાય છે. એટલા પીસાય છે. એમ જ આ કાળચક્કી પણ ચાલે છે તેમાં બધા જીવો દળાઇ રહ્યા છે. પણ બીજીવાર ઘંટીના ખીલાડાની આસપાસ દાણા જોયા, એટલે સંતને થયું કે ખીલાડાની આસપાસ રહે તે બચે છે. તેમજ આ કાળચક્કીના દિવસ—રાતના પડમાં જે જીવો ધર્મના ખીલ-

ડાની આસપાસ રહે છે તે બચી જાય છે અજર–અમર બની જાય છે. આજ કારણ સંતને રડવા હસવાનું હતું.

### સ્વાવલંબન

અમાસની રાત હતી નગર બહાર સડક–પર વિજળીનો પ્રકાશ ઝગમગી રહ્યો હતો. ચળકતાં બલ્બની શોભા ઘણી સુંદર હતી. દૂર દૂરથી ઉડતા જંતુઓ આવી રહ્યા હતાં. પતંગીઆઓ તો અદના સેવકની જેમ બલ્બની આસપાસ ઘૂમી રહ્યા હતા.

ઇલેકટ્રીક થાંભલાની નજીક એક ખજવો આવીને ચમકયો. વિજળીના પ્રકાશથી રહેવાયું નહિ. એણે ખજવાને કહ્યું; 'મારા આ ઝગ–મગતા પ્રકાશમાં પણ તારે ચમકીને પ્રકાશ આપવો એ શું શોભે છે? હું તો કહું છું કે તું તારી કીંમત તારા હાથે જ ઘટાડી રહ્યો છે.'

ખજવો નિરુત્તર થઇને ચમકતો ચમકતો ચાલ્યો ગયો. બીજે દિવસે વિજળીની ખરાબીના કારણે આખા રસ્તે વિજળીનો પ્રકાશ ન થયો તે વખતે ખજવાએ આવીને ચમકારો કર્યો અને સંભળાવ્યું; 'મારે ચમકવાનું એક જ કારણ છે, સ્વાવલંબન! જ્યારે તું પરાશ્રિત છો.'

આ વખતે વિજળીના પ્રકાશને નિરુત્તર થવાનો વારો હતો.

ખજવા પાસે સ્વાભાવિક ચમક હતી વિજળીના પ્રકાશ પાસે માંગી લાવેલા ઘરેણા જેવી હતી.

આ ભાવ (રૂપક) કથા કહી જાય છે કે સ્વાશ્રયી માણસોને કદી માનભંગનો પ્રસંગ આવતો નથી એનું જીવન અસ્ખલિતપણે અખંડ ધારાએ વહે જાય છે.

## વિજ્ઞાન વિકાસ

કેટલાક માણસોને એક રૂમમાં બેસાડવામાં––પૂરવામાં આવ્યા. એમાં કોઈ ક્રોધી કોઇ વિષયી કોઇ માની કોઇ લોભી કોઇ ઈર્ષ્યાળુ તો કોઇ ભયની લાગણીવાળા હતા. સખત ગરમીના કારણે બધાને પરસેવો રેબઝેબ થઇ રહ્યો હતો. કોઇ પ્રયોગકર્તા વૈજ્ઞાનિકે તે દરેક વ્યક્તિના પરસેવાનું એક એક બિંદુ લઇને એનું રાસાયણિક પધ્ધતિથી પૃથક્કરણ કર્યું અને તત્કાળ બતાવી દીધું કે કોનામાં કંઇ લાગણી પ્રબળ બની રહી હતી અને અંતે તે સત્ય સાબીત થયું. એ રીતે માણસના થૂંક ઉપરથી પણ ક્રોધાદિ ભાવોનું દિગ્દર્શન કરાવી શકાતું હતું. ક્રોધના કારણે માણસના પરસેવામાં, થૂંકમાં એવું પરિવર્તન થાય છે કે તે વિષમય બની જાય છે. ક્રોધ–રૂપ મનોવિકારને કારણે મનુષ્યના શરીરમાં ભારે તોફાન ખડું થાય છે. તેની સાતે ધાતુ-ઓમાં ખળભળાટ મચે છે તત્કાળ એના શરીર પોષક રસ અને ધાતુઓ સ્વાભાવિક કાર્ય કરવાને બદલે શરીરમાં વિષમય પરમાણુઓ ફેલાવી રોગ ઉત્પન્ન કરે છે. આ પ્રક્રિયા લાંબો કાળ ચાલે તો રોગ શરીરમાં ઘર કરી જાય છે.

એથી વિપરિત પ્રેમમય–દયાયુક્ત શુભેચ્છાઓપૂર્ણ સંવેદનથી રસ–રક્ત અને ધાતુઓ શુધ્ધ બને છે. આરોગ્યવર્ધક નવું શરીરબળ આપે છે. ક્રોધના કારણે ઘણા માણસોને વાયુપ્રકોપ થાય છે ક્રોધના આત્યંતિક આવેશથી કેટલાય માણસોનું મૃત્યુ થવા પામે છે.

અશ્વવિદ્યાના જાણકાર મિસ્ટર રેરીનું કહેવું છે કે ક્રોધી શબ્દની ઘોડા ઉપર એવી અસર થાય છે કે પ્રત્યેક મિનીટે એની નાડીના ધબ-

કોરામાં દસ-દસનો વધારો થાય છે. ક્રોધાવેશની પશુ ઉપર આટલી અસર થાય છે, તો મનુષ્ય ઉપર અને તેમાંય કોમળ મનના ઉપર કેવી અસર થાય તે સમજી શકાય છે.

ક્રોધ-કામ-મદ આદિ ઝેરી લાગણીઓ આત્માની કટ્ટર શત્રુ ગણાય છે તેની અતિભાવુક-આત્માના સ્વરૂપ-શક્તિ-હિત ઉપર કેવી માઠી અસર થાય તે હવે સમજાવવું પડશે?

જીવનને સ્પર્શતો કોઇ ગંભીર બનાવ બની જવાના કારણે માણસને ઉલટી થઇ જાય છે. અત્યંતભયના કારણે કમળા પાંડુરોગની બિમારી લાગુ પડે છે. ભયંકર ચિંતામાં આખી રાત્રિ પસાર કરવાથી મનુષ્યનું આખું જીવન નિરસ-નિસત્વ અને નિરુત્સાહી બની ગયાનાં અનેક દૃષ્ટાંતો છે.

અતિશોક, દીર્ઘકાલીન ઈર્ષ્યા કે હંમેશના ઉદ્વેગ કે શોકના કારણે ઘણા માણસો પાગલ થાય છે. આત્મહત્યા કરે છે, પુરુષાર્થહીન બને છે શારીરિક અનેક સાધ્ય-અસાધ્યરોગથી ઘેરાય છે. આજના દવાખાનાઓમાં દર્દીઓની ભીડ જામે છે. બધા દર્દીઓને સારી રીતે જોવાનો કે એના રોગની હકીકત સાંભળવાનો ડોકટરને સમય રહેતો નથી સહેજ જોવાનો દર્દીને તપાસવાનો દેખાવ કરી દવાના પ્રિસ્ક્રિપ્શન લખી આપી ડોકટરો છૂટકારો મેળવે છે!

પણ આંતરિક વિચિત્ર ક્રોધાદિ લાગણીઓના ઉત્તેજનથી થયેલા રોગો ખર્ચાળ દવાથી કે સેનેટેરીયમની હવાથી મટવાના હતા? આંતરિક ઝેરી લાગણીઓથી જન્મેલા રોગોને દવાઓ મટાડવાનો પ્રયત્ન બાલચેષ્ટા છે, આજની રોગવૃધ્ધિમાં વધતાં જતાં આંતરિક મલિન ભાવો-લાગણીઓ ખૂબ જવાબદાર છે. આજે જરૂર છે આંતરિક રોગને શમાવનાર ક્ષમા-નિર્ભયતા-પ્રસન્નતા-સર્વના સુખનોવિચાર-સંતોષ-સદાચાર ગાંભીર્ય-ઔદાર્ય-વૈરાગ્યના રામબાણ ઔષધની!


# મર્કોસેમ સીમેન્ટ પેઈન્ટ

**જાહેર સસ્થાઓના ટ્રસ્ટીઓને** વિનંતિ જે મર્કોસેમ સીમેન્ટ-પેઈન્ટ બહારના બાંધકામની દિવાલોને સુશોભિત અને મજબૂત બનાવે છે, તેમજ વોટર પ્રુફ અને દરેક સીઝનમાં રક્ષણ આપે તેવો છે.

અનુભવી અને નિષ્ણાત પેઇન્ટ ટેકનોલોજીસ્ટની દેખરેખ નીચે **અમેરીકાની** જાણીતી કુાં. મે. કુક એન્ડ ડન પેઈન્ટ કોર્પોરેશન ન્યુયાર્ક-ન્યુઝર્સીના સહકારથી જામનગરમાં આ રંગનું ઉત્પાદન શરૂ કરેલ છે.

અમારી ચાલુ કિંમત ૫૦ કીલોગ્રામના રૂા. ૧૧૭-૦૦ F.O.R. ડેસ્ટીનેશન રાખેલ છે. સંસ્થાના ઉપયોગ માટે સ્પેશીયલ કન્સેશન આપીશું.

ઉપરાંત મકાનોની અંદરના ભાગના શણગાર માટે ઓઈલ બાઉન્ડ ડીસ્ટેમ્પરની કિંમતે તેનાથી ઘણી જ ઊંચી જાતનો કવરકોલ ફ્લેટ પેઈન્ટ પણ વિવિધ આકર્ષક રંગોમાં મળી શકે છે. વધુ વિગત માટે લખો.

## સૌરાષ્ટ્ર પેઈન્ટસ પ્રાઈવેટ લી.

ઠે. એરોપોર્ટ રોડ, **જામનગર** (ગુજરાત)

# સાચા બાન્ધવ કેવા હોય?

પૂ. મુનિરાજ શ્રી મહાપ્રભવિજય મહારાજ-અમદાવાદ

આપત્તિ દ્રવ્યથી અને ભાવથી એમ બે પ્રકારે હોય છે. દ્રવ્યાપત્તિ એટલે નિર્ધનતા-કષ્ટ-રોગાદિની પ્રાપ્તિ, ઇષ્ટનો વિયોગ અનિષ્ટનો સંયોગ વગેરે. ભાવાપત્તિ એટલે દુર્ગતિની પ્રાપ્તિ, ધર્મહીન દશા, પાપાચારનું સેવન વગેરે. એ ઉભય પ્રકારની આપત્તિથી જે બચાવે તે સાચો બાંધવ.

એક નગરમાં પ્રાચીનકાળમાં હરિ અને લક્ષ્મણ નામે બે સગા ભાઇઓ નિવાસ કરતા હતા. તે પરસ્પર અત્યંત પ્રીતિના કારણે એક બીજા વિના રહી શકતા નહિ. અનુક્રમે સાથે જ ભણી યૌવનના આંગણે પ્રવેશી સાથે જ દ્રવ્યોપાર્જન-ભોગવિલાસ અને પૃથ્વી ઉપર વિચરણ કરતા.

લક્ષ્મણની પત્ની એકદા પોતાના પતિને કહેવા લાગી; 'તમે કમ અક્કલના છો. ઘરની કંઇ તમને ખબર નથી. તમારા મોટા ભાઈ મુખે મીઠા છે પણ હૃદયે ધિઠા છે. પોતાની સ્ત્રીને વસ્ત્ર ઘરેણા લાવીને આપે છે ને દ્રવ્ય પણ ગાંઠે કરે છે. એના ફલ આગળ જાણશો.'

લક્ષ્મણે જણાવ્યું, કદાપિ જુગ પલટાય તો પણ મારો ભાઇ એવો હોય નહિ. તું બીજાના ઘરની પેઠે અમારૂં ઘર ધૂળ મેળવવા તૈયાર થઇ છે. મારી ભાભી માતાસમ છે. તે કદાપિ વાંકુ કરે નહિ' સ્ત્રી મૂક રહી.

વારંવાર સ્ત્રીના એમ કહેવાથી સ્ત્રીની વાત એક દિન લક્ષ્મણના હૈયામાં બરાબર બેસી ગઇ, કે મારી સ્ત્રી ખરૂં કહે છે. સ્ત્રી બોલી; 'તમને ભ્રાન્તિ છે, તમે બાંધવ ઉપર રક્ત છો માટે કાંઇ દેખતા નથી. પણ તમારી ભાભી તો કપટની કોથળી છે. મને નાની જાણીને ઘરના સર્વ કામ મારી પાસે કરાવે છે ને દાસી ગણે છે. અને મોટાભાઇ તમને નોકર ગણે છે. અમે તમને વળગ્યા છીએ તો હવે શું કરીએ? મૌન ધરીને બેસી રહીએ છીએ! એમ પતિને ભંભેર્યો.

એકદા લક્ષ્મણે મોટાભાઇ હરિને કહ્યું કે, 'ભાગ વહેંચી આપો.' તે અપૂર્વવચન સાંભળી મોટો બોલ્યો કે, 'કોની સાથે તારે ભાગ વહેંચવો છે? મારા વિના તારે કોણ છે અને તારા વિના મારે કોણ છે? તારૂં કંઇ બગાડયું હોય તો જણાવ. આ સર્વ લક્ષ્મી તારી છે. સુખે વિલાસો ભોગવો.'

તે સાંભળી નાનો લજ્જા પામી ઘેર આવીને સ્ત્રીને કહેવા લાગ્યો કે, ભાઇ તો આમ કહે છે. ત્યારે સ્ત્રી બોલી કે, 'ધૂર્ત તો એમ જ બોલે માટે એવા વચને લલચાશો નહિ. તમે ભોળા છો. તમારી મતિ ખસી ગઈ છે. હાથમાં આવ્યું કોણ મૂકે? તમારે નોકર થઇને રહેવું હોય તો રહો. પણ હું તો દાસીપણું નહિ કરૂં. મારા પિયર જઇને રહીશ.'

આ સાંભળી નાનાએ ફરી ભાગની માંગણી કરી. મોટાએ તેવાંજ મીઠા વચન કહ્યાં. તે સાંભળી પહેલાની જેમ નાનો લાજ્યો. એમ વારંવાર સ્ત્રીના તથા ભાઇના વચને ડોલાયમાન થયેલો રહ્યો. પણ એક દિવસ તો અડ્ડો જમાવીને બેઠો કે, 'આજ તો ભાગ આપશો તોજ ઉઠીશ.' મોટો સમજ્યો કે નાનાની સ્ત્રીએ નાના ભાઇનું મગજ બગાડી નાંખ્યું છે. તેથી ઘરબાર વગેરે

તેણે વહેંચી આપ્યું, તે લઈને નાનો બહાર નીકળ્યો.

હવે થોડા દિવસમાં નાનો ભાઇ સર્વ લક્ષ્મી ખોઈ બેઠો. મોટા ભાઈએ વળી નવી લક્ષ્મી ઉપાર્જન કરી. એટલે નાનો કહેવા લાગ્યો કે, 'તમે જુદી ગાંઠ કરી હતી. માટે તેમાંથી મને આપો.' મોટાએ લક્ષ્મી આપી. આમ વારંવાર માગે ત્યારે મોટો વારંવાર આપતો. વારંવાર નાનો લક્ષ્મી ગુમાવતો તેથી લોક તેની નિંદા કરે. મોટો સ્નેહ ધરે–મીઠા વચને બોલાવે.

એમ ઘણી વખત લક્ષ્મી લીધાથી નાનો ભાઇ લાજનો માર્યો માગી તો શકે નહિ, પણ મોટાભાઇ પર દ્વેષ ધરતો પરગામ ભમતો ફરે પણ કયાંય કંઈ કમાય નહિ. નિર્ધન થવાથી મલિન વસ્ત્ર પહેરતો ભૂખે મરતો ફરી પણ પાછો સ્વગામે આવ્યો, મોટા ભાઇ ઉપર છરી ઉગામી મારવા; ભાઇએ તે બચાવી લીધી, મનમાં વિચાર્યું કે 'ધિક્કાર પડો સંસારને! જે સગો ભાઇ થઇને આવું અકાર્ય કરે છે.' આમ વૈરાગ્ય પામી ગામ છોડી નીકળી ગયો. જ્ઞાની મહાત્માનો ઉપદેશ સાંભળી સંયમ લઈ પાળી સૌધર્મે દેવતા થયો. નાનો ભાઇ તાપસી દીક્ષા લઈ પાળી જ્યોતિષ દેવ થયો. ત્યાંથી સંસારમાં રખડયો. અનુક્રમે કોઇ ગામમાં કાળો વિકરાળ સર્પ થયો.

મોટાભાઇનો જીવ દેવલોકના સુખ ભોગવી હસ્તિનાપુરમાં વસુધર નામે રાજપુત્ર થયો. જે મહા ગુણવંત હોઈ લોકપ્રિય થયો. યૌવન પામતા કોઇ સાધુ દેખી જાતિસ્મરણ પામતાં પાછલો હરિનો ભવ સંભારી વૈરાગ્ય પામી શ્રી ગુણધર કેવલી પાસે દીક્ષા લીધી.

ત્યાં ભગવાનને પોતાના નાના ભાઈનો સંબંધ પૂછયો જે કેવલીએ ઉપર મુજબ સંભળાવ્યો. તે સર્પનો ભવ જાણી મહાવિરાગી થયો. અનુક્રમે તે વસુધર મુનિ ચૌદ પૂર્વ ભણ્યા, આકરા તપ તપતા, સંયમમાં તત્પર રહેતાં અવધિજ્ઞાન ઉપજયું. શુભ અધ્યવસાય વધતાં મનઃપર્યવજ્ઞાન પણ થયું. આચાર્યપદ પામી તે સર્પને પ્રતિબોધવા પધાર્યા. ધર્મ સંભળાવ્યો; સર્પ વૈરાગ્ય પામ્યો. જાતિસ્મરણ થયું. હવે સર્પને ધર્મ ઉપર પ્રતીતિ આવી, તેથી અનશન આદર્યું. પાંચ દિવસ અનશન પાળી સમાધિએ કાળધર્મ પામી સૌધર્મ દેવલોકમાં દેવ થયો. અનુક્રમે સિદ્ધિ વરશે.

મોટાભાઈ ભેગા હતા ત્યારે પણ ગુણીયલ હતા. નાનાની લક્ષ્મી ગઇ ત્યારે પણ ગુણીયલ રહી મદદ કરી ને તલવાર ઉગામતા પણ ગુણીયલ રહ્યો, દેવ–ગુરુ–ધર્મના આલંબન ઉપર. સાચા બાંધવ આવા હોય કે બન્ને આપત્તિમાં પડખે આવી ઉભા રહે ને નિસ્તાર પમાડે.


**શ્રી વર્ધમાનતપની ૫૦ મી ઓળી કે તેથી અધિક ઓળી કરનારને —**

## ભેટ મળે છે.

**શ્રી વર્ધમાનતપ માહાત્મ્ય** નામનું લગભગ ૪૦૦ પાનાનું પુસ્તક **શેઠશ્રી જેચંદભાઇ કેવળદાસ** અમદાવાદવાળા તરફથી ભેટ મળશે, પુસ્તક મંગાવવાની સાથે કેટલામી ઓળી ચાલે છે તે જણાવવું જરૂરી છે, સીરનામું પુરેપુરું લખશો. પુસ્તક મંગાવવાનું સ્થળઃ–

**કલ્યાણ પ્રકાશન મંદિર – વઢવાણ શહેર**

# ગળું અને સ્વરનાડી

**વૈદ્યરાજ શ્રી કાન્તિલાલ દેવચંદ શાહ, ઝીંઝુવાડા**

શરીરના મહત્ત્વના અનેક અંગોમાં ગળુ તથા સ્વરનાડી એ મહત્વનું અંગ છે. ગળું એક રીતે કહીએ તો ગરણી છે. શરીરના એ અંગને અંગે અનેક ઉપયોગી મહત્ત્વની તથા જાણવાજેવી હકીકતો 'કલ્યાણ'માં ચાલુ રહેલી 'આરોગ્ય અને ઉપચાર'ના શિર્ષક તળેની લેખમાળાના આ ૧૧ મા લેખાંકમાં આપણને જાણવા મળે છે. આ લેખમાળાના લેખક પોતે સુપ્રસિદ્ધ વૈદ્યરાજ છે. આયુર્વેદનો તેમને સારો અભ્યાસ છે. ગળાને અંગે તથા સ્વરનાડીને વિષે તેની મહત્તા, સદુપયોગ તેમ જ તેનાં આરોગ્ય અને ઉપચારોને અંગે અનેક ઉપયોગી મહત્ત્વની વાતો તમને આ લેખાંકમાંથી જાણવા મળશે. 'કલ્યાણ' પ્રત્યે આત્મીયભાવે પ્રેરાઇને લેખક લેખમાળા લખી રહ્યા છે. આગામી અંકોમાં શરીરશાસ્ત્રનાનુસારે શરીરના અન્ય ઉપયોગી અવયવો તથા તેના આરોગ્ય અને નિર્દોષ ઉપચારોને અંગે તમને જાણવા જેવું મળશે. સહુ કોઇને અમારો આગ્રહ છે કે, 'કલ્યાણ'માં અવાર-નવાર પ્રસિદ્ધ થતા આ વિભાગને જરૂર વાંચશો.

⊙

નાકમાંથી હવા ગળામાં જાય છે. મુખ મારફત ખોરાક પાણી અને હવા ગળામાં જાય છે. મધ્ય કાનની નળીઓ ગળા સાથે જોડાએલી હોવાથી હવાનું દબાણ સમાન રહે છે. ગળું, મોઢું અને નાકની પાછળ આવેલું છે. બન્ને બાજુ મોટી ગ્રંથીઓ છે. ગળાની નીચેની બાજુએ અન્નનળી અને શ્વાસનળીનું જોડાણ છે. ગળાની દિવાલો સ્નાયુઓની બનેલી છે. બે નસ્કોરા, બે કાન, મુખ તરફથી આવતો રસ્તો, શ્વાસ અને અન્નનળી તરફથી જતો રસ્તો, ગળું એટલે સાત સાત માર્ગોનું સંગમ સ્થાન. ગળું એટલે સાત સાત રસ્તાઓનો વ્યવહાર સંભાળતો ચોકિયાત, ગળું એટલે હવા-પાણી અને ખોરાકને ગાળીને મોકલનાર ગરણું. ગળું એટલે ત્રણ જીભોનું સંગમ સ્થાન.

૧ પડજીભી, (૨) ગળજીભી, (૩) મોટી જીભી (રસનાઇન્દ્રિય).

(૧) પડજીભી: તાળવાના છેડે પોચા ભાગમાં બરાબર મધ્યમાં સૂક્ષ્મ આંચળના આકારની જીભ છે. કોળીઓ જ્યારે ગળામાં ઉતરે છે તે વખતે નાકમાંથી ગળામાં આવતા માર્ગને ઢાંકી રાખે છે, જેથી કોળીયાનો કણ ઉંચો ચડી નાકમાં જઇ શકતો નથી.

(૨) ગળજીભી: મોટી જીભ રસનાઈન્દ્રિયની નીચે અને શ્વાસ નળીની ઉપર પીપળના પાનના આકારની ઉભી જીભ છે. ઉભી હોવાથી નાકમાંથી આવેલી હવા સીધી શ્વાસ નળીમાં જ જાય છે પણ કોળીઓ કે ઘુંટડો ગળતી વખતે શ્વાસનળીને ઢાંકી રાખે છે જેથી આહારના પદાર્થો સીધા અન્નનળીમાં જાય છે અને કોળીઓ જ્યાં અન્નનળીમાં દાખલ થયો કે તુરત જ ગળજીભી ઉભી થઈ જાય છે. આવા સુંદર કાર્યનું સુંદર રીતે સંપૂર્ણ સંચાલન ગળજીભી દ્વારા આપોઆપ થએ જાય છે.

પરમ ઉપકારી, પરમ હિતકારી, ગ્રંથોમાં જમતી વખતે બોલવાની કે હસવાની મનાઇ ફરમાવેલી છે. કારણવશાત્ બોલવું પડે તો થોડું પાણી પીને બોલવું. કેવી સુંદર સલાહ છે?

જમતી વખતે મોટેથી હસવાથી કે ઉતા-

વળે બોલવાથી ગળજીભી ઉપર દબાણ આવવાથી ગળજીભી શ્વાસનળી ઉપરથી ઉભી થઈ જાય છે. અને કોળીઆનો ભાગ શ્વાસનળીમાં દાખલ થઈ જાય છે.

પરિણામે સખ્ત ઉધરસ આવે છે. આને અંતરસ ગયું કહેવાય છે કોળીઓ જો બરાબર ચવાઇને ગયો હોય તો અંતરસથી પતે છે. પણ જો કઠણ પદાર્થ કોળીઆમાં રહી ગયો હોય અને શ્વાસ નળીમાં ભરાઇ જાય તો ભયંકર સ્થિતિ સરજાય છે.

આઠ દસ મહિના પહેલાં જ છાપામાં આવ્યું હતું કે, ભારતની વિમાની સર્વિસના વડા અધિકારી કર્નલ મુખરજીને જાપાનમાં જમતાં જમતાં માંસનો ટુકડો શ્વાસ નળીમાં ભરાઈ ગયો. ઘણાં ઉપચાર કર્યા કાપકૂપ કરી. એરોપ્લેનમાં ભારતમાં લાવ્યા. અંતે મૃત્યુ થયું.

માટે શાસ્ત્રાજ્ઞા શિરોમાન્ય કરી, જમતી વખતે, બની શકે તો એકાંતમાં જમવું. શાંત ચિત્તે જમવું, બોલવું નહિં, હસવું નહિ, ક્રોધ કરવો નહિં. ખોરાકને વખોડવો નહિં કે વખાણ કરવા નહિં. આવી આવી વાતો અમલમાં લાવવાથી ઘણો જ લાભ સમાએલો છે.

કાકડા: (ચોળીયા) એટલે પોલીસ ચોકી. ગળામાં બન્ને બાજુ શ્વેત કણોના સમૂહથી બનેલી લસ્સી ઉત્પન્ન કરનાર ગ્રંથીઓ રહેલી છે.

હવા-પાણી કે ખોરાક મારફત ઝેરી રજકણો કે સૂક્ષ્મ જંતુઓ ગફલતથી, ગળામાં દાખલ થઈ જાય તો તુરત જ શ્વેત કણો તેનો નાશ કરે છે. આ ગ્રંથીઓને જ્યારે વધારે બોજ સહન કરવો પડે છે ત્યારે સુજી જાય છે. શરદીથી, ગરમીથી અપથ્ય આહાર વિહારથી કાકડા ફૂલે છે સૂજે છે કે પાકે છે. આવી સ્થિતિમાં કાકડા કપાવી નાંખવા તે હાથે કરીને મજબુત રક્ષણ ગુમાવવા જેવું છે. મધ્ય કાનને હાનિકર્તા છે. તંદુરસ્તી ઘટાડનારૂં છે. માટે થોડી વેદના સહન કરીને પણ યોગ્ય ઉપચારથી કાકડાના રોગનું શમન કરવું એ પાયાની ફરજ છે.

કંઠનળી: શ્વાસ નળીનો ઉપલો ભાગ જેમાં સ્વર ઉત્પન્ન થવાનું અવયવ છે, તેને કંઠનળી, સ્વરનળી, સ્વરપેટી, સ્વરયંત્ર એવા નામો અપાયેલા છે. આનો આકાર ત્રિકોણાકાર પેટી જેવો છે તેની દિવાલો કુરચાની બનેલી છે. સૌથી મોટો કુરચો ગળાની બહાર હાથ ફેરવતાં ઉપસેલો ભાગ દેખાય છે તેને હૈડિયો કહેવામાં આવે છે. આ પેટીમાં સ્થિતિ સ્થાપક તંતુઓ આવેલા છે તેને શ્વાસ વાયુ અડતાં ધ્રુજે છે, અને અવાજ ઉત્પન્ન થાય છે. તંબુરના વાજીંત્ર જેવી નાનકડી રચના રચાએલી છે.

ઇચ્છાવર્તી ક્રિયા, બોલવું, ગાવું વગેરે કંઠનળીના સ્નાયુઓ દ્વારા થાય છે. છીંક, ઉધરસ, ઓડકાર, હેડકી, વગેરે નીચેની શ્વાસનળીના સ્નાયુઓ મારફત થાય છે. કંઠનળીનો પાછળનો ભાગ ખુલ્લો હોય છે. શ્વાસનળીના માર્ગમાંથી વાયુ સ્વરતંતુઓ ઉપર અથડાય છે; ત્યારે ધ્રુજારી થઇ સ્વર ઉત્પન્ન થાય છે. સાધારણ રીતે શ્વાસ-ઉશ્વાસ લેતી વખતે સ્વરતંતુઓ વચ્ચેનું ત્રિકોણાકાર દ્વાર પહોળું રહે છે, તેથી વાયુ છુટથી આવ જાવ કરી શકે છે. જોરથી શ્વાસ લેતી વખતે આ તંતુઓ એકમેકથી વેગળા બને છે, તેથી સ્વરદ્વાર પહોળું બને છે. જ્યારે બોલતી વખતે સ્વરતંતુઓ સંકોચાઇ નજીક આવી જાય છે. અને વચ્ચેનું દ્વાર સાંકડું બને છે. સ્વર નળીમાં ચાર દોરડાં અથવા તાર છે ઉપર અને નીચે બબ્બે તાર છે. આ ચાર પૈકી નીચેના બે તાર એ ખરા કંઠ તાર છે. આને ઈજા થાય તો સ્વર બંધ થઇ જાય છે. મોટા અગર નાના, ભારે કે હળવા અવાજનો આધાર આ તારના તણાવા ઉપર છે જેમ વધારે ખેંચાય તેમ ઉંચો અવાજ અને થોડા

ખેંચાય તેમ હળવો અવાજ નીકળે છે.

આપણે જોઇ ગયા કે તંગ સ્વરતંતુઓ ઉપર વાયુ અથડાય છે. અને અવાજ ઉત્પન્ન થાય છે. વાયુ (વાત) એ શરીરમાં સર્વત્ર સંગ્રહિત થયેલી દિવ્ય શક્તિ છે. તેના રહેવાનાં પાંચ સ્થાનો નીચે પ્રમાણે છે

(૧) અપાનવાયુ: ઝાડા પેશાબ આદિ મળના પકવાશયમાં રહે છે.

(૨) સમાન વાયુ: જઠરમાં રહી અગ્નિ સમાન રાખી પોષણ કરે છે.

(૩) પ્રાણવાયુ: ફેફસાં અને હૃદયમાં રહે છે.

(૪) વ્યાન વાયુ: ફરતો રહે છે.

(૫) ઉદાન વાયુ: કંઠમાં રહે છે. અવાજની ગતિને સમાન રાખે છે

વાયુ શરીરનાં તમામ આશય અને યંત્રોને ધારણ કરે છે. અને એની ક્રિયાઓને ચલાવે છે. એના ઉપર મુજબ પાંચ રૂપ છે; એનું કાર્ય ગુહ્યસ્થાનો, ત્વચા, ઉદર, હૃદય અને કંઠ આદિ સ્થાનોમાં સ્પષ્ટ માલુમ પડે છે. નાની મોટી વિધવિધ ક્રિયાઓનો પ્રવર્તક વાયુ છે. નિયન્તા, ચાલક અને ચૈતન્યમય છે. રૂપ, રસ, ગંધ, સ્પર્શ અને શબ્દને વહન કરનાર છે. દોષોને સુકવનાર અને મળને બહાર કાઢનાર છે. વાયુ જો કોપે તો અનેક પ્રકારના મહાકષ્ટદાયી દરદો ઉત્પન્ન કરે છે. બળ, રંગ, સુખ અને આરોગ્યનો નાશ કરે છે. ઇન્દ્રિયોની શકિત ક્ષીણ કરે છે. તર્પણ, શોષણ અને સંચારણથા ચંદ્ર સૂર્ય અને પવન જે રીતે જગતને ધારણ કરે છે. તે જ રીતે વાયુ, (વાત) પિત્ત અને કફ શરીરને ધારણ કરે છે. આ ત્રણે શકિતનાં પાંચ પાંચ ભેદ છે. તેમાં પિત્ત અને કફ વાયુની પાસે પાંગળા છે. જેથી તે બન્ને પિત્ત અને કફને વાયુ પોતાની પ્રબળ શકિત વડે આખા શરીરમાં ફેરવે છે. વાયુ શિઘ્ર ગતિ ગામિ ચપળ સૂક્ષ્મ, શીતળ, સુકો અને હલકો, ખર, મૃદુ, યોગવાહી, તેજયુકત, દાહક અને રજોગુણમય છે.

લક્ષણ:—

अल्पकेशः कृशो रूक्षो, वाचाल श्चलमानसः
आकाशचारी स्वप्नेषु वातप्रकृतीकोनरः

(શારંગધર)

અલ્પ વાળ, કૃશ રૂક્ષ વાચાલ, તેજહીન, ચંચળ મન, અસ્થિર, સ્વપ્નમાં આકાશના ગમનાદિક જોનાર, ઇત્યાદિ લક્ષણ વાયુ પ્રકૃતિના જાણવા, વાયુ પ્રકૃતિવાળાઓએ વાયુ કોપે નહિ તે માટે રૂક્ષ આહાર, મિતાહાર, ઠંડી વખતે ઠંડા પદાર્થો, અતિશ્રમ, પ્રભાતે સ્ત્રી સંગ, ધન દોલત અને બંધુ આદિ સ્નેહિના વિયોગે, સંસારનું દુ:ખ, બીક, ધાસ્તી, ચિંતા, રાત્રી જાગરણ, જખમ, પાણીમાં ઘણું તરવાથી, ભૂખ વખતે ન ખાવાથી, ખોરાકનું પાચન નહિં થવાથી, ધાતુક્ષય, ખાંડ–સાકરથી સદાએ સાવચેત રહેવું.

ડુંટીમાંથી પ્રયત્ન વડે વાયુ ઉંચે ચડી સ્વર નળીના તારોને ઝણઝણાવે છે. છાતી, ગળું, મુખના ભાગો અને જીભના સંયોગો સ્વરની ગોઠવણી થાય છે. અને જુદા જુદા ઉચ્ચારથી બોલી શકાય છે. ય, ર, લ, વ અને દરેક વર્ગના પેલા, ત્રીજા અને પાંચમા મૂળાક્ષર એ અલ્પ પ્રાણ છે. કેમકે એને ઉચ્ચારવામાં ઓછા વાયુની જરૂર પડે છે બાકીના વર્ણને ઉચ્ચારવામાં વધારે વાયુની જરૂર પડે છે, માટે તે મહાપ્રાણ કહેવાય છે.

નાનકડી નાજુક સ્વરનળીમાંથી શરૂ થતા ધ્વનિ, સ્વર અવાજનું ધોરણ ત્રણ રીતે થાય છે. (૧) એક સરખું પહેલેથી છેલ્લે સુધી એક જ ધોરણનો અવાજ નીકળે. (૨) ચડતો ઉતરતો અથવા ઉતરતો ચઢતો આ ક્રિયા રૂદન વખતે અને ક્રોધાવેશમાં થાય છે. (૩) ગાયન પ્રમાણે ચઢતા ઉતરતા અથવા ઓછાવત્તા અવાજના ટપ્પા આવે છે. પુરૂષ કરતાં સ્ત્રીનો

કંઠ વધારે કોમળ હોય છે, કારણ પુરૂષ કરતાં સ્રીનો કંઠ વધારે નીચો ઉતરી શકે છે. તેમ જ વધારે ઉંચે પણ ચડી શકે છે. સ્વર નળી ધારે તો હસાવે કે રડાવે, દાવાનળ જગાડે કે શાંત રસમાં ઝીલાવે.

જેનાં શરીરમાં સમાન વાયુ છે અને સ્વચ્છ, સ્વસ્થ અને નીરોગી સ્વરનળી છે તે જ્યારે મીઠી મધુરી મોહક, સ્વરાવલિ લહેરાવે છે ત્યારે સાંભળનારનું મસ્તક ડોલે છે. છાતી ફુલે છે હૃદય પ્રફુલ્લિત થાય છે. રોમરાજી વિકસ્વર થાય છે. દુઃખ ભૂલી જવાય છે. માટે ખૂબજ જરૂરી કિંમતી એવી કંઠ નળીની રક્ષા પ્રત્યે સદાએ સજાગ રહેવું જોઈએ.

સ્વર નળીમાં રોગ નિવારણ, શ્રમ નિવારણ માનસિક દુઃખ નિવારણ કરવાની શકિત છે. ઈર્ષ્યા શોક , ક્રોધ, ભય, આઘાત આદિથી થતા રોગો અને દુઃખો માટે સંગીત ઔષધરૂપ છે. માનસિક શ્રમજીવીઓ એક ઠેકાણે એક આસને બેસીને પોતાના કાર્યમાં તલ્લીન બને છે. આથી લોહિનું વહન એકજ સ્થિતિમાં અને એકજ ધ્યાનમાં રહેવાથી કેટલેક અંશે અટકે છે. અર્થાત લોહિના ભ્રમણમાં મંદતા આવવાથી નૈસર્ગિક સ્થિતિમાં ખલેલ પહોંચે છે. ઝેરી તત્વો (મળ) ભેગો થાય છે. શરીરમાં જેટલા પ્રમાણમાં લોહી અશુદ્ધ બને તેટલા પ્રમાણમાં થાક લાગે છે. આ થાક ઉતરી લોહિનું ભ્રમણ બરાબર થવા માટે આકર્ષક રંજનકાર્યક્રમ જોઈએ. કે જેમાં ઉલ્લાસ, આનંદ, મુકતતા, તાઝગી, સ્ફુર્તિ સ્ફુરાયમાન થતી હોઇ જેનાથી ભેગો થએલો કચરો મળ નૈસર્ગિક રીતે જ પોતાના કુદરતી દ્વારો દ્વારા શરીરમાંથી બહાર ધકેલાઇ જાય.

ભારતભૂમિમાં ગામો ગામ સુંદર સંગીત શાસ્રથી ભરેલા રામાયણ, મહાભારત, સ્તોત્રો અને આખ્યાનો કથા અને વાર્તાઓ, રાસ અને દુહાઓ, સ્તુતિ અને સ્તવનો, કાવ્યો અને ભજનો, ધર્મ પ્રધાન્ય બોધદાયક, આત્મોન્નતિ સાધક, ભકિતરસ પ્રધાન, રંજન કાર્યક્રમો યોજવામાં આવતા હતા. નાચ, તાન અને ગાન સાથે આવા નિર્દોષ ધાર્મિક કાર્યક્રમો, શ્રમ મુકત થવા માટે, દુઃખો ભૂલી જવા માટે, આનંદોદધિમાં તરબોળ થવા માટે યોજવામાં આવેલ હતા. પણ જ્યારથી દેશમાં ફિલ્મક્ષેત્રના વિકૃરેલા વાતાવરણો વહેવા માંડયા છે. ત્યારથી નિર્દોષ સંગીત, રોગહર સંગીત, પરમાત્માની ભકિતનું પ્રેરક સંગીત, ભુલાવા માંડયું છે. ભકિતરસનું સ્થાન શ્રૃંગારરસમાં વહેવા માંડયું છે. ભકિતરસ રૂપી ગંગા યમુનાના શીતળ સંગમ સ્થાનના જળમાં ઝીલવાને બદલે કામ રૂપી દાહક જળમાં ઝીલવાનું શરૂ થયું છે. પરિણામે આધિ વ્યાધિ અને ઉપાધિથી સમાજ ઘેરાઈ રહ્યો છે.

કુદરતની સાનુકૂળતાથી મળેલા મધુરકંઠની જરૂરીયાત બાલ્યકાળથી જ ગોઠવાએલી છે. બાળકને ધવરાવતાં કે ઘોડીયામાં હિંચોળતાં મીઠા મધુરા સ્વરે હાલરડા ગવાતાં, બાળકનું હૈયું પ્રફુલ્લિત થતું. પાચન શકિતની સારી ખીલવણી થતી. મગજની શક્તિ, મગજના ઢેરા મગજની કરચોળીઓ વિકાસ પામતી અને બાળક બુદ્ધિશાળી બનતું.

સંગીતની અસર પ્રાણી માત્ર ઉપર થાય છે. પ્રયોગોએ સિદ્ધ કર્યું છે કે, સંગીતથી દૂધાળા જાનવરો વધારે દૂધ આપે છે. ક્રોધાગ્નિથી ભરપુર ભયંકર વિષધર પ્રાણીઓ શાંતિ પામી ડોલે છે. તોફાને ચડેલા મહા બળવાન મદોન્મત પશુ પંખીઓ પણ વશ થાય છે. શાસ્રીય સંગીત મૂળ રાગે, અસલ તાલ સાથે ભાવોલ્લાસ સાથે ઓતપ્રોત બની ગવાય તો દેવ–દેવીઓ પણ પ્રસન્ન થાય છે. શાસ્રીય સંગીત એટલે સ્વર્ગીય આનંદ.

આત્મોન્નતિ સાધવાનું સર્વ શ્રેષ્ઠ સાધન મનુષ્ય દેહ છે. અને મનુષ્યના જેવી સ્વરનળી

બીજા કોઇ પ્રાણીને હોતી નથી. માટે સ્વર નળીની રક્ષા પ્રત્યે સદાએ જાગ્રત રહેવું એ પાયાની ફરજ છે.

રસ વિનાનું કઠોર કે બરાડા પાડીને ઉંચે સાદે ગાવું કે બોલવું નહિં. ગાતી વખતે કપાળમાં કરચલીઓ ન પડે તેનું ધ્યાન રાખવું શુદ્ધ શબ્દોથી અને શાંત ચિત્તે નાકમાંથી અવાજ ન નીકળે તેમ ભાવવાહિ ગાવું. ગાતી વખતે પરમાત્માનું ચિંતવન કરવું. દારૂ માંસ મિશ્રિત દવાઓ વાપરવી નહિં. ઝેરી માદક પદાર્થો ખાવા નહિં અતિ ખાટા, અતિ તીખાં, અતિ ઠંડા, અતિ ગરમ, અભક્ષ્ય ખાણા પીણાથી વેગળા રહેવું. કારણ વાયુ પ્રકોપથી સ્વર ઘોઘરો બને છે. પિત્ત પ્રકોપે દાહ થાય છે, કફ પ્રકોપે સ્વરભંગ થાય છે. માટે સાવચેત રહેવું.

## ગળું સ્વચ્છ રાખવા માટે તથા કંઠ શુદ્ધ રાખવા માટે ઉપચારો

(૧) બાવળની છાલ પાશેર લાવી ઝીણા ઝીણા કટકા કરી બશેર પાણીમાં ઉકાળવી. અચ્છેર પાણી રહે, કપડાથી ગાળી લઇ તે નવસેકા પાણીનો કોગળો ભરી મુખ ઉંચું કરી ગળામાં ખૂબ ખખડાવવો, પછી કાઢી નાંખવો સવાર બપોર સાંજ ત્રણ વખત કોગળા કરવાથી કાકડા, ચાંદિ અને સોજો મટે છે.

(૨) કુંભારના ચાકડાની માટી લાવી કપડામાં લપેટી ગળે બાંધવાથી ગરમીના કાકડા મટે છે.

(૩) દુધ સાકર ને એલચી, વરિયાળી ને ધરાખ જો કંઠનો ખપ હોય તો, એ પાંચે વસ્તુ રાખ.

(૪) ચંપાના પાન બાળી તે રાખ લુગડે ચાળી અડધો તોલો પાણી સાથે સવાર સાંજ ફાકવી.

(૫) આમળા અને હરડે બાળી રક્ષા કરી તે ભસ્મ ઘી સાથે ચાટવાથી સ્વર ઉઘડે છે.

(૬) દાડિમાષ્ટક ચુર્ણ, દાડમની છાલ આઠ તોલા, સાકર આઠ તોલા, લીંડીપીપર, ગંઠોડા, અજમોદ, મરી, ધાણા, જીરૂ અને સુંઠ એકેક તોલો, વંશલોચન ત્રણ માસા, તજ તમાલપત્ર એલચી દાણા અને નાગકેશર દોઢ દોઢ માસો બધું ભેગું ખાંડી ચુર્ણ કરવું. કઠ રોગમાં ઉત્તમ પ્રયોગ છે.

બ્રાહ્મી, વજ, હરડેદળ, અરડુસી અને પીંપર સમભાગે ખાંડી ગોળમાં મેળવી ચાટણ કરવું. ઉપર દૂધ પીવું. કિન્નર કંઠ થાય.

(૮) હરડા બેડા આમળા, ચોથી બાવળ છાલ ગૌમુત્રમાં ગોળી કરી, ગોળી રાખો ગાલ.

(૯) ખેરસાર, જાયફળ, કંકોલ, બરાસ અને દક્ષિણી ચીકણી સોપારી પાણી સાથે વાટી ગોળી બનાવવી. સવાર સાંજ બબે ગોળી ગરમ દૂધ સાથે લેવી.

(૧૦) વાયુ પ્રકોપે સ્વરભેદમાં ઘી અને ગોળ અને ગરમ પાણી; પિત્ત પ્રકોપે દૂધ અને અરડુસી; કફના પ્રકોપે ત્રીકટુ ગૌમુત્ર સાથે. અતિ ઉત્તમ સાવ સહેલો સરળ પ્રયોગ છે.

(૧૧) સ્વર નળીના આરામ માટે મહિનામાં બન્ને અગીઆરસના દિવસે મૌન રહેવું.

(૧૨) કાવ્ય સુધારસ મધુર
અર્થભર્યા ધર્મ હેતુ કહે જેહ.
નિજ ઉપદેશે રે
રંજે લોકને, ભાંજે હૃદય સંદેહ.

ધન ધન શાસન મંડન. પૂજ્ય મુનિવરોના મુખથી મધુર અર્થથી ભરેલા ધર્મના હેતુઓનો ઉપદેશ મધુર કંઠથી કાવ્ય સુધારસ દ્વારા વ્હેતા થાય છે. ત્યારે હૃદયના સંદેહો નષ્ટ થાય છે લોકો રંજન પામે છે તો કંઠનો ઉપયોગ ધર્મની પ્રભાવના માટે કરવો એ માનવ દેહની સુંદર સાર્થકતા છે.

# વીતરાગ શાસનને પામેલાઓ પ્રત્યે.

શ્રી સુંદરલાલ ચુનીલાલ કાપડીયા એમ. એ. વડોદરા

શ્રી વીતરાગ શાસનનું વિશ્વમાં કેટ-કેટલું મહત્ત્વ છે, એ હકીકતની રજૂઆત સાથે વીતરાગ શાસનને પામેલા આત્માઓની વર્તમાનકાળે કઇ કઇ ફરજો છે, એ હકીકત આ ટુંકા લેખમાં દર્શાવાઈ છે. લેખક 'કલ્યાણ' પ્રત્યે મમતા ધરાવનારા આત્મીયભાવ રાખનારા છે. અવારનવાર તેઓ 'કલ્યાણ'માં લખે છે. તેઓ ટુંકમાં પણ સ્વસ્થશૈલીયે પોતાના વિચારો દર્શાવે છે. તેઓનો આ લેખ મનનીય છે.

## 'વીતરાગનું શાસન'

અનેક શાસનો દુનિયામાં દોર જમાવી રહ્યા છે. કોઇ શાહીવાદને નામે તો કોઈ રાષ્ટ્રવાદના નામે, કોઈ સમાજવાદને નામે તો કોઈ સામ્યવાદને નામે. પણ સરવાળે શાસન એકનું. સીધી યા આડકતરી રીતે વ્યક્તિનું જ. ભલેને તે વ્યકિત પળમાં ધૂળ ચાટતો થઈ જાય કે ફાંસીને લાકડે લટકતી બની જાય. પણ સત્તાના સિંહાસન પર હોય ત્યાં સુધી શાસન એનું. આજુ બાજુના કયાં તો રમકડા કે થોડી હો હા કરીને અંતે મોટે ભાગે સાથે ભળી જનારા.

ધર્મ શાસનો પણ અનેક પ્રકારના હોય છે. અને મોટે ભાગે વ્યક્તિના અહંમાંથી કે રાગ-દ્વેષમાંથી જન્મેલા પણ ઘણા ઘણા અને વિદ્વતાના ઘમંડમાંથી સર્જાએલા પણ ખરા. એટલેથી જ અટકતું નથી. પણ શાકત મત (કાંચળીઓ મત) જેવા શાસનો પણ અમુક પ્રદેશોમાં પગ પામેલા.

આ બધા દુન્યવી અને ધર્મ શાસનો પાછળ મોટે ભાગે સુખ, વૈભવ અને સત્તાનો હેતુ તરી આવે છે. પછી તે આ લોકનો હોય કે પરલોકનો હોય. અને તેમાંથી સત્તાની સાઠમારી જન્મે, પક્ષો રચાય, હોંસાતુંસી અને ખેંચાખેંચી થાય. અનેક વિપ્લવો જાગે અને સારાએ વિશ્વ પર આફતના ઓળા ઉતરે એ સ્વાભાવિક છે. પછી તે અણુબોમ્બ કે હાઈડ્રોજન બોમ્બના રૂપમાં હોય, ખુનામરકી લૂંટ કે લાંચરૂશ્વતના રૂપમાં હોય, અગર અત્યાચાર અનીતિ કે કે વ્યભિચારના રૂપમાં હોય. વ્યભિચાર વાણીનો પણ હોય.

આ બધી આફતો-ઉપાધિઓથી, સંકલેશ અને આક્રમણોથી બચાવનાર શાસન પણ વિશ્વના તખ્તા પર અસ્તિત્વ ધરાવતું હોવું જ જોઈએ. ભલે તે કાળને પ્રભાવે વિશેષ વ્યાપક ન પણ હોય. સામાન્ય જન માત્રની દૃષ્ટિમાં એકદમ ન પણ ચડી જતું હોય. છતાં સાચો શિષ્ટ વર્ગ જેને પીછાની શકે ઓળખી શકે, આદરી શકે અને વિશ્વ સમક્ષ તેનો નકશો મૂકી શકે એવું કોઈ મહાન અદ્‌ભુત અને અપૂર્વ શાંતિજનક શાસન હોવું જ જોઇએ. હિંસાની સામે સાચી અહિંસાને સમજાવનાર, અસત્યની સામે સત્યની વ્યાપકતા સર્જનાર, લૂંટ અને ચોરીની સામે સમર્પણ ભાવનો પાઠ પઢાવનાર. વિલાસ અને વ્યભિચાર સામે ઈંદ્રિયદમન અને બ્રહ્મચર્યના આદર્શ મુકનાર, તૃષ્ણા અને સંગ્રહખોરી સામે સંતોષ અને ત્યાગના માર્ગને આલેખનાર કોઇ વિશદ સૈદ્ધાંતિક માર્ગ હોવો ઘટે ને ?

આવા આદર્શ રાજમાર્ગને તેજ જગત સમક્ષ મૂકી શકે કે જેના અંતઃકરણમાંથી, જેના આત્મામાંથી રાગ અને દ્વેષની જડ મૂળમાંથી નાશ પામી હોય. જેનો સંમોહ અને અજ્ઞાન મૂળમાંથી ટળ્યાં હોય. જેને જ્ઞાનનો-સંપૂર્ણ અને અનંત જ્ઞાનનો પ્રકાર લાધ્યો હોય. જે વિતરાગ હોય, સર્વજ્ઞ હોય, સર્વદર્શી હોય, નિર્માયી હોય, નિઃકામી હોય. આવા શુદ્ધ વિશુદ્ધ આત્મા પરમ-આત્મા તરીકે ઓળખાય, વંદાય, પૂજાય અને ઉપાસાય એ ખબ જ સ્વા-

ભાવિક છે. અને એવા પૂર્ણ આત્માએ બતાવેલ, પ્રરૂપેલ માર્ગને, સત્યને, શાસનને પરમાત્મ શાસન યાને વીતરાગ શાસન તરીકે જ ઓળખી શકાય.

આવું અનુપમ, સનાતન સત્યોથી ભરેલું વિશ્વવત્સલ, વિશ્વશાંતિદાયક મહા શાસન કોઈ કાળે ન હોય એમ બનેજ નહિ. હતું, છે અને હશે. વિશ્વના કોઈ ને કોઈ પ્રદેશમાં એનું અસ્તિત્વ જારી જ રહે આવું મહા શાસન આજ ભારત વર્ષમાં છે કે નહિ અને છે તો કયા રૂપમાં કેવા સ્વાંગમાં એ જોવું વિચારવું જરૂરી થઇ પડે છે, કારણ કે વિશ્વનાં અસ્તિત્વનો, શાંતિનો એ આધારસ્થંભ છે, પાયો છે, ગમે તે નામ ઉપનામ તે શાસન ધરાવતું હોય પણ ત્યાં પરમાત્મભાવના, વીતરાગકક્ષાના આદર્શોનું તેજ ઝળહળે છે કે નહિ તે જોવાનું છે. રાગદ્વેષને સંપૂર્ણપણે જીતનાર જેમ વીતરાગ કહેવાય છે તેમ 'જિન' પણ કહેવાય છે. અને તેથી કરીને વીતરાગ શાસન જૈન શાસન તરીકે અને તેના ઉપાસકો, એના આદર્શોને હૈયે ધારણ કરનાર આત્માઓ જૈન કહેવાય છે.

એટલે આજે ભારતવર્ષમાં 'વીતરાગ શાસન' હયાતી ધરાવે છે એ નિશ્ચિત છે. અને ત્યાંસુધી દેખાતા વિશ્વનું અસ્તિત્વ પણ નિશ્ચિત છે અને ઓછી વત્તી કક્ષામાં વિશ્વશાંતિ પણ પ્રગટયા વિના રહેવાની નથી. પણ આવું મહા શાસન કાળના ઝપાટે જમાનાની મહાઘેરી અસર નીચે જરા પણ અસ્તવ્યસ્ત ન થાય એની કાળજી પરિપૂર્ણ હોવી ઘટે છે.

વીતરાગ શાસનના ક્રમે તેમાં મુખ્ય બે કક્ષા વિભાગો હોય છે. સંસારના સ્નેહબંધનો ફગાવી ભલા માર્ગે સંચરનાર એક વર્ગ જે સાધુ તરીકે ઓળખાય છે. અને સંસારમાં રહીને અંશતઃ ત્યાગ માર્ગનું સેવન કરનાર અને સાધુમાર્ગનો અભિલાષી વર્ગ શ્રાવક તરીકે ઓળખાય છે. સાધુના પાંચ મહાવ્રત અને છઠું રાત્રી ભોજન વિરમણ અને શ્રાવકના બાર અણુવ્રતો તેમજ પાંચ સમિતિ ત્રણ ગુપ્તિરૂપી અષ્ટ પ્રવચનમાતા ઈ. કક્ષાભેદે યોજનાબદ્ધ શુદ્ધ આચારોના પાલન ઈ ઘડતરોથી ભરેલા મહાસાગર જેવું આજ્ઞાબદ્ધ આ મહાશાસન છે

આવું આજ્ઞાબધ્ધ મહાશાસન આજે વર્તમાનકાળમાં કેવા સ્વરૂપે દૃષ્ટમાન થાય છે અને તેમાં કોઇ ક્ષતિઓ પ્રવેશ પામતી દેખાતી હોય, અને તેની ઉપેક્ષા થતી હોય તો તે કેવું ભયંકર પરિણામ સર્જાવે એ ખૂબ ખૂબ ઉંડી અને તાત્વિકતાભરી દીર્ઘ દૃષ્ટિથી વિચારવા જેવું ખરૂંને? જે શાસનમાં સાધુ સંસ્થા ઉપાસ્ય છે અને શ્રાવક સંસ્થા ઉપાસક છે. છતાં જ્યાં સુશ્રાવકોને 'અમ્મા પિયરો'ની ઉપમાથી નવાજીને એક સુંદર ઘટના સર્જી છે એવા મહાશાસનમાં સઘળીએ મુખ્ય જવાબદારી શ્રમણ સંસ્થા-સાધુ સંસ્થાના નાયકો પૂ. આચાર્ય ભગવંતો પર સ્થાપન કરાએલી છે-લદાએલી છે. પૂ. સાધુ સાધ્વી અને શ્રાવક શ્રાવિકાનો બનેલો શ્રી સંઘ તેમ જ સત્ય અને નીતિના પંથે ચાલવા ઇચ્છતા માર્ગાનુસારી આત્માઓની આત્મકલ્યાણની સઘળીએ જવાબદારી ઉપરાંત દીન-ક્ષીણ માનવીઓ પશુપક્ષી અને કીટગણ તેમ જ ઝાડપાન જેવું વનસ્પતિ જગત અને અન્ય એકેંદ્રિય જીવાત્માઓ પ્રત્યે અખંડ કારૂણ્ય ભાવ વહેતો રાખવા-રખાવવાની તેમજ વિશ્વશાંતિ જળવાઇ રહે ઈ. જવાબદારી પણ તે પુણ્યાત્માઓ પર રહેલીજ છે. આ સઘળી દૃષ્ટિ આંખ સામે રાખી 'વીતરાગ શાસન'ની ઉન્નતિ-પ્રગતિ અને ક્ષતિઓનો વિચાર કરવાનો છે.

આજની દુનિયા-આજનું ભારતવર્ષ જે માર્ગે જે પધ્ધતિએ આગેકૂચ કરવા માગે છે અને તેથી કરીને વિષમતાઓ, આર્થિક ભીષણ બેકારી, અન્ન-પાણીના ફાંફા, કુદરતી

ડોપો, લુંટફાટ, અનીતિ, અત્યાચાર, ઈત્યાદિ ખુબ જ બહોળા વ્યાપક પ્રમાણમાં વ્યાપી રહ્યા છે અને ધર્મવિમુખતા ભારોભાર જન્મી છે તેની સાથે આ મહાશાસન સમ્મત ન થાય, સહકારમાં ઉભું ન રહી શકે એ જેમ સ્વભાવિક છે, કુદરતી છે તેવી જ રીતે તે મહાશાસનના આંતરવિભાગમાં જન્મ પામી ચૂકેલ કુસંપ, અજ્ઞાન, નિમર્યાદિતા, શાસ્ત્રઉપેક્ષા, અહંમનું પોષણ, સત્યજ્ઞાન મેળવવાની તાલાવેલીનો પ્રાય: અભાવ ઈ. ભલે તે પ્રમાણમાં ઓછા હોય છતાં ખતરનાક–ભયજનક છે, નુકશાનકારક છે. અતિ નુકશાનકારક છે. અને તેથી એ વધારે તેમાં ઉત્પન્ન થએલું નિર્નાયકપણું અતિ વિકટ શુચ ઉભી કરે છે. કોણુ કોને કહે? કોણુ કોને પૂછે? કોણુ કોનું માને? છે ને જબ્બર કોયડો. શ્રાવક કહે સાધુ મહાત્મા જાણે. સાધુ મહાત્માઓ–પૂ. આચાર્યો કહે, 'ભાઇ શું કરીએ કાળનો મહિમા છે!' પણ આમ કાંઇ ચાલશે? સુશ્રાવકોએ–સુખી શ્રાવકોએ શાસ્ત્રમર્યાદાનો, શાસ્ત્રવિધાનોનો અભ્યાસ કરવા કટિબદ્ધ થવું જ પડશે. જો હૈયે મહાશાસન વસ્યું હોય. જો વિશ્વશાંતિની સાચી ઝંખના હોય. સાધુ મહાત્માઓએ હૈયાને વિશાલ બનાવવા જ પડશે. શાસ્ત્રચક્ષુ શુદ્ધરૂપમાં સાચા ભાવે ધારણ કરવા પડશે જ. જિનશાસનની વીતરાગ શાસનની મહાપુણ્યે સાંપડેલી જિનપદને બંધાવનારી ફરજો અદા કરવી હશે તો. બાકી તો જેમ જવાબદારી ઉંચી તેમ ફરજ ચૂકયાની શિક્ષા પણ અધિકેરી.

બાકી આજની સામાન્ય શિથિલતા, આચાર વિચારની અંશત: ઉપેક્ષા, છૂટાછવાયા શાસ્ત્રનિરપેક્ષવિધાનો, અને કેટલાક આંતરિક મતભેદો એ તો તેજ ક્ષણે દૂર થઈ જશે, કે જે ક્ષણે ઉપાસ્ય અને ઉપાસક વર્ગ સજાગ બની 'વીતરાગ શાસનને આંખ સામે રાખી શાસ્ત્ર સાપેક્ષ વિચારણા કરવા કટિબદ્ધ બનશે. અને આગમોક્ત દ્રવ્ય–ક્ષેત્ર, કાળ–ભાવને આંખ સામે રાખી ક્ષતિઓને ખંખેરવા સુવિશદ ચારૂબંધનો યોજશે અને ક્ષમા અને આર્જવથી ભરપુર હૈયા વડે ભૂલોને પ્રમાર્જવાની તક આપી સૌ કોઈ યોગ્યને સમાવી લેશે. અને જો આમ નહિ થાય, આવું આવું જેમ બને તેમ જલ્દીથી નહિ થાય તો અનેક અનર્થો જન્મવા પામશે. પરંતુ 'વીતરાગ શાસન'ના સાચા હૈયા ધારણ ઉપાસકો હજુ જીવતા જાગતા છે અને શાસન જયવંતુ છે એટલે જરૂરાજરૂર ઉદયકાળ નિકટમાં છે અને શાસન ફોરમ ફેલાશે અને વિશ્વને ઉદ્ધરશે.


માંગલિક શુભપ્રસંગે પ્રભાવના લાયક તેમજ પૂ. મુનિ મહારાજ સાહેબોને
તથા ભાઇ–બ્હેનોને દર્શન કરવા માટે ખાસ ઉપયોગી

આકર્ષક સુંદર બોક્ષમાં

**શ્રી સિદ્ધચક્રજી, શ્રી આદીશ્વરજી તથા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ**

પૂ. આ. શ્રી વિજય રામચંદ્રસૂરિજી મ. તથા પૂ. બુદ્ધિસાગરજી મ. નાં બોક્ષ પણ મળશે.

**બોક્ષ ૧ ની કિંમત રૂા. ત્રણ** પોષ્ટેજ અલગ

બનાવનાર : **ભાઈચંદ બી. મહેતા** ૧. દીવાનપરા, પારેખ કુંજ રાજકોટ

મળવાનાં સ્થળો : **સોમચંદ ડી. શાહ, પાલીતાણા** (સો.)

૨. **મેઘરાજ જૈન પુસ્તક ભંડાર** ગોડીજીની ચાલ ૧ લે માલે કીકાસ્ટ્રીટ **મુંબઇ**

૩ **શ્રી વર્ધમાન ઉપકરણ ભંડાર** મોતીશા જૈનદેરાસર પાંજરાપોળ **મુંબઇ ૨**

૪. **જૈન ઉપકરણ ભંડાર** કાળુપુર જૈન જ્ઞાનમંદિર **અમદાવાદ**

# સાભાર સ્વીકાર

'કલ્યાણ'માં અવલોકનાર્થે આવતાં પ્રકાશનોનું અહિં ટૂંકમાં મુદ્દાસરતું છતાં સંક્ષિપ્ત અવલોકન પ્રસિદ્ધ થાય છે. અવલોકનાર્થે આવેલ પ્રકાશનનું અવલોકન જેમ બને તેમ વિનાવિલંબે પ્રસિદ્ધ થાય તે માટે અમે શક્ય કરીએ છીએ, છતાં કયા અંકમાં પ્રસિદ્ધ થશે, તે કહી શકાય નહિ. 'કલ્યાણ'માં 'સાભાર–સ્વીકાર' વિભાગ માટે મોકલાવાનાં પ્રકાશનો નીચેના સરનામે મોકલવા વિનંતિ છે: **'કલ્યાણ પ્રકાશન મંદિર'** શીયાણી પોળ, **વઢવાણ શહેર** (સૌરાષ્ટ્ર)

⊙

**(૧) જન્મભૂમિ ખગોળસિદ્ધ સૂક્ષ્મ-નિશ્ચયન ભારતીય પંચાગઃ-**

પ્રકા. જન્મભૂમિ પ્રકાશન કાર્યાલય જન્મભૂમિ ભવન, ઘોઘા સ્ટ્રીટ મુંબઇ-૧. મૂ. ૧-૭૫ ન. પૈ.

મોટી સાઇઝના ૨૦૦ પેજ ઉપરનું આ પંચાંગ જાહેર ખબરોને બાદ કરતાં પણ પંચાંગને અંગેની તથા ફલાદેશને અંગેની અનેક ઉપયોગી માહિતિથી સભર આ પંચાંગને સર્વદેશીય તથા સર્વોપયોગી બનાવવા માટે જન્મભૂમિ પચાગ કાર્યાલય તરફથી વર્ષોથી પ્રયત્નો ચાલુ છે. એ કારણે આ પંચાંગ શુદ્ધિ તથા ભવિષ્યતાની દષ્ટિયે ઘણું ઉપયોગી છે. વિ સં. ૨૦૨૦માં કાર્તિક બે, ને માર્ગશિર્ષનો ક્ષય આવનાર છે; તેને અંગે માર્ગદર્શન આપવા પ્રયત્ન થયેલ છે. વિ. સં. ૨૦૧૮માંથનાર અષ્ટ ગ્રહ યોગ વિષે આ પંચાંગમાં અનેક દષ્ટિબિંદુ રજુ કરાયાં છે. જન્મભૂમિ પંચાંગના યોજકો સંપાદકો, આ પંચાંગને વધુને વધુ લોકભોગ્ય તથા વિદ્વદ્ભોગ્ય બનાવવા માટે સક્રિય રીતે જાગ્રત છે, એ આ પંચાંગનું અવલોકન કરતાં કહી શકાય તેમ છે.

**(૨) સત્યશોધ, લે. પ્રકા. શ્રી હરખચંદ બોથરા ૭૦ નેતાજી રોડ, કલકત્તા-૭ ક્રા. ૧૬ પેજી ૧૦૬+૪-૧૧૦ પેજ.**

પંડિત તરીકે પ્રસિદ્ધ પણ વાસ્તવિક રીતે પાંડિત્યથી દૂર-સુદૂર અપ્રજ્ઞાચક્ષુ સુખલાલજીના લેખોનો અનર્થકર સંગ્રહ 'દર્શન અને ચિંતન' કે જેમાં અદાર્શનિક વિચારણા કેવલ પોતાની સ્વચ્છંદ કલ્પના ભરેલી કરવામાં આવી છે. જે ગ્રંથમાં પાને પાને કુયુક્તિઓ પૂર્વગ્રહો તથા જૈન દર્શન પ્રત્યેના વિદ્વેષપૂર્વકની મિથ્યા માનતાઓ ઠાંસી-ઠાંસીને ભરેલી છે. જૈન ધર્મ તથા જૈન સંસ્કૃતિ તથા આધ્યાત્મિક દષ્ટિની મંગલ વિચાર ધારાઓથી દૂર-સુદૂર વિમુખ અને તેનો વિદ્રોહ કરનાર આ ગ્રંથ ખરેખર સાહિત્ય જગતની એક અસાહિત્યક કૃતિ છે. 'દર્શન અને ચિંતન'ના નામને એબ લગાડનાર આ કૃતિમાં ધર્મશાસ્ત્રો તેમાંયે જૈન સંસ્કૃતિ સામે બેઠો બળવો-ખુલ્લો વિદ્રોહ કરનારી અનેક વાતો ધીમાં ઝેરની જેમ પીરસાઇ છે. એમાંની એક એક વાતનો આજે જૈન દર્શન પ્રત્યેની નિષ્ઠાવાળા વિદ્વાન શ્રદ્ધેય બહુશ્રુત લેખકો દ્વારા પ્રતિકાર થવાની અતિ આવશ્યકતા છે. આનંદની વાત છે કે, શ્રી હરખચંદજી બોથરાજી જેવા બહુશ્રુત શાંત તથા ચિંતક લેખકની અભ્યાસી કલમદ્વારા પં. (?) સુખલાલજીના પ્રસ્તુત પુસ્તકના 'સર્વજ્ઞત્વ ઓર ઉસકા અર્થ' પ્રકરણ વિદ્વત્તાપૂર્ણ છતાં લોકભોગ્ય શૈલીથી પ્રસ્તુત પ્રકાશનમાં મનનીય આલોચના રજૂ થઇ છે. સુખલાલજીએ જે મનઘડંત બાલિશ કુતર્કો કરી સર્વજ્ઞત્વ વિષેની

જૈનદર્શનની ભવ્યતા પર કુઠારાઘાત કરવાનો જે નિષ્ફળ પ્રયત્ન કર્યો છે, તેને અંગેની સચોટ તર્કબધ્ધતાથી શાસ્ત્રીય સમાલોચના આ પુસ્તકમાં શ્રી ઓથરાજીએ કરી છે. ખરેખર પુસ્તકનું નામ 'સત્યશોધ' યથાર્થ છે. સનાતન સત્યની શોધ કરવા નીકળેલા સત્યાન્વેષી પથિકની સાધના દ્વારા થયેલી શોધ અહિં સંગૃહીત થઈ છે. પુસ્તક અનેકાનેક પ્રમાણોથી સમૃદ્ધ છે. મધુર તથા સચોટ શૈલીમાં હૃદયંગમ પદ્ધતિથી આલેખાયેલા આ પ્રકાશન પાછળ લેખકનો પરિશ્રમ તથા શ્રી જૈન સિદ્ધાંતો પ્રત્યેની અદ્‌ભુત–નિષ્ઠા, બહુશ્રુતવિદ્વતા તેમજ પ્રમાણયુકત તર્કશક્તિ ઈત્યાદિ પ્રતીત થાય છે. પુસ્તક હીંદીભાષામાં છે. ગુજરાતી ભાષામાં અનુવાદની જરૂર છે, જેથી ગુજરાતીભાષાના વાચકો પં (?) શ્રી સુખલાલજીના પોકળ પાંડિત્યને પિછાણી શકે! શ્રી હરખચંદજી ઓથરાના પરિશ્રમને અમારા અભિનંદન છે. સાથે જૈન સમાજના વિદ્વાન પૂ. મુનિવરોએ પં. (?) શ્રી સુખલાલજીના 'દર્શન અને ચિંતન' ગ્રંથો પર મર્મ–સ્પર્શી સમાલોચના કરી, નિડર સમીક્ષા કરવાની જરુર છે, એમ વિનંતિ કરવાને અમારૂં મન લલચાય છે.

(૩) લહરેં:– લે. નેમીચંદ પૂગલિઆ. પ્રકા. સહસકરણ મૂલચંદ નાહટા ઠે. નાહટાગવાડ. બીકાનેર [રાજસ્થાન] મૂ. ૧–૯૭ ન. પૈ. ક્રા. ૧૬ પેજી ૧૦૨+૮=૧૧૦ પેજ.

પાંચ ખંડદ્વારા જુદા-જુદા વિષયોપર ટૂંકી નિબંધિકાઓ સાહિત્યની ભાષામાં લેખકે અહિં રજૂ કરી છે. કૃતિ સાહિત્યક તથા કાવ્યત્વશૈલીથી સભર છે. લેખક હજુ વધુ ચિંતન-મનનપૂર્વક વિષયોના ઉંડાણમાં ઉતરી નિદિધ્યાસન રજૂ કરે તેવી લેખકની પાસે અપેક્ષા રાખીએ છીએ.

[૪] સુનહરી ૫ંક્તિયાં લે. ઉપર મુજબ પ્રકા. પૃથ્વીરાજ જંવરીમલ પૂગલીયા, ડુંગરગઢ [રાજસ્થાન] મૂ. ૭૫ ન. પૈ. ક્રા. ૧૬ પેજી ૨૦+૪=૨૪ પેજ.

જુદાં–જુદાં કાવ્યો દ્વારા હિંદી ભાષામાં વિવિધ વસ્તુઓ પર સુગેય છંદની કવિતાઓ અહિં રજૂ કરી છે. લેખકનો આત્મા કવિ છે, એટલે કાંઈને કાંઇ જૂએ છે, તે તરત અંદરનો આત્મા બોલી ઉઠે છે. હજુ લેખકે ઉંડા અન્વેષણને શબ્દ દેહ આપવાની આવશ્યક્તા છે.

(૫) **ઋષિમંડલ સ્તોત્ર** સંપા. સંશો. પૂ. મુનિરાજ શ્રી યશોવિજયજી મહારાજ પ્રકાશક: શ્રી મુકિત કમલ જૈન મોહિનમાળા વડોદરા ક્રા, ૩૨ પેજી ૪૮+૯+૧૪=૭૮ પેજ.

ઋષિમંડલ જેવા જૈનશાસનના મહાપ્રભાવક સ્તોત્રને અંગે અનેક પ્રકારના પરિશ્રમપૂર્વક સંશોધન કરેલી આ નવી આવૃત્તિ અનેક રીતે ઉપયોગી છે. ન્હાના તથા મોટા બન્ને ઋષિમંડલ સ્તોત્રો તથા તેની વિધિ તેમજ એને અંગેની અનેક ઉપયોગી વિચારણા વિદ્વાન મુનિરાજશ્રીએ અહિં કરી છે. ઋષિમંડલસ્તોત્રના શ્રદ્ધાલુ ભાવિક આત્માઓએ આ પ્રકાશનને ખાસ વસાવી લેવા જેવું છે.

(૬) કારકમાલા પ્રકા. શા લક્ષ્મીચંદ કુંવરજી ઠે. નાગડામેન્શન પ્લોટ નં. ૩૧૯ માટુંગા મુંબઈ. ૧૯ મૂ. ૨–૫૦ ન. પૈ. ક્રા. ૧૬ પેજી ૨૨૮+૧૬=૨૪૪ પેજ

પૂ. પં. શ્રી અમરચંદ્રસૂરિકૃત 'કારક વિવરણ' મહોપાધ્યાય પશુપાતકૃત 'કારક પરીક્ષા, તથા પૂ. કલિકાલ સર્વજ્ઞ આ. મ. શ્રી હેમચંદ્રસૂરિ મ. નો 'દ્વયાશ્રય મહાકાવ્ય' માંથી ઉધ્ધૃત 'કારક દ્વયાશ્રય' આ ત્રણ પ્રકરણો પર પૂ. પં. શ્રી શુભંકર વિજયજી ગણિવરકૃત 'ભદ્રંકરોધ્યા' નામની વ્યાખ્યા તથા તેમના શિષ્યરત્ન પૂ. મુનિરાજ શ્રી સૂર્યોદયવિજયજી કૃત 'પ્રભા' નામની ટીપ્પણી આ પ્રકાશનમાં સંકલિત થયેલી છે. વ્યાકરણના વિષયને સ્પષ્ટ કરતી આ વ્યાખ્યાઓ કારક પ્રકરણનો અભ્યાસ કરવા ઇચ્છનાર માટે અનેક રીતે ઉપયોગી તથા ઉપકારક બનશે, એ નિ:શંક છે.

(૭) शांति जिन महिम्न: स्तोत्रम्। વ્યાખ્યાકાર પૂ. પંન્યાસજી મ. શ્રી શુભંકરવિજયજી ગણિવર સંપા. મુનિરાજશ્રી સૂર્યોદયવિજયજી મ. પ્રકા. કોઠારી લખમીચંદ હજારીમલજી ઠે. ચિકપેટ ક્રોસ, દિવાનસુરપ્પા લેન, બેંગલોર ૨-મૂ. ૭૫ ન. પૈ. ક્રા. ૧૬ પેજી ૯૨+૪-૯૬ પેજ.

વિ. ના ૧૬ માં શતકમાં રચાયેલ શાંતિજિન મહિમા સ્તોત્ર પર વ્યાખ્યાકાર પૂ. મહારાજશ્રીએ ટીકા તથા ભાષાનુવાદ (હીંદી) રચીને અહિં મૂકેલ છે. મૂલ સ્તોત્ર ભાવવાહી છે. ટીકા તેનાં રહસ્યને સમજવા માટે ઉપકારક છે. વ્યાખ્યાકાર પૂ. મહારાજશ્રી નો પ્રયત્ન પ્રશંસનીય છે.

(૮) चौबीस तीर्थंकरोका ५२ बोलका कोष्टक સંપા, પૂ. પંન્યાસજી મ. શ્રી શુભંકરવિજયજી ગણિવર પ્રકા. અધ્યાપક પાનાચંદ ઝુંઝાભાઈ બેંગલોર મૂ. ૨૦ ન. પૈ. ક્રા. ૧૬ પેજી ૨૨ પેજ વર્તમાન અવસર્પિણી કાલના ૨૪ તીર્થંકર દેવોના માતા, પિતા આદિ તેઓની સાથે સંબંધ રાખનાર બાવન વસ્તુઓનો સંગ્રહ અહિં પ્રસિદ્ધ થયેલ છે. ન્હાની પણ આ પુસ્તિકા તીર્થંકરદેવોને અંગેની હકીકતો જાણવા માટે સારી ઉપયોગી છે. ૧૨ પેજ પછી તીર્થંકરોના નામ મૂકી દીધા છે, છતાં દરેક પેજ પર આંકડા મૂકયા હોત તો વધુ સારૂં રહેત.

(૯) लब्धि कृत्ति संदोह રચયિતા. પાઠક પ્રવર શ્રી લબ્ધિમુનિજી મહારાજ સંશો. મુનિરાજ શ્રી બુધ્ધિસાગરજીગણિ. પ્રકા. શ્રી જિનદત્તસૂરિ જ્ઞાનભંડાર ઠે. પાયુધુની મુંબઈ ક્રા. ૧૬ પેજી ૪+૯૬-૧૦૦

રચયિતા પૂ. મહારાજશ્રીની સંસ્કૃત ભાષાબધ્ધ ચૈત્યવંદન-સ્તુતિઓના કૃતિસંગ્રહ અહિં પ્રસિદ્ધ થયો છે. ગુરુસ્તુતિઓ તથા શ્રી શત્રુંજય તીર્થાધિરાજના ૧૦૮ ખમાસમણા સંસ્કૃત ભાષાબદ્ધ અહિં પ્રસિધ્ધ થયેલ છે. રચયિતા મહારાજશ્રીની વિદ્વતા અને કવિત્વ શકિત પ્રાસાદિક છે. પ્રભુભક્તિ માટેનો પરિશ્રમ અભિનંદનીય છે.

(૧૦) समास सुबोधिका પ્રકા. પ્રાધ્યાપક પુખરાજજી અમીચંદજી કોઠારી પ્રકા. શ્રી જૈન શ્રેયસ્કર-મંડળ મહેસાણા (ગુજરાત) મૂ. ૭૫ ન. પૈ. ક્રા. ૧૬ પેજી ૮૦+૧૯=૯૪ પેજ

સમાસ એ વ્યાકરણનું, શબ્દશાસ્ત્રનું મહત્ત્વનું અંગ છે. સંસ્કૃત ભાષામાં સમાસ એ વ્યાપક છે, સમાસોને અંગેની અનેક વિધ ઉપયોગી, અગત્યની તથા મહત્ત્વની બાબતોને યોજકે અહિં દરેક રીતે સ્પષ્ટતાપૂર્વક રજૂ કરેલ છે. આ પ્રકાશન સંસ્કૃત ભાષાના અભ્યાસી વર્ગને અનેક રીતે ઉપકારક બનશે એ નિઃશંક છે 'સિદ્ધાંત કૌમુદી, 'સિદ્ધહેમ શબ્દાનુશાસન' ઇત્યાદિ વ્યાકરણના મહાન ગ્રંથોની પરિભાષાને અનુકૂલ અનેક નિયમો-પ્રયોગોની ફૂલગુંથણી યોજકે અહિં કરી છે. યોજક સંપાદક પ્રાધ્યાપકનો પરિશ્રમ પ્રશંસનીય છે. જૈનસમાજમાં સંસ્કૃત ભાષાના અભ્યાસકોએ આ પ્રકાશનને વસાવી લેવા જેવું છે, ને સંસ્કૃત ભાષાના અધ્યયન-અધ્યાપનમાં આ પુસ્તકને મહત્ત્વનું સ્થાન આપવા જેવું છે.

(૧૧) निश्चय के एकांतकी मीमांसा : (નિબંધ) લે. પં. શ્રી સુરજચંદજી ડાંગીજી 'સત્યપ્રેમી.' પ્રકા. જૈનધર્મ પ્રચારક સંસ્થા પાથર્ડી (અહમદનગર) મૂ. ૫ આના ક્રા. ૩૨ પેજી ૪૮ પેજ

સોનગઢી સંપ્રદાયના કાનજીમતની ટૂંકી છતાં મર્મસ્પર્શી સમીક્ષા આ પુસ્તિકામાં પ્રગટ થઇ છે. કાનજીમતમાં શુભભાવ પુણ્યનો અપલાપ, નિમિત્તની નિરર્થકતા તથા વ્યવહારનો સર્વથા નિબંધ ઇત્યાદિ કેવલ એકાંત કદાગ્રહપૂર્વકની જે માન્યતાઓ રહેલી છે; તેનો અહિં સચોટ પ્રતિકાર ટુંકાણમાં મુદ્દાસર રીતે હીંદી ભાષામાં કરવામાં આવેલ છે. નિષ્પક્ષભાવે સોનગઢી મતના અનુયાયીઓ તથા અન્યાન્ય જિજ્ઞાસુ વર્ગ આજે વાંચે-વિચારે તો કાનજી મત વિષે રહેલો કદાગ્રહ સમજી શકાય તેમ છે, તે દષ્ટિયે લેખકનો પરિશ્રમ સ્તુત્ય છે.

(૧૨) **LORD MAHAVIR; By Muni Shri Kirtivijayji** ન્હાનીસાઇઝ ૬૪ પેજ પ્રકા. પરમાણંદ વરજીવનદાસ એન્ડ્સ રોડ, મુંબઇ ૫૪

પંન્યાસજી મહારાજશ્રી કીર્તિવિજયજી ગણિવરે મ. શ્રી મહાવીરદેવનાં જીવનને અંગેની હકીકતો ટૂંકમાં જૈનેતરોને પણ સમજી શકાય તે શૈલીયે ઈંગ્લીશ ભાષામાં સંકલિત કરેલ છે. આનુ. સંપાદન ધીરજલાલ શાહે કરેલ છે. લેખક મહારાજશ્રીનો સાહિત્ય પ્રચાર માટેનો રસ તથા પરિશ્રમ પ્રશંસનીય છે.

(૧૩) **કુલદીપક** : લે. શ્રી. સૂર્યશિશુ, પ્રકા. પ્રેમચંદ જીવણચંદ મલજી ગોળપુરા. ક્રા. ૧૬ પેજી ૨૦૪+૧૬-૨૩૦

જૈન દર્શનના કથાનુયોગ સાહિત્યમાંથી ઉધ્ધૃત કરેલી પ્રાચીન કથાને નવી શૈલીએ ભાષા ભાવને સંસ્કારીને અહિ રજૂ કરવામાં આવી છે. 'કલ્યાણ' માસિકમાં લગભગ ૨૮ હપ્તાઓ સુધી પ્રગટ થતી રહેલી આ કથા અહિં પ્રકાશિત થાય છે, તેના 'કથનીય'માં લેખક કે પ્રકાશકીયમાં પ્રકાશક તરીકે ઉલ્લેખ થવો જરૂરી હતો. લેખકશ્રીનો આ પ્રથમ પ્રયત્ન છે એ હકીતની 'કથનીય'માં તેઓ તરફથી સ્પષ્ટતા થયેલી છે. છતાં તેમનો ઉત્સાહ જરૂર આ વિષયની પ્રગતિમાં સહાયક બનશે. ભાષા તથા શૈલી આવા કથાગ્રંથોમાં સરલ તથા સચોટ હોવી આવશ્યક છે. લે. શ્રી સૂર્યશિશુનો પ્રયત્ન આવકાર પાત્ર છે.

(૧૪) **અપૂર્વ નમસ્કાર** લે. શ્રી મફતલાલ સંઘવી ઠે. રીસાલા બજાર, મુ. ડીસા (ઉ. ગુ.) મૂ. ૧ રૂા. ક્રા. ૧૬ પેજી ૧૯૨+૩૦-૨૨૨ પેજ

જૈનશાસનના સારરૂપ સર્વ મંત્ર શિરોમણિ શ્રી નવકાર મહામંત્ર પ્રાર્થના ભક્તિ ભાવ ભર્યા હૈયે શ્રી નવકાર મંત્રને પામવા માટેના ભાવનમસ્કાર વિષે ચિંતન-મનન અહિં શબ્દસ્થ થયું છે. આત્મા ભૂતકાલમાં અનંતીવાર દ્રવ્ય નમસ્કાર પામ્યો, પણ તેને ભાવનમસ્કાર પ્રાપ્ત થયો નહિ, પૂર્વે નહિ પામેલો નમસ્કાર તે 'અપૂર્વ નમસ્કાર.' નમસ્કાર અપૂર્વના પોતાના ભાવમાં, તથા પરિણતિમાં લાવવા માટે ને તેની પાત્રતા પ્રગટાવવા માટે તથા પ્રગટેલી પાત્રતા સુસ્થિર કરવા માટે આ પ્રકાશન અતિશય ઉપકારક છે : લેખકનાં હૈયામાં નમસ્કાર મહામંત્ર પ્રત્યે અપ્રતીમ ભાવ જે છલોછલ ભર્યો છે, તે આ પુસ્તક વાંચતાં સ્પષ્ટપણે જણાઇ આવે છે. શ્રી નવકાર મહામંત્ર પરનું દોઢવર્ષમાં લેખક તરફથી લખાયેલું આ ચોથું પુસ્તક છે, તે જ તેમનું તે વિષેનું ઉંડું ચિંતન-મનન તથા નિદિધ્યાસન કહી આપે છે. લેખક પાસે ભાવ તથા ભાષાનો વૈભવ સમૃદ્ધ છે.

લેખક આવાં ને આવાં જૈનદર્શનનાં મૌલિક તત્ત્વજ્ઞાનને સ્પર્શતાં ને જૈન-જૈનેતર સમાજનો ચિંતનશીલ વર્ગ હાથમાં લેતાં જ જૈનતત્વજ્ઞાન પ્રત્યે અહોભાવ ધરાવતો થાય તેવાં પ્રકાશનો પ્રસિદ્ધ કરતા રહો.

(૧૫) **જિનેંદ્ર ભક્તિ પ્યાલા** સંપા. પૂ. મુનિરાજ શ્રી જિનચંદ્ર વિજયજી મ. ક્રા. ૧૬ પેજી ૪૮ પેજ.

જિનગુણગર્ભિત સ્તવનો, ગુરૂભકિતગર્ભિત ગહુંલિઓ તથા સુવાકયોનો લઘુ સંગ્રહ અહિં સંપાદિત થયેલ છે. બાલજીવોને માટે આ સંગ્રહ ઉપયોગી છે.

[૧૬] **સ્તવન માધુરી** લે. શ્રી શાંતિલાલ શાહ પ્રકા. મેઘરાજ જૈન પુસ્તક ભંડાર મૂ. ૧। રૂા. ક્રા. ૧૬ પેજી ૯૬ પેજ.

શ્રી જિનેશ્વરદેવના ગુણગાન સાથે હૃદયની ભાવના, શ્રદ્ધાને ભકિતના તારને જોડતા આ સ્તવન સંગ્રહમાં પ્રકાશિત એકેએક સ્તવનમાં ભાવનું માધુર્ય, શબ્દોનું લાલિત્ય, તેમજ ભાષાનો ભવ્ય વૈભવ હૈયાને સ્પર્શે છે. સ્તવનોની માધુરી ઉત્તમ છે. આવાં સ્તવનો જ્યારે વાંચતા વાંચતાં પણ પ્રભુભક્તિના સુષુપ્ત ભાવોને હૈયામાં જ્યારે

જગાડે છે, તો મધુર કંઠે આલાપપૂર્વક સંગીતના સાજ સાથે જો સાંભળવામાં આવે તો જરૂર અનેક રીતે પ્રભુભક્તિમાં ઉદ્દબોધક બને તેમાં શું આશ્ચર્ય? શ્રી શાંતિલાલ શાહમાં સર્જનશકિત સ્વાભાવિક છે; શબ્દોનું પ્રભુત્વ નૈસર્ગિક છે, ભાષાનો વૈભવ સાહજિક છે. ને કંઠ સુસ્વરોને અપૂર્વ રીતે રેલાવે છે; આવા કાવ્યકાર તથા સંગીતકાર પ્રભુભકિતમાં જો ત્રિવિધયોગે જોડાઈ જાય તો ખરેખર અનેકોને પ્રભુભકિતની શાંત, નિર્મલ ભાવવાહી સરિતામાં આલ્હાદક સ્નાન કરાવી શકે. શ્રદ્ધા, સદ્દભાવ, સાત્વિકતા તથા સમર્પણ એ ભકિતમાર્ગના મહત્વના આધારસ્થંભો છે; પૂર્વકાલીન સૂરિવરો, મુનિવર્ગ તથા ભકતજનો આ જ એક આધાર-સ્થંભના ટેકે ભકિતનાવડીથી સંસારસાગરને પાર કરવા ભાગ્યશાલી બન્યા છે. સર્વ કોઇ આ સ્તવનદ્વારા શ્રદ્ધા તથા સમર્પણ ભાવને પામો!

(૧૭) **ભક્તિગીતો**; લે. ઉપર મુજબ પ્રકા. ઉપર મુજબ મૂ. ૧। રૂ। કા. ૧૬ પેજી ૯૬ પેજ

પ્રસ્તુત લેખકનો આ પ્રભુભકિત ગીતોનો સુંદર રસથાળ દ્વિતીય આવૃત્તિમાં પ્રવેશે છે. ઉપરોકત પ્રકાશન ત્રીજી આવૃત્તિમાં પ્રવેશે છે. શબ્દોનું માધુર્ય તથા ભાવનું મનોહર લાલિત્ય આ ભકિતગીતોમાં પણ ભરેલું છે. વાચકવર્ગ તથા શ્રોતાવર્ગ આવાં કથાગીતોનાં શ્રવણથી શ્રી જિનેશ્વરદેવની ભકિત પ્રત્યે સુસ્થિર બને! ભાવનામાં આલ્હાદકતા આમાં રહેલી છે! એ દષ્ટિએ આ પ્રકાશન ઉપયોગી છે. વર્તમાનકાલીન વાતાવરણની વિષમતાનાં દર્શનપૂર્વક શ્રી જિનેશ્વર દેવ પ્રત્યે હૃદયની વ્યથા ઠાલવીને અશરણ આત્માના શરણ રુપે પ્રભુને બિરદાવ્યા છે. આ પ્રકાશન દ્વારા સ્તવનો, ગીતોના સર્વ ગાયકો પ્રભુના શરણને નિષ્ઠાપૂર્વક સ્વીકારનારા બને તો લેખકનો પરિશ્રમ સફલ બને!

**(૧૮) નારકી ચિત્રાવલી**: સંયોજકઃ પૂ. મુનિરાજ શ્રી જિનેંદ્રવિજયજી મહારાજ પ્રકા. શ્રીહર્ષપુષ્પામૃત જૈનગ્રંથમાલા મુ. લાખાબાવળ. [સૌરાષ્ટ્ર] ડેમી ૮૮+૨૪-૧૧૨ પેજ મૂ. ૬-૫૦ ન. પૈ.

સારા, સ્વચ્છ આર્ટપેપરો પર ત્રિરંગી કલરોમાં નારકીની દારૂણવ્યથા દર્શાવતાં ૨૧૫ ચિત્રોનો સુંદર સંગ્રહ આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થયો છે. એકેએક ચિત્ર પાછળ તેની સમજણ, તેનું ઉદાહરણ તથા તેનાં કારણો સ્પષ્ટ રીતે રજૂ થયેલ છે. એકંદરે આ પ્રકાશન આજના યુગમાં વધતા પાપાચારો તથા તેના પ્રત્યેની ઘટતી જતી ઘૃણા કે પાપપ્રત્યે નિર્ભયતા, નઠોરતા ને ધર્માચરણો પ્રત્યેનો અણગમો ઈત્યાદિ દુષ્ટતત્વોની સામે 'જાગતા રે'જો' નો લાલ સિગ્નલ ધરે છે. આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થયેલ સચિત્ર બધી હકીકતો સંસારના અનેક દારુણ તથા સામાન્ય પાપોને મનનાં કિલષ્ટ પરિણામોથી આત્મા જે રીતે બાંધે છે. તે સમજાવવાપૂર્વક વાચકવર્ગના માનસપટ પર પાપોનો ભય તથા ઘણા ઉત્પન્ન કરવામાં અનેક રીતે ઉપયોગી તેમજ ઉપકારક છે. એકેએક ચિત્રની સમજણ ગુજરાતીમાં રજૂ કરીને આ પ્રકાશનની ઉપયોગિતામાં સંયોજક તથા સંપાદક પૂ. મુનિરાજશ્રીએ ઓર વધારો કર્યો છે. આવું અદ્વિતીય પ્રકાશન આ રીતે પ્રસિદ્ધિને પામે છે. તેથી જરુર તેઓ અભિનંદનના અધિકારી છે. આ પ્રકાશનમાંનું એકેએક ચિત્ર અસરકારક છે. એકંદરે આ પ્રકાશન પૂર્વે આ વિષયના પ્રસિદ્ધ થયેલ પ્રકાશન કરતાં અદ્વિતીય તથા અનુપમ છે. પ્રત્યેક જૈન કે જૈનેતર આસ્તિકના ઘરમાં આ પ્રકાશન હોવું આવશ્યક છે. જેથી આજના વધતા જતાં સ્વચ્છંદાચાર, નાસ્તિકતા તથા જડવાદના વાતાવરણની વચ્ચે આત્માને પાપભય, આસ્તિકતા તેમજ સંયમમાં પ્રેરણા પ્રાપ્ત થાય. સર્વ કોઇ આ પ્રકાશનના ઉદ્દેશને સમજી પાપકર્મનાં દારુણાબંધોથી પોતાની જાતને દૂર સુદૂર રાખવા પ્રયત્નશીલ બને એમ આપણે જરુર ઈચ્છીએ! આવાં સર્વ સુંદર પ્રકાશન પાછળ પ્રેરક, સંયોજક, સંપાદક

તથા સહાયક સર્વકોઈનો તે પરિશ્રમ જરુર સફલ બને !

[૧૯] વર્ધમાન વિદ્યા ગણિપદ્દક:–પ્રેરક: પૂ. પ્રવર્તક મુનિરાજ શ્રી ચંદ્રવિજયજી મહારાજ: પ્રાપ્તિસ્થાન: બી. પી. શાહ ઠે. સરસપુર વાસણુ શેરી જૈન ઉપાશ્રય અમદાવાદ–૨

શ્રી વર્ધમાન વિદ્યાનો પટ રેશમી કપડમાં સુંદર રીતે એક કલરમાં છાપેલો છે. જે વર્ધમાનવિદ્યાનો જાપ કરનારને વિધિપૂર્વક પ્રતિષ્ઠિત કરાવ્યા પછી ઉપયોગી બને તેમ છે. આ પટ્ટક તથા શ્રી સિદ્ધચક્રભગવંતનો અને શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનો એક કલરનો બ્લોક ફોટો ઉપરોકત પ્રાપ્તિસ્થાને સુશ્રાવક દ્વારા બે રૂા. [પોષ્ટેજ]થી મોકલવામાં આવશે તો તેમને મોકલાવાશે પણ જેમને માટે મંગાવાય છે, તેઓ પૂ આચાર્ય મહારાજ, પૂ. ઉપાધ્યાયજી મહારાજ કે પૂ. પંન્યાસજી મહારાજ શ્રી હોય તો તેમને જ મોકલાવાશે. સં.

## રીપોર્ટ

[૧] શ્રી જૈનશ્વેતાંબર મૂ. પૂ. મુમુક્ષુ શાંતિનિકેતન – પાલીતાણા દ્વિતીય-તૃતીય વર્ષનો (વિ. સં. ૨૦૧૫ થી ૨૦૧૬ સુધીનો) અહેવાલ.

(૨) શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુલ પાલીતાણા ૪૩ મો વાર્ષિક વૃત્તાંત

(૩) શ્રી જૈન ધાર્મિક શિક્ષણ મંડળ ભાવનગર, ચતુર્થ વાર્ષિક અહેવાલ

(૪) શ્રી વર્ધમાન આયંબિલ તપ ખાતું, મોરબી સં. ૨૦૧૬ના શ્રાવણ શુદી ૧ થી ૨૦૧૭ ના અષાડ વ: ૦)) સુધી તેર માસનો ૧૮ મા વર્ષનો રીપોર્ટ.

નીચેનાં પ્રકાશનો અવલોકનાર્થે મળ્યાં છે, જેનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે. (૧) **સ્વાધ્યાય સૌરભ** પ્રેરક સાધ્વીશ્રીજી દર્શન શ્રીજી પ્રકા. શ્રી જૈનસાહિત્ય પ્રચારિણી સભા પાલીતાણા (૨) **જિનગુણમહિમા** પ્રે. પૂ. પંન્યાસજી મ. શ્રી મહિમાવિજયજી મ. પ્રકા. જૈન શ્વે. મૂ. સંઘ મુ. દધાલીયા [૩] **વિચારસૌરભ** લે. પૂ. પંન્યાસજી મ. શ્રી પ્રવીણવિજયજી ગણિવર પ્રકા. મહેતા કાંતિલાલ રાયચંદભાઈ મુ. સાણંદ (૪) આધ્યાત્મિક વિચાર સંગ્રહ : પ્રકા. શેઠ તેજમલ લક્ષ્મીચંદ ભંડારીચોકી પોલ મુ. પો. જૈનારણ (જોધપુર) તા. ૫–૧૦–૬૧


તમારી કિંમતી ફાઉન્ટનપેનનું આયુષ્ય લંબાવતી ઉત્તમ શાહી

**હ રિ હ ર**

ફ્લ્યુડ : કિંમતી પેન માટે ઉત્તમ છે.

શાહી : લખવા માટે સુંદર છે.

મુંદર : ઓફીસ વપરાશમાં કરકસરવાળો છે

દરેક વેપારીને ત્યાં મળશે.

એજન્ટો તથા સ્ટોકીસ્ટો જોઇએ છે.

બનાવનાર : હરિહર રીસર્ચ વર્કસ

૬૦ માંડવી પોળ, અમદાવાદ.

યક્ષરાટ્ ઇષ્ટપ્રાપ્તિ યંત્ર

શ્રી ઘંટાકર્ણ મહાવીર

ત્રિરંગી ચિત્ર ૭½"×૧૦"

પોસ્ટેજ સાથે ૨૫ ન. પૈસા

કિંમત ૫૦ ન. પૈસા

આધિ–વ્યાધિ–ઉપાધિ તાત્કાલિક દૂર કરવા જાતેજ ચમત્કાર અનુભવી લો

શ્રી મેઘરાજ જૈન પુસ્તક ભંડાર

બુક સેલર્સ અને પબ્લીશર્સ

ગીરા સ્ટ્રીટ-ગોડીજી ચાલ-મુંબઈ ૨.

# ધાર્મિક અને સખાવતી ટ્રસ્ટોની આવકપર લદાયેલો વેરો કોઈપણ રીતે કલ્યણમાર્ગી નથી.

# મુંબઈમાં ઉઠાવવામાં આવેલો ભારે વિરોધ.

ભારતની મધ્યસ્થ સરકારે લોકસભાના સભ્યોને વિચાર કરવાને પૂરતો સમય આપ્યા વિના કેવલ બહુમતિના જોરે દેશના લાખ્ખો લોકોના હિતને અસર કરતા એવા એક નવા ખરડાને કેવલ કોંગ્રેસ પક્ષના સભ્યોની આંગળીઓને ઉંચી કરાવીને પસાર કરાવી દીધો છે. જે ખરડાનું નામ છે; 'ઇન્કમટેક્ષ બીલ ૧૯૬૧' આ ખરડો અમલમાં આવ્યા પછી 'જે કોઇ ટ્રસ્ટો ઉભા થશે તેમને પોતાની આવકમાંથી ૩૦ ટકા જેટલી રકમ ઇન્કમટેક્ષ તથા સુપરટેક્ષના નામે સરકારને આપવાની રહેશે. તેમજ આ કાયદો અમલમાં આવ્યા પછી 'ધાર્મિક તથા સખાવતી ટ્રસ્ટોને જે આવક થાય તે રકમ આવકવેરાને પાત્ર થશે.' તદુપરાંત આ ખરડામાં 'મંદિર, મસ્જીદ કે અન્ય કોમી સખાવતોમાં રૂા. ૧૦ હજારથી વધુ રકમ ભેગી નહિ કરવાની જોગવાઇ છે.' આ રીતે આ ખરડો ધાર્મિક તથા સખાવતી ટ્રસ્ટો પર હસ્તક્ષેપ કરી, ટેકસો નાંખીને ભારતની પ્રજાના ધાર્મિક તથા સામાજિક સ્વાતંત્ર્ય પર અનુચિત હસ્તક્ષેપ કરે છે.

ભારતની કોંગ્રેસ સત્તા વારે-તહેવારે એમ પોકાર કરે છે કે, ટ્રસ્ટએકટના ખરડાઓથી વહિવટની વ્યવસ્થા પ્રામાણિકપણે થાય છે કે નહિ? તે માટે સરકાર હિતદૃષ્ટિ રાખે છે: પણ ભારતમાં આવેલી ને સત્તા ભોગવી ચૂકેલી કોઇ પણ સરકારે જે રીતે પ્રજાની ધાર્મિક કે સામાજિક મિલક્તોપર ટેકસો લીધા નથી કે હસ્તક્ષેપ કરેલ નથી. તે એક આ સત્તા વિશેષ કરે છે. આજ ભારતમાં ચુંટણીના વાજાં વાગી રહ્યા છે. તેવા અવસરે ભારતની ડાહી તથા શાણી પ્રજાએ કોંગ્રેસી તંત્રની આવી ધાર્મિક તથા સખાવતી મિલક્તો પર ટેકસો નાંખી બધેયથી પૈસા ભેગા કરવાની નીતિ સામે પોતાનો જાહેર વિરોધ નોંધાવવો જોઇએ.

મુંબઇ ખાતે આ ખરડાનો જાહેર વિરોધ કરવા ને આ ખરડાને અંગે જનમતને કેળવવાના હેતુથી એક જાહેર સભા યોજવામાં આવેલ હતી. જેમાં પારસી, મુસ્લીમ, હિંદુ આદિ ભાઇઓએ પોતાનો વિરોધ વ્યકત કરવા હાજરી આપેલ હતી. જૈનસમાજે પણ આળસને ખંખેરીને તથા ખોટી શરમાશરમીને તિલાંજલિ આપીને કોંગ્રેસ સરકારના આવા વિઘાતક ખરડાની સામે જોર-શોરથી પોતાનો સક્રિયપણે વિરોધ નોંધાવવો ઘટે છે.

મુંબઇ ખાતે આ ખરડાનો વિરોધ કરવા 'સ્ટેંડીંગ કમિટિ ઓફ પબ્લિક ટ્રસ્ટસ' ના ઉપક્રમે યોજાયેલ જાહેર વિરોધ સભાનો અહેવાલ 'મુંબઈ સમાચાર'માં જે પ્રસિધ્ધ થયેલ છે; તે અહિં 'કલ્યાણ'ના વાચકોની સમક્ષ અમે રજૂ કરીએ છીએ. સં.

મુંબઇ. તા. ૨૭ મી સપ્ટેમ્બર

'ભારતમાં પારસી, જૈન, હિંદુ, મેમણ, વોરા, ખોજા, ખ્રિસ્તીઓ વગેરે જુદીજુદી કોમો અને જ્ઞાતિઓના સંખ્યાબંધ ટ્રસ્ટો આજે હૈયાતી ધરાવે છે. આમાંથી આશરે ૮૦થી ૯૦ ટકા ટ્રસ્ટો ધાર્મિક અને સખાવતી કોમી ટ્રસ્ટો જ છે. અસહાય સ્થિતિમાં કેળવણી માટે ટળવળતા બાળકોને મફત કેળવણી, મુશ્કેલીભર્યા સંજોગો વચ્ચે દવા વિના બેસી રહેતા દર્દીઓને તબીબી સહાય, લાચાર બનેલા કુટુંબોને ઉભા થવાની તક અને કયારેક તો એકફનને કફનની સહાય આવા ટ્રસ્ટો તરફથી આપવામાં આવે છે. સમાજ કલ્યાણના સાધન તરીકે આવા ટ્રસ્ટો પર વિપ-

રીત અસર કરે એવો કોઈપણ જાતનો સરકારી વેરો હમણાં સુધી ઉઘરાવવામાં આવતો ન હતો. તાજેતરમાં જ ભારત સરકારે તા. ૨૪મી એપ્રીલ, ૧૯૬૧ના રોજ "ઇન્કમ-ટેક્ષ બીલ, ૧૯૬૧"ના શિર્ષક હેઠળ લોકસભામાં એક નવો ખરડો પેશ કર્યો હતો. ઇન્કમટેક્ષ અને સુપર-ટેક્ષ અંગેના કાયદાની જોગવાઇમાં સુધારો સૂચવતો આ ખરડો ધાર્મિક અને સખાવતી જાહેર—ટ્રસ્ટોના હિતોને સીધી રીતે અસરકર્તા હતો. મુંબઇના જાહેર ટ્રસ્ટોના મંડળની સ્ટેન્ડીંગ કમિટીએ પોતાની મુશ્કેલીઓ અને ભાવિ ભયસ્થાનોની રજુઆત માટે ભારત સરકાર નિર્મિત "સીલેક્ટ કમિટી" સમક્ષ પોતાનું પ્રતિનિધિ મંડળ મોકલ્યું હતું. લોકસભામાં પણ આ ખરડાની જાહેર ટ્રસ્ટોને અસર કરતી જોગવાઈઓ સામે અવાજ ઉઠાવવામાં આવ્યો હતો. કમભાગ્યે આ બધી બાબતો તરફ સરકારે આંખ આડા કાન કર્યા અને લોકોના વિરોધ વચ્ચે પણ તે પસાર કરી દીધો. આ એક અતિ ગંભીર બાબત છે અને મંદિર, મસ્જીદ, ગુરૂદ્વારા, દેવળો, જાહેર કોમી સંસ્થાઓ અને ટ્રસ્ટો ઉપર તે વિપરીત અસર કરશે.

આ મતલબનું વક્તવ્ય મુંબઈની સ્ટેંડીંગ કમિટી ઓફ પબ્લીક ટ્રસ્ટસ તરફથી જુદા જુદા ધાર્મિક તથા સખાવતી કોમી—ટ્રસ્ટોને અસરકર્તા એવાં ઉપરોક્ત ખરડા સામે વિરોધ દર્શાવવા અને જનમત કેળવવાના હેતુથી કમિટીના ચેરમેન સર કાવસજી જહાંગીરે આજે અત્રે કર્યું હતું.

અત્રેની જે. જે. સ્કૂલ બીલ્ડીંગ ખાતે પત્રકારો, જુદા જુદા ટ્રસ્ટોના મોવડીઓ અને સામાજીક હિતની પ્રવૃત્તિમાં રસ લેતા નાગરિકો સમક્ષ તેમણે નવા કાયદાની કલમો ૧૧, ૧૨ અને ૧૩ અંગે સ્પષ્ટતા કરી હતી અને જણાવ્યું હતું કે, 'ભારતમાં પહેલી જ વાર ધાર્મિક અને સખાવતી કોમી-ટ્રસ્ટો ઇન્કમટેક્ષ અને સુપરટેક્ષના મુખમાં હોમાય છે અને મંદિરો, મસ્જીદો, ગુરૂદ્વારા કે દેવળોના પુનરોદ્ધાર કે સમારકામની બાબત પર સીધી અસર કરે છે. સીલેક્ટ કમિટીના રીપોર્ટની રજુઆત તથા લોકસભામાં ટૂંક સમયમાં એ પસાર કરી દેવાની સરકારી પદ્ધતિ અંગે સર કાવસજી જહાંગીરે પોતાનાં વક્તવ્યમાં અસંતોષ વ્યક્ત કર્યો હતો અને ભારતભરનો લોકમત કેળવવાની જરૂરિયાત પર ભાર મૂકયો હતો.

## શ્રી નૌશીર ભરૂચા

ટ્રસ્ટોને લગતા આ ખરડામાં ઉંડા ઉતરનાર અને લોકસભામાં આ ખરડા સામે અવાજ ઉઠાવનાર સ્વતંત્ર સભ્ય શ્રી નૌશીર ભરૂચાએ આ ખરડાની કલમ ૧૧, ૧૨ અને ૧૩ અંગે વિસ્તૃત ખ્યાલ આપીને જણાવ્યું હતું કે, 'આ ખરડો અમલમાં આવ્યા પછી જે કોઈ ટ્રસ્ટો ઉભા થશે તેમને પોતાની આવકમાંથી ૩૦ ટકા જેટલી રકમ ઇન્કમટેક્ષ અને સુપરટેક્ષના નામે સરકારને આપવાની રહેશે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, 'લોકસભામાં પ્રથમ વાંચન દરમ્યાન જે કલમ સભ્યો સમક્ષ પેશ કરવામાં આવી ન હતી તે કમિટી કક્ષાની ચર્ચા દરમ્યાન સીલેકટ કમીટીએ ઘુસાડી દીધી હતી અને સભ્યોને એથી ખૂબ આશ્ચર્ય થયું હતું. મોટેભાગે આવું કયારેય બનતું નથી. એ ઉપરાંત લોકસભામાં અમુક ખરડાઓ સભ્યોને અભ્યાસ કરવાનો પુરો વખત આપ્યા વિના ઓચિંતા રજુ કરવામાં આવે છે અને જુજ સમયમાં પસાર કરી દેવામાં આવે છે એવી ફરિયાદ રજુ કરીને તેમણે ઉમેર્યું હતું કે,— 'ટ્રસ્ટોને લાગતા વળગતા અને દેશના લાખો લોકોના હિતને અસર કરતાં એવા આ નવા ખરડાને પણ બહુ જુજ સમયમાં પસાર કરી દેવામાં આવ્યો છે એમ મારે કહેવું જોઈએ.'

તેમણે વધુ સ્પષ્ટતાં કરતાં કહ્યું હતું કે 'ઉપર જણાવ્યા મુજબનું એક મોટું ટ્રસ્ટ બીજા તેવાજ

ટ્રસ્ટને અમુક નાણાંની કે બીજી સહાય કરે તો એ સહાય મેળવનાર ટ્રસ્ટને તે રકમ પર આવકવેરો ભરવો પડશે.

તેમણે જણાવ્યું હતું કે, 'આ બધી બાબતો ગંભીર પ્રકારની છે. વાસ્તવમાં આવકવેરાની **આ નવી જોગવાઇઓ ટ્રસ્ટોની આવક પર વેરો નાંખતી નથી પરતુ તે ભારતીય લોકોના પ્રત્યેક ધર્મ પર વેરો નાંખે છે અને સખાવતો પર વેરો નાંખે છે. સમાજ કલ્યાણની પ્રવૃત્તિઓને એનાથી અત્યંત સહન કરવું પડશે.**

## કમિટીના મંત્રી શ્રી દેસાઈ

આજની બેઠકમાં મુંબઇના પબ્લીક ટ્રસ્ટની સ્ટેન્ડીંગ કમિટીના મંત્રી શ્રી દેશાઇએ કમિટી તરફથી ઉપરોકત ખરડાના વિરોધમાં કરેલી કાર્યવાહીનો ખ્યાલ આપ્યો હતો અને જણાવ્યું હતું કે ભારતના રાષ્ટ્રપતિ તથા વડા પ્રધાનને આ અંગે તાર કરવામાં આવ્યા છે. હજુસુધી આ તારોનો જવાબ મલ્યો નથી.

## શ્રી બી. એન. બનાજી

અત્રેની પારસી પંચાયતના એક ટ્રસ્ટી અને ધારાશાસ્ત્રી શ્રી બી. એ. બનાજીએ આ ખરડાના કાનુની પાસાંઓ સમજાવ્યાં હતાં અને કહ્યું હતું કે, 'ભારતના નાગરિકોને ધર્મ વગેરેની બાબતમાં જે મૂળભુત બંધારણીય હકકો આપવામા આવ્યા છે, તે સાથે આ નવી જોગવાઇઓ સુસંગત છે કે કેમ, તે વિષે અમે વિચારીએ છીએ. યોગ્ય સમયે આ કલમો સામે અદાલતમાં પડકાર ફેંકવાની અમારી ગણત્રી છે.'

તેમણે સ્પષ્ટતા કરી હતી કે 'હાલના ટ્રસ્ટો પર આ ધારો સીધી અસર કરતો નથી પણ હવે પછી આ ટ્રસ્ટોને જે 'ચેરીટી' મળે કે જે આવક થાય તે આવકવેરાને પાત્ર ઠરશે. આ કાયદો ૧લી એપ્રિલ ૧૯૬૨માં અમલમાં આવશે. તોપણ ૧લી એપ્રિલ ૧૯૬૧થી ટ્રસ્ટોને આવકવેરો ભરવાનો થશે એવી જોગવાઇ આ કાયદામાં છે. તેમણે એ સમયથી જ જુદા નવા હિસાબ અને નવા ચોપડા તૈયાર કરવાની અન્ય ટ્રસ્ટોને સલાહ આપી હતી.'

નવા સરકારી ખરડામાં મંદિર-મસ્જીદ કે અન્ય કોમી જાહેર સંસ્થાની આવક રૂા ૧૦,૦૦૦ થી વધુ ભેગી નહિ કરવાની જોગવાઈ છે. એથી ઉપર જતી આવક પર "વેરો" લેવામાં આવશે.

શ્રી બનાજીએ જણાવ્યું હતું કે ' આવા મકાનોના રીપેરીંગ કે નવ ઘડતર માટે સ્વાભાવિક રીતે જ વધુ નાણાં જોઈએ, જે રૂા. ૧૦,૦૦૦ થી વધારે થાય. સરકારી કાયદો આવતાં હવે એ અંગે ભારે મુશ્કેલી જાગશે.

ટ્રસ્ટના વિરોધનો સરકાર તરફથી જવાબ નહીં મળે અને યોગ્ય રાહત નહીં અપાય તો તેના તરફથી કંઇ ચોકકસ પગલાં ભરવામાં આવશે? એવા સવાલના જવાબમાં શ્રી નૌશીર ભરૂચાએ જણાવ્યું હતું કે, એવાં પગલાં વિષે અમે વિચાર કરવાના છીએ. આ બાબતમાં રાષ્ટ્રપતિ સમક્ષ રૂબરૂ જવા અંગે પણ કમિટી વિચાર કરી રહી છે. મુંબઇની એકેએક કોમના ટ્રસ્ટોના પ્રતિનિધિ સમી આ સ્ટેડીંગ કમિટી હવે ભારત વ્યાપી પ્રવૃત્તિ હાથ ધરવાની છે. અને ભારતભરના લોકોને આ બાબત અંગે જાગૃત થવા હાકલ કરવાની છે.

ટ્રસ્ટી-મંડળનો વિરોધ નવા ધારાની કલમ ૧૩ સામે એટલે કે પ્રથમ વાર લાદવામાં આવતાં વેરાના સિદ્ધાન્ત સામે છે.

ભારતમાં માત્ર પારસી કોમના જ હજારથી સવા હજાર જાહેર સંસ્થાઓ અને ટ્રસ્ટો છે જેમાં આશરે ૫૭ કરોડ રૂપિયાનો વહીવટ ચાલે છે. કહેવાય છે કે, જૈનો-હિંદુઓ-મુસ્લીમો-વોરાઓ ખોજા વગેરે મળીને ભારતમાં અબજો રૂપિયાની રકમ આવા "ટ્રસ્ટો"ની થવા જાય તેમ છે.

# સમાચાર સાર

## પર્વાધિરાજ શ્રી પર્યુષણા મહાપર્વની ઠેરઠેર થયેલી ભવ્ય ઉજવણી

**ગ**તાંક પર્વાધિરાજના દિવસોમાં જ તૈયાર કરવાનો હોવાથી તેમાં પર્વાધિરાજની આરાધનાના સમાચાર અમે પ્રસિદ્ધ કરી શકયા ન હતા. અમારા પર પર્વાધિરાજની ઉજવણીના આવેલા સમાચાર આ અંકમાં અમે પ્રસિદ્ધ કરીએ છીએ! 'કલ્યાણ' પ્રત્યેના આત્મીયભાવે જેઓએ અમારા પર સમાચારો મોકલાવેલ છે, તે સર્વ સમાચારનો ભાવ જાળવીને અમે માસિકની મર્યાદામાં સમાઇ શકે તે રીતે સર્વ સમાચારોને સ્થાન આપવા પ્રયત્ન કરેલ છે. પર્વાધિરાજની આરાધના નિમિત્તે જ્યાં જ્યાં ધર્મારાધના, તપશ્ચર્યા તથા શાસનપ્રભાવના થયેલ છે, તે શ્રી જિનશાસનાનુસાર થયેલ તે બધાયે ધર્મકાર્યોની અમે અનુમોદના કરીએ છીએ.

**અંજાર** : પૂ. પં. મ. શ્રી કનકવિજયજીગણિવરશ્રી તથા પૂ. મુનિરાજશ્રી મહિમાવિજયજી મ.ની શુભ નિશ્રામાં પર્યુષણા પર્વની આરાધના સુંદર ઉજવાયેલ. ૬૪ પ્રહરી પૌષધો ૬ વર્ષથી માંડી ૭૬ વર્ષના ભાઇ-બહેનોએ કરેલ જે ૬૫ની સંખ્યા થયેલ. અંજાર શહેરમાં જે રેકર્ડ રૂપ થયેલ. તપશ્ચર્યા સારી થયેલ. પૌષધવાળાઓની ભક્તિ નિમિત્તે એકાસણાઓ સંઘવી પદમશી પ્રાગજી તથા વોરા ભગવાનજી માવજી તરફથી થયેલ. પર્વાધિરાજનાં કર્તવ્યો પર પૂ. મહારાજશ્રી સચોટ વ્યાખ્યાનો આપતા. એકંદરે લોકોમાં ઉત્સાહ અપાર હતો. વ્યાખ્યાનોમાં માનવમેદની ચિકાર રહેતી. દેવદ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય, સાધારણ ખાતુ ઇત્યાદિમાં ૧૪૦૦ મણ લગભગ ઘીની ઉપજ થયેલ. સાધારણ ટીપ ૧૦૦૦ રૂા.ની થયેલ. સંવત્સરી પ્રતિક્રમણ બધાયે કચ્છના ભાઇઓએ પૂ. મહારાજશ્રીની નિશ્રામાં કર્યું હતું. પૌષધવાળાઓના તથા અઠ્ઠમથી માંડી બધા તપસ્વીઓના પારણા ડૉ. ઉમરશીભાઇ પુનશી તરફથી સવાર-બપોરના થયેલ. રથયાત્રાનો વરઘોડો શાનદાર ચઢેલ ભદ્રેશ્વરથી રથ આવેલ, ગાંધીધામથી બેન્ડ આવેલ, તપસ્વીઓ તથા પૌષધવાળાઓનો સન્માન સમારંભ યોજાયેલ. જુદી જુદી થઇને સંખ્યાબંધ પ્રભાવનાઓ થયેલ સાંજે સમસ્ત જૈન સમાજનું નવકારશી જમણ થયેલ અંજાર ખાતે અભૂતપૂર્વ પર્વાધિરાજની ઉજવણી થયેલ છે.

**પાલીતાણા**-અત્રે આરીસાભુવનમાં પૂ. પં. શ્રી પ્રવીણવિજયજી મ. પૂ. પં. શ્રી મહિમાવિજયજી મ. તથા પૂ. પં. શ્રી મૃગાંકવિજયજી મ. આદિની નિશ્રામાં પર્યુષણ પર્વની ભવ્ય ઉજવણી થયેલ. અઠ્ઠાઇધરના લગભગ ૭૫ પૌષધ થયા હતાં, અક્ષયનિધિતપમાં લગભગ ૪૦ પુરુષો જોડાયા હતાં. ચોસઠ પ્રહરી પૌષધ ૬૦ જેટલા થયા હતાં. મહાવીર ભગવાનના જન્મ દિવસે સ્વપ્નાદિના ઘીની બોલી લગભગ ૨૦૦ મણ થઇ હતી. સાધારણ ખાતામાં પણ સારો એવો ફાળો થયો હતો. બારસાસૂત્ર વહોરાવવાનો લાભ રૂા ૫૦૧ બોલી વડાલીના શ્રી મણિલાલ કાળીદાસ મહેતાએ લીધેલ હતો. આઠે દિવસ પ્રભુજીને આંગી ખૂબ જ સુંદર કરવામાં આવેલ. ચૈત્યપરિપાટીનો વરઘોડો ચતુર્વિધ સંઘ સાથે ધામધૂમથી નીકળ્યો હતો. સંવત્સરી પ્રતિક્રમણ ખૂબ જ ઉત્સાહથી થયેલ અને પ્રતિક્રમણ બાદ શ્રીફળની પ્રભાવના કરવામાં આવેલ. ભા. સુ. ૬ના ભવ્ય વરઘોડો કાઢવામાં આવ્યો હતો.

**મહુવા**-પૂ. મુ. શ્રી રંજનવિજયજી મ. ની નિશ્રામાં પર્યુષણ સારી રીતે ઉજવાયા હતાં. આઠે દિવસ વ્યાખ્યાન, ભવ્ય આંગી તથા ભાવના ભાવવામાં આવતી ભા. શુ. ૫નો વરઘોડો નીકળ્યો હતો.

ચાર વખત સાધર્મિક વાત્સલ્ય થયેલ. તપસ્વીઓની સંખ્યા ૨૦૦ ઉપરાંત થયેલ. ૫૧ વરસીતપના તપસ્વીઓ પણ થયા છે.

**બોડેલી**–પૂ. મુ. શ્રી જિનભદ્રવિજયજી મ. તથા પૂ. મુ. શ્રી ઓંમકારવિજયજી મ. ની નિશ્રામાં પર્યુષણા પર્વ દરમ્યાન ખૂબ તપશ્ચર્યા અને આરાધના થયેલ. તેમાં પૂ. મુ. શ્રી ઓંમકારવિ. મ. ની માસખમણની તપશ્ચર્યા ખાસ ધ્યાન ખેંચે છે. સત્તર જણાએ અઠ્ઠાઇ કરેલ તેમજ બીજી ઘણી તપશ્ચર્યા થયેલ. અત્રે ક્ષત્રિય ભાઇઓમાં ધર્મની ભાવના દિનપ્રતિદિન વધતી જાય છે. જે અનુમોદનીય છે.

**બોટાદ**–પૂ. આ. દેવશ્રી વિજયસમુદ્રસૂરિજી મ. ચાતુર્માસાર્થે બિરાજે છે. પર્યુષણાપર્વ ધામધૂમથી ઉજવાયેલ હતાં પર્યુષણાના પ્રથમ દિવસે બધાએ વ્રત નિયમ લીધેલ. અક્ષયનિધિતપની આરાધના ઉત્સાહપૂર્વક થયેલ. પર્યુષણાના દિવસો દરમ્યાન જૈન તેમજ જૈનેતરોએ સારો લાભ લીધેલ હતો.

**લસુંદ્રા**– અત્રે પર્યુષણાપર્વની આનંદપૂર્વક આરાધના થયેલ છે. આઠે દિવસ ભાવના, પ્રભુની અંગ રચના, રોશની વિ. થઇ હતી.

**જામનગર**-દેવબાગ ઉપાશ્રયમાં બિરાજતા મુનિ. શ્રી ભદ્રંકરવિજયજી મ. (ડહેલાવાળા)ની નિશ્રામાં પર્યુષણાપર્વ સારી રીતે ઉજવાયેલ. સુપન તથા સાધારણ ખાતામાં સારી આવક થયેલ છે.

**વડગામ**–પૂ. મુ. શ્રી સ્વયંપ્રભવિજયજી મ.ની નિશ્રામાં પર્યુષણાપર્વ ભવ્ય રીતે ઉજવવામાં આવેલ. જૈનોના ફક્ત ૨૦ ઘર હોવા છતાં ૩૯ અઠ્ઠાઇ થયેલ અક્ષયનિધિ તપમાં જૈનેતરભાઇઓ પણ જોડાયેલ. ઉછામણી લગભગ રૂા. ૭૦૦૦ જેટલી થયેલ.

**ભરૂચ**–પર્વાધિરાજ શ્રી પર્યુષણાપર્વની આરાધના શાંતિપૂર્વક સારી રીતે થયેલ છે. ત્રણ વરઘોડા અને બે સંઘ જમણ અને એક નવકારશી થયેલ. પાઠશાળાના માસ્તર શ્રી એન. બી. શાહ અત્રે ધાર્મિક ઉત્સાહ વધારે છે.

**નવકાર મંત્રની પ્રભાવના**–અંજાર (કચ્છ) ખાતે એક બ્હેનને ૧૦ વર્ષથી ગળામાં ગાંઠ હતી. દિન–પ્રતિદિન ગાંઠ વધતી જતી હતી, ને વધતાં વધતાં ગળામાં નાળીયેરના ગોળા જેટલી થઇ ગઇ હતી. આ બ્હેનને ધર્મપ્રત્યે સારી શ્રદ્ધા હતી. દરરોજ તેઓ નવકારમંત્રનું સ્મરણ કરે. નવસ્મરણ ગણે અને પ્રભુજીની પ્રતિમાજીનું સ્નાત્રજળ તે સ્થળે લગાડે. આમ કરતાં તે બ્હેનને આજે નવમહિના થયા ગળામાં દશ વરસથી રહેલી, ને નારીયેળીના ગોળા જેટલી ગાંઠ તદ્દન ગળી ગઇ છે. અને આજે તે ગાંઠ રહી નથી. ખરેખર ધર્મપ્રત્યેની શ્રદ્ધા તથા નવકારમંત્ર, નવસ્મરણ અને પ્રભુજીના સ્નાત્રજલનો અદ્ભુત ચમત્કાર સર્વ કોઇને આશ્ચર્ય ચકિત કરે છે. આ બેનનુ નામ છે, વિજયાબેન હંસરાજ તેજપાલ તેમની ઉમર ૨૫–૨૬ વર્ષની છે. ધર્મપ્રત્યે તથા પ્રભુભકિત પ્રત્યેની પ્રવૃતિ સંસારમાં સર્વ કોઇના દુઃખ, સંતાપ તથા રોગ–શોક હરે છે, તેનું આ આદર્શ ઉદાહરણ છે.

**સ્વર્ગારોહણ તિથિની ઉજવણી**–પાલણપુર ખાતે પૂ. પાદ આચાર્ય મહારાજ શ્રી વિજય કેસરસૂરીશ્વરજી મહારાજશ્રીની સ્વર્ગારોહણતિથી ભવ્ય સમારોહ પૂર્વક ઉજવણી થઇ હતી. વ્યાખ્યાન, સભા, પૂજા આદિ ભરચક કાર્યક્રમ રહ્યો હતો. સારી સંખ્યામાં લોકોએ લાભ લીધો હતો.



**ચાણસ્મા**–પૂ. મુ. શ્રી દોલતવિજયજી મ. ની નિશ્રામાં પર્યુષણાપર્વની આરાધના સુંદર રીતે થઇ હતી. તપશ્ચર્યા પણ સારી થયેલ. સંઘમાં ઉત્સાહ ઘણો જ હતો.

**બજાણા**–મુનિ મહારાજ શ્રી નરેન્દ્રવિજયજીએ પર્યુષણાપર્વમાં અઠ્ઠાઈનો તપ કરી કલ્પસૂત્ર તથા બારસાસૂત્ર સારી રીતે વાંચેલ હતું. તપશ્ચર્યાઓ સારા પ્રમાણમાં થયેલ.

**દાંતરાઇ**–પૂ. પં. શ્રી મલયવિજયજી મ. ની નિશ્રામાં પર્યુષણાપર્વમાં ધાર્મિક કાર્યો સારા થયા છે. તપશ્ચર્યા સારી થયેલ. ઉપજ પણ સારી થયેલ છે. સંઘમાં સારો ઉત્સાહ છે.

**મંડાર**–પૂ. આ. દેવ શ્રીમાન વિજય રામસૂરીશ્વરજી મ. આદિ ઠાણા ૮ની શુભ નિશ્રામાં પર્યુષણ પર્વની સુંદર આરાધના થયેલ. તપશ્ચર્યા સારી થયેલ છે.

**મોટાખુંટવડા**–પર્યુષણાપર્વ નીમિત્તે આઠ દિવસ પૂજા, ભાવના, આંગી તથા વ્યાખ્યાન થયેલ. તપશ્ચર્યા પણ સારા પ્રમાણમાં થયેલ.

**ભવરાની**–પૂ. મુ. શ્રી લક્ષ્મીવિજયજી મ. આદિ ઠાણાની નિશ્રામાં પર્યુષણાપર્વ આનંદથી ઉજવાયેલ છે. જૈન તેમજ જૈનેતરોમાં સારો ઉત્સાહ હતો. તપશ્ચર્યા સારી થયેલ છે. દેવદ્રવ્ય તથા સાધારણ ખાતાઓમાં સારી વૃદ્ધિ થવા પામી છે.

**મુંબઇ**–શાંતિનાથજી જૈન ઉપાશ્રયમાં બિરાજતા ગણિવર્ય શ્રી દર્શનસાગરજી મ. ની નિશ્રામાં પર્યુષણા પર્વની આરાધના ઘણા ઉત્સાહથી થવા પામેલ છે. દેવદ્રવ્ય, જ્ઞાન તથા સાધારણ દ્રવ્યમાં ~~સારો એવો~~ વધારો થયેલ છે. તપશ્ચર્યાઓ સારી થયેલ છે. સંઘે અપૂર્વ ઉત્સાહથી પર્વારાધન કરેલું હતું.

**ભીલવાડા**–પર્યુષણાપર્વની આરાધના ઘણા જ ઉત્સાહથી થયેલ છે. તપશ્ચર્યા સારી થઈ છે. પૂજા, પ્રભાવના સારા થયેલ છે. આ બાજુ પૂ. સાધુ મ. સા. ના વિહારની ખાસ જરૂર છે.

**આરાધના નિમિત્તે મહોત્સવ** : અંજાર ખાતે પૂ. પં. મ. શ્રી કનકવિજયજી ગણિવરશ્રીની શુભ નિશ્રામાં ભાદરવા સુદિ ૧૩થી ભવ્યસમારોહ પૂર્વક અઠ્ઠાઇ મહોત્સવ ઉજવાયેલ. પર્વાધિરાજ શ્રી પર્યુષણાપર્વની આરાધનાના નિમિત્તે તદુપરાંત મુંબઇ ખાતે તાજેતરમાં કાળધર્મ પામેલ પૂ. આ. મ. શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ, પીંડવાડા ખાતે તાજેતરમાં કાળધર્મ પામેલ પૂ. મ. શ્રી પદ્મ-વિજયજી ગણિવર, તેઓશ્રીની નિર્મલ આરાધનાને શ્રદ્ધાંજલિ આપવા અને શ્રી ભગવતીસૂત્રનો પ્રથમ શતક પૂર્ણ થયેલ તે પ્રસંગે આ મહોત્સવનું આયોજન થયેલ. ૧૩ના વોરા ભગવાનજી માવજી તરફથી, ૧૪ના સંઘવી આશકરણ સાકરચંદ તરફથી, ૧૫ના મહેતા દેવશી નથુભાઈ તરફથી વદિ ૧ના પીંડોર કેશવલાલ લાલચંદ તરફથી વ. ૨ ના વોરા વિકમશી લવજીભાઈ તરફથી ૩ ના નાનચંદ લધાભાઈ તરફથી ને ૪ ના સંઘવી પ્રેમચંદ પાશવીર તરફથી પૂજા પ્રભાવના તથા ભાવ આંગીઓ ને રોશની થતી હતી. છેલ્લે દિવસે સંઘવી પદમશી પ્રાગજી તરફથી નવાણું અભિષેકની મહાપૂજા ઠાઠથી ભણાવાઇ હતી. હતી. મહાપૂજા આ શહેરમાં પહેલ-વહેલી ભણાવાતી હોવાથી લોકોમાં ઉત્સાહ અપૂર્વ હતો. છેવટે તેમના તરફથી પેંડાની પ્રભાવના થયેલી. પૂજા તથા ભાવનાઓમા સેવાભાવી સંગીતકાર મુલચંદભાઇ વોરા તથા સેવાભાવી સંગીતકાર શીવલાલ શાહ વકિલ પ્રભુ ભક્તિનો રંગ જમાવતા હતા. મહોત્સવ અદ્દભુત રીતે ઉજવાઈ ગયો ને સંઘમાં સર્વ કોઇનો ઉત્સાહ અમાપ હતો.

## પ્રતિમા જોઇએ છે.

અમારા ગામમાં નવું દેરાસર થયું છે. તેમાં બીરાજમાન કરવા માટે ૨૧ થી ૨૫ ઈંચ સુધીના પ્રાચીન **શ્રી નેમનાથ ભગવાનની** પ્રતિમાની જરૂર છે. તે માટે લખો:

**શ્રી પંચ મહાજન જૈન સંઘ સમસ્ત**
પોસ્ટ : બાગરા મુ. ડુડસી (રાજસ્થાન)

**થરાદ**–અત્રે પર્યુષણાપર્વ સારી રીતે ઉજવાયેલ છે. પૂ. સા. શ્રી મુકતાશ્રીજી મ. ની પ્રેરણાથી લોકો સારો લાભ ઉઠાવે છે. જૈનેતરોએ ૩૫ ઉપવાસ કરેલ ૧૦૮ અઠ્ઠાઈઓ થયેલ. સારી આરાધના થયેલ છે. આઠે દિવસ નમસ્કાર મહામંત્રનો અખંડ જાપ રાખવામાં આવેલ.

**સિકન્દ્રાબાદ**-પર્યુષણાપર્વ સુખ શાંતિપૂર્વક થયા છે. આઠે દિવસ પૂજા, વ્યાખ્યાન, ભાવના, આંગી વિ. થયા છે સમયાનુસાર તપ થયેલ.

**દેશુરી**– પૂ. પં. શ્રી મોતિવિજયજી મ. ની નિશ્રામાં પર્યુષણાપર્વ ખુબ જ સારી રીતે ઉજવાયેલ છે. તપશ્ચર્યા પણ સારા પ્રમાણમાં થવા પામેલ.

**ભેટ આપવા ઇચ્છા હશે તેઓને**–નવકાર મંત્રનો પ્રચાર કરવાં તેનો બ્લોક બનાવેલ છે, બ્લોકમાંથી છાપેલ કોપીઓ જે કોઇને ભેટ આપવા ઈચ્છા હશે તેઓને યોગ્ય મૂલ્યે છપાવી આપવા વ્યવસ્થા થશે, તે માટે આ સીરનામે પત્રવ્યવહાર કરો શ્રી રમણલાલ ભોગીલાલ પરીખ કે. અલીંગ મુ. ખંભાત [ગુજરાત]

**સમી**–પૂ. સા. શ્રી મંજુલાશ્રીજી આદિ ઠાણા ૪ની નિશ્રામાં સ્વસ્તિક તપ, અષ્ટમહાસિદ્ધિતપ, મોક્ષનો ડંડો તપ, કેવલવ્રત તથા છપ્પન દિગ્કુમારીકા સહીત સ્નાત્ર મહોત્સવની ઉજવણી થયેલ. પર્યુષણા પર્વ દરમ્યાન સારી તપશ્ચર્યાઓ થયેલ. ધર્મ જાગૃતિ ખુબ જ થયેલ છે.

**વડોદરા**–પૂ. તપસ્વી નિરંજનવિજયજી મ. આદિ ઠાણાની નિશ્રામાં પર્યુષણાપર્વ ખુબ જ શાંતિથી અને સારી રીતે ઉજવાયેલ. શાંતિસ્નાત્ર ભણાવવામાં આવેલ શાંતિસ્નાત્ર વિધિ પૂરી થયા બાદ દેરાસરના ગભારામાં તથા ભગવાનોની પલાઠીમાંથી અમીઝરણા છૂટતાં લોકોના મોટા પ્રમાણમાં દેરાસરમાં ધસારો થયેલ. પૂ. નિરંજન વિ. મ. ને ૯૨મી વર્ધમાન તપની ઓળી ચાલે છે. અને ૧૬ ઉપવાસ કરેલ. સંઘમાં આનંદ પ્રસરેલ છે.

**અમદાવાદ**–શ્રી ભીખાભાઈ અંબાલાલ શાહ ખંભાતવાલા તરફથી અઠ્ઠાઇ તેમજ ઉપરની તપસ્યાવાળાઓને ભા. શુ. ૫ના રોજ પારણાં કરાવવામાં આવેલ. તપસ્વીઓની સંખ્યા ૪૦૦ થયેલ. તપસ્વીઓ માટે વાહનની સગવડ રાખવામાં આવેલ. તેમજ રૂપિયો અને શ્રીફળની પ્રભાવના કરવામાં આવેલ.

**જીયાગંજ**–પૂ. પા. ઉ. શ્રી કૈલાસસાગર મ. ના શિષ્ય પૂ. મુ. શ્રી ભદ્રસાગરજી મ. આદિ ઠાણાની નિશ્રામાં પર્વાધિરાજની આરાધના રૂડી થવા પામેલ. રતલામ નિવાસી રાજીબેને માસખમણ, સા. શ્રી કીર્તિપ્રભાશ્રીજી મ. ૧૬ ઉપવાસ કરેલ. તપસ્યાઓ સારી થયેલ છે. બાબુશ્રીપતસિંહજી તરફથી સાધર્મિક વાત્સલ્ય થયેલ. આરાધના સારા પ્રમાણમાં થયેલ હતી.

**સાણંદ**–પૂ. મુ. શ્રી હિમાંશુવિજયજી મ. ની નિશ્રામાં સારી આરાધના થયેલ. પૂ. મુ. શ્રી ચંદનવિજયજી મ. ને ૩૨ ઉપવાસની તપશ્ચર્યાઓ થયેલ. તથા અ. સૌ. કમળાબહેને માસખમણ કરેલ. આ ઉપરાંત ઘણી સારી તપશ્ચર્યા તથા આરાધના થયેલ.

**મહેમદપુર**–પર્યુષણાપર્વની આરાધના ઉત્સાહપૂર્વક થયેલ. રોજ પૂજા, ભાવના તથા આંગીઓ કરવામાં આવેલ. એક લુહાર ભાઇ તથા હરિજન ભાઈએ અઠ્ઠાઇ કરેલ. ધર્મ પ્રવૃત્તિઓ સારી રીતે થાય છે. તપસ્વીઓનું બહુમાન કરવામાં આવેલ.

**ખરઠ**–પૂ. મુ. શ્રી માનતુંગવિજયજી મ. ના ધર્મોપદેશથી અનેકવિધ શુભ પ્રવૃત્તિઓથી માંસ, દારૂ આદિ વ્યસનોના અનેક અભિગ્રહો જૈન–જૈનેતરમાં થવા પામેલ છે. પર્યુષણા પર્વમાં ભવ્ય આરાધના થયેલ.

**પાલીતાણા**–યશોવિજયજી જૈન ગુરુકુળના વિદ્યાર્થીઓએ સારા પ્રમાણમાં તપશ્ચર્યાઓ કરેલ છે. ૧૧ (અગીયાર) ઉપવાસથી અઠમ સુધીની તપશ્ચર્યાઓ થવા પામેલ છે. સંસ્થા તરફથી ધાર્મિક શિક્ષણ અપાય છે.

**સાવરકુંડલા**–પૂ. મુ. શ્રી ભુવનવિજયજી મ. ની નિશ્રામાં પર્યુષણાપર્વની આરાધના અપૂર્વ ઉત્સાહથી નિર્વિઘ્ને થયેલ છે. ૧ માસખમણ, બેસોળ ભથ્થા વિ. થઇને કુલ ૧૦૪ની સંખ્યામાં તપશ્ચર્યા થયેલ હતી.

તપશ્ચર્યા નિમિત્તે અઠાઇ મહોત્સવ તથા અષ્ટોત્તરી શાંતિસ્નાત્ર ઉજવવા લગભગ રૂા. ૬૦૦૦)નો ફાળો થયેલ છે. ત્રણ નવકારશી તથા સંઘ જમણ થયેલ. પૂ. મ. શ્રીના વ્યાખ્યાનનો જૈન-જૈનેતરવર્ગ સારા પ્રમાણમાં લાભ લ્યે છે.

રાજપુર-અત્રે પૂ. મુ. શ્રી ચંદ્રસેનવિજયજી મ. આઠ દિવસ માટે નવાડીસાથી પધારતાં ખૂબ જ સારી રીતે પર્યુષણપર્વની ઉજવણી થયેલ. ઝેમાળના ઠાકોર શ્રી તલાજી ભેમાજીએ અઠાઈ કરેલ. આઠે દિવસ પૂજા, પ્રભુજીને અંગરચના વ. કરવામાં આવેલ.

મુંજપુર-પૂ. મુ. શ્રી માણેકવિજયજી મ. ની નિશ્રામાં પર્યુષણાપર્વ દરમ્યાન તપશ્ચર્યા વિ. ભવ્ય રીતે થયેલ છે. અઠ્ઠાઇ વિ. સારા થયેલ. સંઘમાં ખુબજ ઉત્સાહ અને આનંદ વ્યાપ્યો છે. અપૂર્વ ઉત્સાહથી પર્વ પૂરૂં થયેલ છે.

ભુજ (કચ્છ) અત્રે ચતુર્માસાર્થે બિરાજતાં પૂ. મુ. સુબોધવિજયજી મ. તથા પૂ. મુ. ધુરંધરવિજયજી મ. ની શુભનિશ્રામાં ચાતુર્માસ દરમ્યાન ધર્મ પ્રભાવના સારા થવા પામેલ છે. અષાઢ શુદી ૧૪ થી વ્યાખ્યાનમાં ઉપદેશપ્રાસાદ તથા ભાવનાધિકારે ચિત્રસેન પદ્માવતી ચરિત્ર વંચાતા જનતા સારો લાભ લેતી હતી. દેવવંદન, પૌષધ તથા પ્રતિક્રમણમાં સારી સંખ્યા થતી હતી. પર્વતીથીએ બાળકો પૌષધ કરતા અને અવારનાર પ્રભાવના કરવામાં આવતી હતી. પર્યુષણા દરમ્યાન પૌષધો સારા પ્રમાણમાં થયા હતા. આઠે દિવસ ભાવના, આંગી વિ. ખૂબ જ સારા થયા હતાં. પર્વના દિવસોમાં ઘીની ઉપજ પણ સારી થયેલ, તેમજ દેવદ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય તથા સાધારણ ખાતામાં સારી ઉપજ થયેલ છે. કલ્પસૂત્ર તથા ચૈત્ય પરિપાટીનો વરઘોડો ધામધૂમથી નીકળ્યો હતો. તપ, જપ તથા ધાર્મિક ક્રિયાઓ સમયાનુસાર થયા હતાં. ત્રણેય ગચ્છના ભાઇ-બહેનોને વસા ચીમનલાલ માણેકચંદ, ઝવેરી બાબુલાલ થાવર તથા પ્રાણજીવન સાકરચંદ મહેતા, ત્રણે સાથે મળીને પિત્તળના વાટકાની લ્હાણી કરેલ હતી. દરરોજ નિયમિત સામયિક કરનાર બાળકોને અત્રેના ભાઇઓ તરફથી ખેસનું ઇનામ આપવામા આવેલ હતું. તેમજ અન્ય ભાઇઓ તરફથી પિત્તળની રકાબી, કાચના કપરકાબી, પિત્તળના પ્યાલા તથા કાચનો ગ્લાસ આપવામાં આવેલ.

જાવાલ-પૂ. તપસ્વી શ્રી સંજયવિજયજી મ. ની નિશ્રામાં પર્યુષણ મહાપર્વની આરાધના બહુ આનંદ અને ઉત્સાહથી થયેલ છે.

ઝીંઝુવાડા-પૂ. મુ. શ્રી જયવિજયજી મ. આદિ અત્રે ચાતુર્માસ બિરાજે છે. આરાધના સારી થયેલ છે. ભવઆલોયણાની ક્રિયા લગભગ ૨૫૦ ભાઇ બહેનોએ કરેલ. તેજ દિવસે ૨૦૦ આયંબીલ થયા હતા. પર્યુષણા દરમ્યાન તપશ્ચર્યા સારી થયેલ. ૬ નવકારશી થયેલ છે. આયંબિલ ખાતા તથા બીજી ઉપજ થઇને લગભગ રૂા. ૧૦,૦૦૦ નો સદ્વ્યય ધાર્મિક પ્રવૃત્તિમાં થયેલ છે.

ફુદર : (સા. કા.) અત્રે ઘણા સમય બાદ પૂ. મુ. શ્રી ચાતુર્માસ માટે બિરાજતાં પર્યુષણાપર્વની આરાધના ઉલ્લાસથી થયેલ. પૂજા, પ્રભાવના સારી થયેલ છે. નાનું ગામ હોવા છતાં, તપશ્ચર્યા સારા પ્રમાણમાં થયેલ.

વલાદ : પૂ. આ. શ્રીમદ્ વિજયકુમુદસૂરિજી મ. તથા પૂ. ઉપા. મ. શ્રીની અધ્યક્ષતામાં પર્યુષણા પર્વમાં પૂજા, ભાવના, તપ, જપ, સાધર્મિક વાત્સલ્ય ખૂબજ ઉલ્લાસથી થયેલ છે. મુનિરાજ શ્રી હેમવિજયજીએ અઠ્ઠાઇ કરેલ. શાસન પ્રભાવના સારી થવા પામેલ છે.

ખીરકીઆ : (મ. પ્ર.) પર્યુષણાપર્વની આરાધના સારી થયેલ. સુપન વિ.નું ઘી સારા પ્રમાણમાં બોલાયેલ. આઠે દિવસ, પૂજા આંગી, તથા ભાવના રાખવામાં આવેલ.

અમદાવાદ : ડહેલાના ઉપાશ્રયે પૂ. પં. શ્રી જયંતવિજયજી મ ગણિવરની નિશ્રામાં પર્યુષણ પર્વ ભવ્ય રીતે થયેલ. દરરોજ વ્યાખ્યાનમાં શ્રોતાઓની હાજરી સારી રહેતી હતી. બાલમુનિ શ્રી વિમલભદ્રવિજયજીએ કરેલ ૨૧ ઉપવાસની તપશ્ચર્યા સૌનું ખાસ ધ્યાન ખેંચતી હતી. પૂ. પં. શ્રી રવિવિજયજી મ.ના કાળધર્મ અંગે એક ભવ્ય મહોત્સવ ઉજવાશે.

છોટાઉદેપુર : પૂ. સા. શ્રી રત્નપ્રભાશ્રીજી આદિ ઠાણાની નિશ્રામાં આરાધના સારા પ્રમાણમાં થવા

પામેલ છે. પર્યુષણપર્વમાં તપ, જપ, પૂજા, ભાવના સારા થયેલ. સાધ્વી શ્રી રક્ષાશ્રીજી મ. અઠ્ઠાઇ કરેલ. ભા. શુ. ૫ના રોજ ધામધૂમથી વરઘોડો કાઢવામાં આવેલ. જૈન જૈનેતરમાં ઉત્સાહ સારો છે.

**અદ્દભુત તપસ્યા :** બેંગલોર સીટી: પૂ. આ. શ્રી પૂર્ણાનંદસૂરી મ.ની અધ્યક્ષતામાં શ્રી બાગમલ મુકનચંદ જૈને ૪૫ ઉપવાસ કરેલ છે. તેઓ ઉપવાસ દરમ્યાન બધી ક્રિયાઓ રૂડી રીતે કરતાં. મૈસુર રાજ્યના મુખ્ય મંત્રી દ્વારા ભવ્ય સ્વાગત તથા સંઘ તરફથી માનપત્ર આપવામાં આવેલ.

**વઢવાણ શહેર :** પૂ. સા. શ્રી પદ્મલત્તાશ્રીજી તથા સા. શ્રી મયણાશ્રીજીની મ. આદિ ઠાણાની નિશ્રામાં ઢાળિયાવ્રત તપ કરાવેલ તેમાં લગભગ ૭૦ જેટલી બહેનોએ ભાગ લીધેલ. પર્યુષણપર્વની આરાધના સારી થયેલ છે. તપશ્ચર્યા પણ સારી થવા પામેલ.


**દેશુરી :** પૂ. મુ. શ્રી રોહિતવિજયજી મહારાજ આદિ ઠાણાની નિશ્રામાં તપશ્ચર્યા સારી થયેલ છે. વૃદ્ધથી માંડીને નાના ૮ વર્ષના બાળકોએ પણ તપસ્યા કરેલ છે.

**બિજાપુર :** પર્યુષણાપર્વની આરાધના અનેરા ઉલ્લાસથી કરવામાં આવેલ. દરરોજ, આંગી, પૂજા, ભાવના, વ્યાખ્યાન વિ. ધાર્મિક પ્રવૃત્તિઓમાં ખૂબજ રસ લેવાયેલ. તપશ્ચર્યા પણ ઠીક થયેલ છે.

**લાતુર :** પર્યુષણા પર્વની આરાધના સુંદર રીતે થયેલ. મહેસાણાથી આવેલ શ્રી વસંતલાલભાઇ તથા ઇશ્વરલાલભાઇએ આરાધના કરાવેલ. નાના બાળકોએ સંવાદ સુંદર રીતે ભજવેલ. આ બાજુ સાધુ ભગવંતો વિચરે તો ધર્મની ભાવના વિશેષ જાગૃત થાય.

**આર્વિ** (વર્ધા) ઇન્દોરથી માસ્તર સેવંતિલાલ પ્રતાપચંદ સંઘની લાગણીને માન આપીને આવેલ.


કાર્યક્ષેત્ર
**વર્ધમાન બોડેલી આશ્રમ, બોડેલી**
(વાયા વડોદરા)



**બોડેલી જિનાલય**
મૂળનાયક શાસનપતિ શ્રી મહાવીરસ્વામી ભગવાન
જેનું કામ અધૂરું છે. મદદની જરૂર છે.
મદદ મોકલવાનું ઠેકાણું :
**શેઠ વાડીલાલ રાઘવજી**
૬૧ તાંબાકાંટા મુંબઇ-૩

## પરમાર ક્ષત્રીય જૈનધર્મ પ્રચારક સભા

૪૫૭ સરદાર વલ્લભભાઇ પટેલ રોડ બીજે માળે, મુંબઈ-૪

**બોડેલી તીર્થની યાત્રાએ જરૂર પધારો, ધર્મશાળા ભોજનશાળાની સગવડ છે.**

બોડેલી તથા તેની આસપાસ પરમાર ક્ષત્રીયો આશરે ૮૦૦૦ માણસો જૈનધર્મ, અહિંસા ધર્મ પાળે છે. બીજા હજારો આકર્ષાવા છે, જે ધીમે ધીમે જેમ જેમ જ્ઞાન અને દર્શનનાં સાધનો અપાય છે, તેમ તેમ જોડાય છે. આ પ્રચાર પાઠશાળાઓ દ્વારા થાય છે. આસપાસનાં ગામોમાં ૯ પાઠશાળાઓ ચલાવાય છે, બીજી ૨૦ પાઠશાળાઓની જરૂર છે.

બોડેલીમાં વર્ધમાન બોડેલી આશ્રમ છે. તેમાં વિદ્યાર્થીઓને ખાવાપીવા ભણવાની વ્યવસ્થા છે. આ ક્ષેત્રના જિનાલયને, પાઠશાળા-આશ્રમને આંબીલશાળા, ધર્મશાળા ભોજનશાળા અને સાધારણ ખાતાને જેટલી બને તેટલી વધુ મદદ આપી ધર્મપ્રચાર તથા ધર્મપ્રભાવનાના કાર્યને મદદ કરો.

**બોડેલી સ્ટેશન**
મિંયાગામથી વિશ્વામિત્રીથી વડોદરાના પ્રતાપનગર સ્ટેશનથી ટ્રેઇનો જાય છે.
વડોદરાથી બે વખત એસ. ટી.ની બસો જાય છે.

લિ૦
જેઠાલાલ લક્ષ્મીચંદ શાહ
ઇશ્વરલાલ કસ્તુરચંદ સાળવી
માનદ-મંત્રીઓ

## પ. પૂ. આચાર્યદેવ શ્રી વિજયધર્મ-સૂરીશ્વરજી મહારાજના અધ્યક્ષપદે મુંબઈમાં જૈન સાધકોનું અપૂર્વ બહુમાન

મુંબઈ—ગોડીજી ઉપાશ્રય તા. ૯—ઓકટોમ્બર.

'દરેક માણસે પોતાનાં પાપ પુણ્ય દર્શાવતો ચોપડા રાખવાની જરૂર છે, જેથી એ ચોપડામાં જોઇ મનુષ્ય આત્મ-નિરીક્ષણ કરી શકશે. મનુષ્ય આત્મ-નિરીક્ષણ કરી પોતાના જીવનમાં પ્રવેશેલાં અધમ તત્ત્વોને દૂર કરવાનો પ્રયત્ન કરે તો તે જલ્દી મોક્ષ પ્રાપ્તિ કરી શકે છે.' નિવૃત્ત રાજ્યપાલ શ્રી મંગળદાસ પકવાસાએ શ્રી સાધના સન્માન સમિતિ તરફથી શ્રી ગોડીજી ઉપાશ્રય, પાયધુની ખાતે જૈનસમાજના એક ઉચ્ચ કોટિના સાધક અને તત્ત્વચિંતક શ્રી ઋષભદાસ જૈન અને સુપ્રસિદ્ધ આધ્યાત્મિક નવલકથાકાર શ્રી મોહનલાલ ચુનીલાલ ધામીના કરવામાં આવેલા સન્માન પ્રસંગે ઉપરોક્ત ઉદ્‌ગારો કાઢયા હતાં.

ભારતના ઉપરાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણન, મહારાષ્ટ્રના રાજ્યપાલ શ્રી શ્રીપ્રકાશ, ગુજરાતના રાજ્યપાલ શ્રી મેહંદીનવાબ જંગ તેમજ અન્ય આગેવાન વ્યક્તિઓ તરફથી સન્માન-સમારોહની સફળતા ઇચ્છતા સંદેશાઓ આવ્યા હતાં.

પ્રારંભમાં શ્રી સાધના સન્માન સમિતિના પ્રમુખ શ્રી માણેકલાલ ચુનીલાલે આવકાર-પ્રવચન કર્યું હતું અને ત્યારબાદ સર્વશ્રી અમૃતલાલ કે. દોશી મગનલાલ પી. દોશી ચીમનલાલ ચકુભાઇ શાહ ચંદુલાલ વર્ધમાન શાહ તેમજ પૂ. પં. વિક્રમવિજયજી, મુનિરાજ ચિત્રભાનુ અને કુ. છાયા કે. શાહના શ્રી ઋષભદાસજી જૈન અને શ્રી મોહનલાલ ધામીને અભિનંદન આપતાં ભાષણો થયાં હતાં.

ત્યારબાદ શ્રીયુત મંગળદાસ પકવાસાએ બંને સન્માનનીય વ્યક્તિઓને સુંદર ફ્રેમમાં મઢેલાં માન-પત્ર તેમજ અન્ય ભેટ એનાયત કર્યાં હતાં. શ્રી ઋષભદાસજી જૈને તેમજ શ્રી મોહનલાલ ધામીએ પોતાના કરવામાં આવેલા સન્માનનો જવાબ વાળતાં જણાવ્યું હતું કે, "અમો હજુ સન્માનને યોગ્ય થયા નથી. અમારો પંથ ઘણો લાંબો છે. આ માર્ગ પર પ્રયાણ કરવામાં આપના સૌના આશીર્વાદ પ્રાપ્ત થાય તે માટેજ અમો અહીં ઉપસ્થિત થયા છીએ."

સન્માન-સમારોહના અતિથિ-વિશેષ તરીકે પધારેલા શ્રીયુત મંગળદાસ પકવાસાએ બંને સન્માનનીય વ્યક્તિઓને અભિનંદન આપ્યા હતા અને સમાજને અપીલ કરી હતી કે, "આપણા સમાજમાં ઘણા નર-રત્નો પડયા છે, સમાજે તેઓનો પરિચય સમાજના લોકોને કરાવવો જોઇએ અને તેઓના કાર્યને પ્રોત્સાહન આપવું જોઈએ."

સન્માન-સમારોહના અધ્યક્ષસ્થાનેથી વિદ્વાન જૈનાચાર્ય વિજય ધર્મસૂરીશ્વરજી મહારાજે આજના સમારોહનું મહત્ત્વ સમજાવી સાધક-સાધ્ય અને સાધનનું પૃથ્થકરણ કરી શુભાશીર્વાદ આપ્યા હતાં. સમારંભમાં અનેક પ્રતિષ્ઠિત આગેવાનો તેમજ વિશાળ જન-સમુદાયની હાજરી શોભાસ્પદ હતી. સમારંભને યશસ્વી બનાવવા મુનિરાજ યશોવિજયજી તેમજ મુનિરાજ શ્રી સૂર્યોદયવિજયજીનો ફાળો પ્રશંસનીય હતો.

**મોટીવાવડી**-પર્વાધિરાજની આરાધના માટે નોંઘણવદરથી પૂ. મુ. શ્રી. માનતુંગવિજયજી ગણિના બે શિષ્ય રત્નો અત્રે સંઘની વિનંતીથી પધારતા નાના એવા ગામમાં ધર્મનો સારો પ્રચાર થવા પામેલ છે. નાની મોટી તપશ્ચર્યા પણ સારી થયેલ. સાધર્મિક વાત્સલ્ય, પૂજા, આંગી વિ. સારા થયેલ.


દહેરાસરો માટે સ્પેશીયલ સુવાસિત

**દિવ્ય અગરબત્તી**

તથા

**કાશ્મીરી અગરબત્તી**

પવિત્ર અને સુંદર વાતાવરણ સર્જે છે.

— નમુના માટે લખો —

**ધી નડીયાદ અગરબત્તી વર્કસ**

ઠે. સ્ટેશન રોડ, નડીયાદ (ગુજરાત)